# સમજણની સુવાસ

ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૮૧

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ. ॥

॥ બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ. ॥

॥ કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ. ॥

॥ અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ. ॥



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું
સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના
ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી ‘વચનામૃતમ્’ તથા ‘શિક્ષાપત્રી’માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# સમજણની સુવાસ

ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮૧

સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૩૮૦૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

● **પ્રકાશન સમિતિ** ●

*: પ્રેરક - માર્ગદર્શક:*

● **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ●

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆079-27682120

E-mail: info@shriswaminarayandivinemission.com

Website: www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક:***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

જીવનનાં ઉચ્ચતર મૂલ્યોને અર્જિત કરવાને માટે સમજણ અતિ આવશ્યક છે. સમજણપૂર્વક કરેલું કાર્ય એ નિશ્ચિત સફળતા અપાવે છે અને બરાબર સમજ્યા વગર કરેલું કાર્ય સિદ્ધ થતું નથી. ઉત્કૃષ્ટ સમજણ ધરાવતી વ્યક્તિઓને જ સમાજ સેવા એવં લોક કલ્યાણનાં કાર્યો કરવા નિયુક્ત કરવામાં આવે છે. એટલે જ કહેવાય છે કે 'સાચી સમજણ સુખી, શાંત અને સ્વસ્થ જીવન માટે અતિ આવશ્યક છે.'

એવી જ રીતે ધર્મ અને આધ્યાત્મિકતા જેવી અતિ સંવેદનશીલ બાબતોમાં પરિપક્વ સમજણ હોવી અનિવાર્ય છે. આવી અતિ સંવેદનશીલ બાબતોમાં સમજણના અભાવને લીધે ભયંકર પરિણામો જોવા મળે છે.

'સમજણની સુવાસ' નામના આ ગ્રંથમાં જુદા જુદા અનેકવિધ વિષયો જેવા કે આધુનિક વિજ્ઞાનથી લઈ સર્વોચ્ચ આધ્યાત્મિક જ્ઞાન જેવા વિષયોને ખૂબ તલસ્પર્શી છતાં સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે એ આ ગ્રંથની આગવી વિશિષ્ટતા છે.

આ 'સમજણની સુવાસ' ગ્રંથ બે ભાગમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા પ્રકાશિત કરતા ખૂબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા છે કે 'સમજણની સુવાસ' ગ્રંથ જીવનને વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનાવી

પ્રભુ પ્રસન્નતા મેળવવા તત્પર થયેલા જીવો માટે પથદર્શક બની રહે.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ અને બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ અને અનાદિમુક્તો તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથના પ્રકાશનમાં સહભાગી થનાર, ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રસાર અને પ્રચાર કરનાર સર્વે સત્સંગી-બિનસત્સંગી ભાઈ-બહેનો ઉપર ઊતરે એવી અંતરની અભ્યર્થના.

ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી **પ્રકાશન સમિતિ**
સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# સમજણની સુવાસ

ભાગ-૧

# ૧

વિચારને સર્વ કાર્યોનો રાજા કહેવામાં આવે છે, કારણ કે વિચાર દ્વારા જે ઊર્જા ઉત્પન્ન થાય છે તે જ આપણને કાર્ય કરવાનું બળ પૂરું પાડે છે. પરંતુ વિચાર બે પ્રકારના હોય છે. સકારાત્મક અને નકારાત્મક.

જેવો વિચાર એવી ઊર્જા અને જેવી ઊર્જા એવું કાર્ય! માટે આપણે શું વિચારીએ છીએ, કેવી રીતે વિચારીએ છીએ અને એની ફળશ્રુતિરૂપે કેવા કાર્ય થઈ રહ્યા છે તે અંગે સતર્ક રહેવું અત્યંત જરૂરી છે, કારણ કે આપણા વિચાર ઉપર જ આપણા આધ્યાત્મિક વિકાસનો આધાર છે.

ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય પરંતુ જો હૈયામાં હામ હોય, આપણી વિચારસરણી સકારાત્મક (Positive) હોય તો આપણે એમાંથી અવશ્ય બહાર આવી શકીએ છીએ. એની પાછળનું રહસ્ય એ છે કે સકારાત્મક વિચારનું મૂળ આપણી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસમાં સમાયેલું છે.

શિક્ષાપત્રીના ૩૬મા શ્લોકમાં શ્રીજીમહારાજ એમ કહે છે કે, વિચાર્યા વિના તત્કાળ કોઈ કામ ના કરવું. મોટે ભાગે લોકો રજોગુણ કે તમોગુણના આવેશમાં વિચાર્યા

વિના કાર્ય કરી નાખતા હોય છે ને પછી પેટ ભરીને પસ્તાય છે. ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવાનું એટલે કહ્યું છે કે એની પાછળ રહેલો સકારાત્મક વિચાર તે કાર્યમાં વિલંબ થવાથી ક્યારેક મનની ચંચળતાને કારણે મંદ પડી જઇ એ કાર્યને કાયમ માટે ખોળંભે પાડી નાખે છે.

શ્રીજીમહારાજે ગ.મ. ૬૨માં વચનામૃતમાં આપણને એ સુપેરે સમજાવ્યું છે કે આપણો આત્મવિચાર જ આપણને દેહ, ઈંદ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ અને પંચવિષય એ જે માયાનું ટોળું તેને આત્મા સાથે એક થવા દેતો નથી. જ્યારે એ જ્ઞાનવિચારને જીવ પામે છે ત્યારે તેની બાહ્યવૃત્તિ અંતરમુખ થઈ આત્મા સન્મુખ આવે છે.

તેથી જ કહ્યું છે કે, આપણો સકારાત્મક વિચાર જ આપણી મોક્ષ યાત્રામાં આપણો સાચો સાથીદાર છે, એ આત્મવિચાર જ આપણી આત્મનિષ્ઠાનો પાયો છે.

# ૨

એક સમર્થ ગુરુને પોતાના અનેક શિષ્યોમાંથી એક ગરીબ ને ભોળો શિષ્ય ખૂબ વ્હાલો હતો. એક દિવસ ગુરુએ કરુણાવશ પેલાં શિષ્યની દરિદ્રતા ટાળવા માટે તેને પારસનો પથ્થર આપતા કહ્યું જા, ઘરે જઈ તારી પાસે જે લોઢાના ટુકડા પડ્યા હોય તેને આ પથ્થર અડાડીશ એટલે તે સોનું થઈ જશે. પરિણામે તારું દારિદ્ર કાયમ માટે ટળી જશે.

શિષ્યે ઘેર જઈ ઘરમાં જેટલા લોખંડના ટુકડા હતા તેને પેલો પથ્થર અડાડ્યો, પણ સોનું બન્યું નહિ. તેણે ગુરુ પાસે પાછો આવી પેલો પારસ પરત આપતા કીધું ગુરુજી! આ પારસ નથી, સાદો પથ્થર છે એટલે મારું લોખંડ સોનું ન બન્યું.

ગુરુ સમજી ગયા કે સમસ્યા પારસમાં નહિ પણ લોખંડના ટુકડાઓમાં છે. તેમણે શિષ્ય પાસે તેના ઘરેથી એ ટુકડા મંગાવીને જોયા તો ખબર પડી કે એના ઉપર કાટના થર જામી ગયા હતા, પછી એ સોનું કેવી રીતે બને?

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે આપણને ભગવાન અને મોટા મુક્તોની અકારણ કૃપારૂપી પારસમણિ તો મળી ગયો છે, પણ આપણો દેહભાવરૂપી કાટ એ પારસને આપણા

આત્મા સુધી પહોંચવા નથી દેતો, માટે આપણો આત્મા પુરુષોત્તમરૂપ થતો નથી.

જ્યારે આત્મા અને પરમાત્મા વચ્ચેથી દેહભાવનો પડદો દૂર થાય છે ત્યારે જ આત્મભાવનું મુક્તભાવમાં રૂપાંતર થાય છે.

# 3

પ્રશ્નઃ આત્માનુભૂતિ એટલે શું?

આત્માનુભૂતિ એટલે પોતાના આત્મતત્ત્વની સાક્ષાત્ અનુભૂતિ! એ મિત્રએ વળી પૂછ્યું તો શું અત્યારે આપણે જીવનમાં જે કાંઈ અનુભવી રહ્યા છીએ તે આત્માનુભૂતિ નથી?

એનો સ્પષ્ટ ઉત્તર એ છે ના, અત્યારે જાગ્રત અવસ્થામાં જે અનુભવી રહ્યા છીએ તે આપણા સ્થૂળ શરીર ને જાગ્રત મનનો અનુભવ છે, રાત્રે નિદ્રા દરમ્યાન સ્વપ્ન કે સુષુપ્ત અવસ્થામાં જે અનુભવ થાય છે તે અનુક્રમે આપણા સૂક્ષ્મ તેમ જ કારણ શરીરનો અનુભવ છે. સમજવાનું એ છે કે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ શરીર ભલે આપણા હોય, પણ તે આપણે તો નથી જ!

તો પછી આપણે કોણ છીએ? આપણે આ ત્રણેય શરીરના શરીરી અને એની ત્રણેય અવસ્થાઓના દ્રષ્ટા ને સાક્ષી (Witness) એવા આત્મા છીએ. આત્મા જ્યાં સુધી ઉપરોક્ત ત્રણેય માયિક શરીરથી આવરણબદ્ધ છે ત્યાં સુધી તે (embodied soul) જીવ તરીકે ઓળખાય છે.

જીવની સચોટ વ્યાખ્યા શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના

શ્લોક-૧૦૫માં આપી છે જે જીવ છે તે હૃદયને વિશે રહ્યો છે ને અણું સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિ દ્વારા નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે.

જીવની જે જ્ઞાનશક્તિ છે કે જેના દ્વારા એ સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે તેને આધુનિક વિજ્ઞાન ચેતના (Consciousness) કહે છે. ચેતના આપણા ત્રણેય શરીરમાં બે માધ્યમ દ્વારા કાર્યરત રહે છે એક મન અને બીજું પ્રાણ. મન વિચારો દ્વારા વ્યક્ત થાય છે અને પ્રાણ ઊર્જા (Vital force) દ્વારા અભિવ્યક્ત થાય છે.

# ૪

પ્રશ્નઃ આત્માનુભૂતિમાં આ ઊર્જાની ભૂમિકા શું હોય છે?

કોઈ પણ આધ્યાત્મિક અનુભવમાં મુખ્ય ભૂમિકા ઊર્જાની જ હોય છે, એને આપણે આપણી સાંપ્રદાયિક પરિભાષામાં અલગ અલગ નામે ઓળખીએ છીએ, જેમ કે ઉપાસનાનું બળ, પરમાત્માની કૃપા, મોટા મુક્તોના આશીર્વાદ, ગુરુકૃપા વગેરે..

આધુનિક આધ્યાત્મિક વિજ્ઞાને એવું સંશોધન કર્યું છે કે સામાન્યતઃ આપણા શરીરમાં લગભગ દોઢ વોલ્ટની બેટરી જેટલો વિદ્યુત પ્રવાહ વહેતો હોય છે. આટલી ઊર્જાથી આપણી ચેતના જે મૂલાધાર ચક્રમાં વસે છે તે જાગ્રત થઈ હૃદયાકાશમાં જ્યાં જીવ વસે છે તેની સન્મુખ પહોંચી ના શકે. એના માટે આપણી ઊર્જા ૧૨ વોલ્ટની બેટરી જેટલી થવી જોઈએ. એના માટે પોતાની રુચિ અનુસાર અલગ અલગ સાધન કરવામાં આવે છે. એમાં ધ્યાન, પ્રાર્થના અને નામસ્મરણ મુખ્ય છે.

સામાન્યતઃ આપણે એવું સમજતા હોઈએ છીએ કે સહજ સમાધિમાં આત્મદર્શન થાય છે, પરંતુ આ સમજણ

સંપૂર્ણપણે સાચી નથી. સહજ સમાધિ ચિત્તની એક વિશિષ્ટ અવસ્થા છે. ખરેખર તો આત્મ સાક્ષાત્કાર આપણા ઈષ્ટ આરાધ્ય પ્રત્યેની ભક્તિ અને ઉપાસનાના આધારે વિકસિત થયેલી આત્મશક્તિ દ્વારા જ થાય છે. આત્મશક્તિ ચિદશક્તિ છે, ચિત્તશક્તિ નથી. આત્મા એક વાર દૃષ્ટા થયો એટલે જે દર્શન થાય તે સ્થાયી હોય છે.

# ૫

આધુનિક વિજ્ઞાન કહે છે કે, મનુષ્યનું શરીર માઈક્રોસ્કોપથી પણ બહુ મુશ્કેલીથી જોઈ શકાય એવા ૬૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ કોષોનું બનેલું છે. એ દરેક કોષ ત્રિકાળજ્ઞાની છે. એ પ્રત્યેક કોષ પાસે સમગ્ર બ્રહ્માંડનું ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન છે. બ્રહ્માંડની આ ચેતનાને સ્થળ અને કાળ (Time & Space)નું બંધન નથી.

બ્રહ્માંડ તેની ઉત્પત્તિથી આજ સુધી અને અત્યારથી તેના અંત સુધી અદ્‌ભુત રીતે અખંડ છે. પ્રત્યેક પ્રાણીમાત્ર આ બ્રહ્માંડના અભિન્ન અંગ છે.

સકળ વિશ્વમાં દશ (૧૦)ને ૮૪ વખત દશે ગુણીએ ($૧૦^{૮૪}$) એટલા પરમાણુઓ પથરાયેલા છે, અને તે બધા પરમાણુઓ પાછા દરેક અણુમાં સમાવિષ્ટ છે.

તેથી જ કહ્યું છે કે જે પિંડે તે બ્રહ્માંડે. મનુષ્યશરીર આ બ્રહ્માંડની સૂક્ષ્મતમ આવૃત્તિ છે. આપણું શરીર ને મન મૃત્યુ પામે છે, પરંતુ શરીર અને મન જેને આધારે ટકી રહ્યું છે એ આત્મતત્ત્વ અજર, અમર ને અવિનાશી છે. તે તત્ત્વની અંદર જે અંતર્યામી પરમાત્મા છે તે જ અનંત કોટિ બ્રહ્માંડોનો આધાર અને કારણ છે. બ્રહ્માંડની લઘુતમ

આવૃત્તિ રૂપ મનુષ્ય શરીર અને એના આધારરૂપ આત્મતત્ત્વ એ બંને આધુનિક વિજ્ઞાનની સમજનો પાયો છે. જ્યાં સુધી મનુષ્ય તેના અસ્તિત્વના આધારરૂપ આત્મતત્ત્વને પામતો નથી ત્યાં સુધી ભલે આખાય બ્રહ્માંડને તે જાણી લે તેની પરમાત્મા તરફની યાત્રાનો આરંભ થતો જ નથી.

# ૬

આપણું આધ્યાત્મિક વિજ્ઞાન એમ કહે છે કે આ બ્રહ્માંડનું નિર્માણ ઊર્જાના (Energy) એક નિશ્ચિત સ્ત્રોત દ્વારા થયું છે. એ નિર્માણની પ્રક્રિયા દરમ્યાન ઊર્જાનું પ્રાથમિક પ્રત્યક્ષીકરણ (primary main festation) પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોના રૂપમાં થયું હતું.

પછી એમાંથી સર્જનની આગળની પ્રવૃતિ ચાલતી રહી. ઊર્જાનું એક રૂપ જ્યારે તેના અન્ય રૂપના સંપર્કમાં આવે છે ત્યારે જે રૂપ નબળું હોય તે સબળ પ્રમાણે પોતાનો સ્વભાવ, સ્વરૂપ અને દિશા રૂપાંતરિત કરી નાખે છે.

ઊર્જાના બે સ્વરૂપ છે સકારાત્મક (Positive) અને નકારાત્મક (Negative). એજ પ્રમાણે તેની ગતિ પણ બે પ્રકારની છે ઉર્ધ્વગતિ (Upward) અને અધોગતિ (Downward). સકારાત્મક ઊર્જા આપણી ચેતનાને ઉર્ધ્વગતિ પમાડે છે, જ્યારે નકારાત્મક ઊર્જા અધોગતિ.

આ બંને પ્રકારની ઊર્જાનો આધાર આપણું મન છે અને મનની સકારાત્મકતા કે નકારાત્મકતાના આઠ આધાર છે દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતા, શાસ્ત્ર અને

ઉપદેશ. ભગવાન સ્વામિનારાયણ ગ. પ્ર. ૭૮મા વચનામૃતમાં કહે છે કે, આ આઠેય સારાં હોય તો બુદ્ધિ નિર્મળ થાય છે ને એ આઠ ભૂંડા હોય તો બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

આપણે ઊર્જા રોજીંદી જીંદગીમાં અન્ન, જળ, સૂર્યપ્રકાશ, ઝાડ, ભૂમિ અને અગ્નિ દ્વારા મેળવતા હોઈએ છીએ. સપ્રમાણ નિદ્રા દ્વારા ઊર્જાનો સંગ્રહ થાય છે, જાગરણથી ઊર્જા ખર્ચાય છે તો વ્યાયામથી સુષુપ્ત ઊર્જા જાગે છે. આપણી સુષુપ્ત ઊર્જા મૂળતઃ મૂલાધાર ચક્ર પાસે કુંડલિની સ્વરૂપે સ્થિત રહે છે, તે ધ્યાન દ્વારા જાગ્રત થઈ ઉપરના શક્તિકેંદ્રો તરફ ગતિ કરે છે ત્યારે આપણને વિવિધ આધ્યાત્મિક અનુભવ થાય છે.

આપણી ઊર્જા હાલમાં કયા શક્તિકેંદ્ર સુધી પહોંચી છે તે જાણવા માટેનો એક પ્રયોગ છે. એમાં ધ્યાનની મુદ્રામાં બેસી મનને શાંત કરવું. પછી ધીરેથી આંખો બંધ કરતા પહેલો રંગ જો લાલ દેખાય તો તે સમય ઊર્જા મૂલાધારમાં છે એમ માનવું. એજ પ્રમાણે લાલને બદલે નારંગી રંગ દેખાય તો સ્વાધિસ્થાનમાં, પીળો રંગ દેખાય તો મણિપુરમાં, વાદળી (Blue) દેખાય તો અનાહતમાં, લીલો રંગ દેખાય તો વિશુદ્ધ ચક્રમાં, ગળીનો રંગ (Indigo color) દેખાય તો આજ્ઞા ચક્રમાં અને જાંબલી રંગ દેખાય તો તે સમયે ઊર્જા સહસ્ત્રાર ચક્રમાં સ્થિત છે એમ કહી શકાય.

# ૭

ઘણા પરોક્ષના વિદ્વાન મિત્રો એમ કહેતા હોય છે કે, દરેક ધર્મના અનુયાયીઓને પોતાના ઈષ્ટ આરાધ્ય જ સૌથી શ્રેષ્ઠ અને સર્વોપરી લાગતા હોય છે. તમે સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી માનો છો એનું કોઈ સચોટ કારણ છે તમારી પાસે? આ તો એવી વાત થઈ કે કોઈ આપણને લીમડાનું ઝાડ બતાવીને પૂછે કે તમે આ ઝાડને લીમડો માનો છો એનું કોઈ સચોટ કારણ છે તમારી પાસે? જે રીતે લીમડાના ઝાડને લીમડો કહેવો એ કોઈ માન્યતા નથી, એ નરી હકીકત છે તેમ ભગવાન સ્વામિનારાયણને એક માત્ર સનાતન ભગવાન કહેવા એ કોઈ માન્યતા (Belief) નથી, પરંતુ નક્કર હકીકત છે.

છતાં પણ એ અંગે કોઈ સંશયાત્માને ખુલાસો જોઈતો હોય તો એવા અનેક ખુલાસાઓથી આપણા શાસ્ત્રો ભર્યા પડ્યા છે. મૂળઅક્ષરથી માંડીને વાસુદેવ બ્રહ્મ, મૂળ પુરુષ, પ્રધાન પુરુષ વૈરાજ તથા બ્રહ્માદીક દેવો એ કોઈનાંય ધામમાં એમના મુક્તોને એમના ધામાધિપતિ જેવું સ્વરૂપ, સુખ ને સામર્થ્ય ઉપલબ્ધ થતું નથી. બ્રહ્મપુરમાં વાસુદેવ બ્રહ્મના મુક્તો નરનારાયણ, મહાકાળ વગેરે પોતાના નિજ સ્વરૂપ

સાથે જ ત્યાં રહે છે, જ્યારે એમના સકામ મુક્ત શ્રી કૃષ્ણ પોતાના આગવા સ્વરૂપ સાથે પોતાના ધામ ગોલોકમાં રહે છે. ગોલોક અને વૈકુંઠના મુક્તો રાધા, શ્રીદામા, જય-વિજય ઈત્યાદિ પણ પોતાના આગવા સ્વરૂપ સાથે જ ત્યાં રહે છે, વળી તેમને દેહદેહી ભાવ પણ છે. હિન્દુધર્મના વિવિધ ધર્મગ્રંથો આ હકીકતની ગવાહી આપે છે.

જ્યારે ભગવાન સ્વામિનારાયણ તો એક માત્ર એવા સર્વોપરી ભગવાન છે જેઓ પોતાના ધામમાં મુક્તોને પોતાના જેવું જ દિવ્ય સ્વરૂપ આપી જેવું પોતાને પોતાના સ્વરૂપનું સુખ છે તેવું જ અપરિમિત સુખ એ મુક્તોને પોતાના સ્વરૂપમાં રસબસ રાખીને આપે છે. વળી એ બધા જ મુક્તો સાકરના નારિયેળની જેમ કૈવલ્ય મૂર્તિ છે, તેમને વિશે દેહદેહી ભાવ સદંતર નથી. આધ્યાત્મિક દૃષ્ટિએ આ એકામેવાદ્વિતીયમ ઘટના છે, જે ભગવાન સ્વામિનારાયણને સુપેરે સર્વેથી વિશિષ્ટ અને અદ્વિતીય સિદ્ધ કરે છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા અબજીબાપાશ્રીએ પોતાના અંગત અનુભવના આધારે ઉપરોક્ત હકીકતથી આપણને સહુને અવગત કર્યા છે. ભગવાન સ્વામિનારાયણને એક માત્ર સર્વોપરી ભગવાન કહેવા માટે આનાથી મોટો બીજો ખુલાસો કયો હોઈ શકે?

# ૮

સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાશ્વત પ્રાર્થના છે. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ એ અમર રચના રચી છે. એક સાચા મુમુક્ષુના અંતરની એ એવી યાચના છે જેમાં મોક્ષધર્મના સમગ્ર તત્ત્વજ્ઞાનનો સુપેરે સમાવેશ થઈ જાય છે.

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ,
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિતવ, એકાંતિક સુખધામ...

ભગવાન પ્રત્યેના માહાત્મ્યજ્ઞાને સહિત સ્નેહને શ્રીજીમહારાજે ભક્તિનું બિરુદ આપ્યું છે. પરમાત્મામાં જ પ્રબળ આસક્તિ અને એ સિવાય અન્ય પદાર્થ માત્રમાં વિરક્તિ એ સાચા સ્નેહનું લક્ષણ છે. માહાત્મ્ય એટલે મહત્તા (Importance, Greatness).

માહાત્મ્યનો મતલબ છે પોતાના ઈષ્ટ આરાધ્ય પરમાત્મા અને એમના અનાદિમુક્ત અંગેની એવી સમજણ જેની આગળ બીજું સર્વે ન્યૂન થઈ જાય! તેથી જ શ્રીજીમહારાજે લોયાના ૧૭મા વચનામૃતમાં કહ્યું છે કે, જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાયું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે.

માહાત્મ્ય એ આધ્યાત્મિક આનંદની આધારશીલા છે.

આંતરીક જોશનું એ અનોખું ટોનિક છે! માહાત્મ્યયુક્ત ભક્તિ જ વાસના ટાળવાનું અમોઘ સાધન છે.

બાપાશ્રી એમ કહેતા કે, મોટાનો મહિમા જાણ્યા વિના એમના જોગનું સુખ પણ ન આવે ને એમના વચનમાં વિશ્વાસ પણ ન આવે.

મહિમા જ્યારે એક જીવંત વિચાર બનીને આપણા જીવનની ક્ષણે ક્ષણમાં વ્યાપી જાય ત્યારે જ આપણે મહિમાસભર બની શકીએ છીએ.

મુનિસ્વામીને એક વાર કોઈએ પૂછ્યું કે, સ્વામી! મૂર્તિનું સુખ ક્યારે આવે? ત્યારે તેમણે કહ્યું જેની વૃત્તિ મહિમા આકારે થઈ જાય તેના ઘાટ સંકલ્પ ટળી જવાથી તેને મૂર્તિનું સુખ આવે છે.

# ૯

આપણે કેવું ચિંતન, મનન કરીને દેહથી નોખા પડવું, કેવી રીતે અવળા રસ્તે જતા આપણા અંતઃકરણને સમજાવી પટાવીને અધ્યાત્મના માર્ગે પ્રવર્તતાવવું અને ભગવાનને કેવી રીતે પ્રાર્થના કરી તેમની સહાય માંગવી એની સુંદર રીત શ્રીજીમહારાજે પંચાળાના ત્રીજા વચનામૃતમાં આપણને શીખવાડી છે.

શ્રી હરિ કહે છે એમ વિચાર કરવો કે આ સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ તે હું નહિ, ને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા તે હું નહિ, ને પાંચ જ્ઞાનેન્દ્રિઓ ને ચાર અંતઃકરણ ને એમના દેવતા એ સર્વે હું નહિ, હું તો એ સર્વેથી પૃથક છું, ચૈતન્ય છું, ને ભગવાનનો ભક્ત છું.

અને ઈંદ્રિયો અંતઃકરણ કાંઈક ચાળા કરે તો એને કહેવું કે, કેમ તારે તે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ જોવું છે? ને કેવળ ભગવાનનો શબ્દ સાંભળવો છે તથા ભગવાનનો ગંધ લેવો છે કે બીજાનો શબ્દ સાંભળવો છે ને ગંધ લેવો છે? અને ભગવાન વિના બીજાં વિષયમાં તું જઈશ તો તારે મારે શું છે ભાઈ? તું કોણ અને હું કોણ? પછી તારે ને મારે કાંઈ લેવું દેવું રહેતું નથી. તમે કરશો તે તમે

ભોગવશો.

એમ એ ઇંદ્રિયો તથા અંતઃકરણને કહીને પછી ભગવાનને પ્રાર્થના કરવી કે, હે મહારાજ! હે સ્વામીન! હે ભક્તવત્સલ! હે દયાનિધિ! આ ઇંદ્રિયો અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોખો છું ને એતો મારા શત્રુ છે માટે એ થકી મારી રક્ષા કરજો. એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી.

આ એક બે દિવસનું કામ નથી, સતત આઠે પહોર કામ કરતા કે આરામ કરતા આમાં મંડ્યા રહેવું પડે. ત્યારે દેહથી નોખા પડીને આત્મરૂપ થવાય છે.

# ૧૦

ગુજરાતીમાં એક કહેવત બહુ પ્રસિદ્ધ છે મન હોય તો માળવે જવાય. એવા જ ભાવાર્થ સાથે અંગ્રેજીમાં કહેવું હોય તો એમ કહેવાય … Where there is a will, there is a way. તેથી જ કહ્યું છે કે, Necessity is the root cause of all achievements. પ્રાપ્તિનું કારણ જરૂરિયાત અને જરૂરિયાતનું કારણ તીવ્ર ઈચ્છા!

જ્યાં સુધી મુમુક્ષુના અંતરમાં પોતાના આત્માના કલ્યાણ માટે ખપ કે આગ્રહ જન્મતા નથી ત્યાં સુધી તેની આધ્યાત્મિક યાત્રાનો આરંભ જ થતો નથી. ખપ એટલે પ્રાપ્તિ માટેની અપરિમીત ઉત્કંઠા. અંગ્રેજીમાં એના માટે want અને passion એ બે શબ્દો પ્રયોજાય છે. મોક્ષ માટેના ખપ અને આગ્રહને જ મુમુક્ષુતા કહે છે. મુમુક્ષુતા વિના મોક્ષમાર્ગમાં કાંઈ મળતું નથી.

શ્રીજીમહારાજ ગઢડા પ્રથમના ૫૭મા વચનામૃતમાં જે કહે છે તેનો સાર એ છે કે, જ્યાં સુધી મુમુક્ષુના અંતરમાં પોતાના કલ્યાણ માટે ધગધગતા લાવા જેવો ખપ નથી જાગતો, પરમાત્મા અને એમના અનાદિમુક્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આગ્રહ નથી થતો, ત્યાં સુધી તેમનામાં ભગવાનની કૃપા ઝીલવાની પાત્રતા નથી આવતી. માટે

સત્સંગમાં રહેવાનો ખપ જગાડી પ્રસન્નતાના સાધન અવિરતપણે કર્યા કરવા.

# ૧૧

કચ્છ-માંડવીનો માલેતુજાર ખીમજી ઘેલા બ્રહ્મક્ષત્રિય એ પુરા પંથકમાં ખૈયા ખત્રીના નામે જાણીતો હતો. અતિશય ધનાઢ્ય હોવા ઉપરાંત તે મહાવિદ્વાન બ્રહ્મજ્ઞાની હતો, વેદાંતનો પ્રખર અભ્યાસી હતો. બે હજાર જેટલા તેના વેદાંતી શિષ્યો હતા. પરંતુ તેને પોતાની વિદ્વતાનો ખૂબ ઘમંડ હતો. શ્રીજીમહારાજ માટે તે એમ બોલતો કે સ્વામિનારાયણ મને રૂબરૂ મળે તો એમનું ભગવાનપણું તો હું ચપટીમાં ચોળી નાખું...

મહારાજ માંડવી પધાર્યા ત્યારે તેણે સભામાં એક પછી એક સળંગ ૧૦૮ પ્રશ્નો પૂછી નાખ્યા. શ્રીહરિએ એ બધાં જ પ્રશ્નોના ક્રમબદ્ધ જવાબ વાયુવેગી ઝડપથી એટલા સચોટ આપ્યા કે ખૈયો પરાસ્ત થઈ એમના શરણમાં આવી ગયો.

અત્યાર સુધી તેણે શ્રીજીમહારાજને વાદવિવાદમાં પરીક્ષા કરવા ને જીતવા માટે પ્રશ્નો પૂછ્યા હતા, પરંતુ હવે તેણે એક શરણાગત ભક્તની જેમ જિજ્ઞાસાવશ પૂછ્યું મહારાજ! ઈડા, પિંગળા અને સુષુમ્ણા નાડીઓ આ દેહમાં છે, તેમાં કઈ નાડીમાં જીવ રહે છે? સુષુમ્ણા નાડીનું રૂપ શું છે?

મહાપ્રભુજીએ હસીને જવાબ આપ્યો અક્ષરબ્રહ્મ કે

જેને ચિદાકાશ કહે છે તેનું એક કિરણ આ બ્રહ્માંડમાં આવે છે. તે કિરણ સૂર્ય-ચંદ્રને પ્રકાશે છે, અને એ જ કિરણ બ્રહ્મરંદ્રમાં પ્રવેશી ત્યાંથી આપણા હૃદયકમળમાં આવીને વ્યાપે છે. તેને જ્યારે મુમુક્ષુ સાધક સદ્‌ગુરુના પ્રતાપે દેખે છે ત્યારે તેની માયિક વાસના ટળી જાય છે. પરિણામે તે આત્યંતિક કલ્યાણ પામી અક્ષરધામનો અધિકારી બને છે.

પરમાત્માની કૃપા વિના ને સદ્‌ગુરુના સમાગમ વિના સુષુમણા નાડીને જોવાની ઈચ્છા રાખવી વ્યર્થ છે. જ્યાં સુધી દુનિયાભરની વાસના અંતરમાં ભરી હોય ત્યાં સુધી પોતાને બ્રહ્મ કહેવું કે માનવું એ મહાપાપ છે. તેમાં પણ તમારા જેવા જે શુષ્ક વેદાંતી છે તે તો મરીને ઘોર નરકમાં પડે છે.

જ્યાં સુધી જ્ઞાન લક્ષ્યવેધી ના બને ત્યાં સુધી સુષુપ્તિરૂપી અજ્ઞાનથી આવૃત્ત થયેલું અંતઃકરણ જાગ્રત થતું નથી. સુષુમ્ણા નાડી હૃદયકમળમાં જ્યાં આવેલી છે ત્યાં જ જીવ રહેલો છે. સુષુમ્ણા જાગ્રત થાય ત્યારે જ જીવ બ્રહ્મરંદ્રમાં પહોંચે અને ત્યારે જ બ્રહ્માંડની સુષુમ્ણા સાથે તેની એકતા થતાં તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. બ્રહ્મરંદ્રથી અક્ષરધામ સુધીનો જે તેજમાર્ગ છે કે જેને અર્ચીમાર્ગ કહે છે તે જ બ્રહ્માંડમાં રહેલી સુષુમ્ણા છે. આપણા દેહમાં રહેલી સુષુમ્ણાને જાગ્રત કરવાનું એક માત્ર સાધન છે અનાદિમુક્તનો અંતર વૃત્તિએ નિત્ય સમાગમ!

# ૧૨

એક વાર શ્રીજીમહારાજ ભુજથી નીકળીને કાળાતળાવ ગામની સીમમાં આવ્યા ત્યારે સંધ્યા ટાણું થઈ ગયું હતું. સીમમાં આવેલા એક ખેતરમાં એક મુસલમાન ખેડૂત હળ હાંકતો હતો, મહારાજે તેને કહ્યું 'ક્યાંક પાણી હોય તો બતાવો, અમને બહુ તરસ લાગી છે.' તે ખેડૂતે હળ ઊભું રાખી પાણી દેખાડ્યું. શ્રીહરિએ હાથ પગ ધોઈ પાણી પી, એ ખેડૂત પર કૃપાદૃષ્ટિ કરી. પરિણામે તેને તત્કાળ સમાધિ થઈ ગઈ. થોડી વારે જ્યારે તે જાગ્રત થયો ત્યારે તેને તે જ્યાં જુએ ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાવા લાગી. પછી તો તે હળ હાંકે કે જમીન ખોદે, કોસ જોડે કે છોડને ટૂંપો દે... દરેક ક્રિયામાં તેને મૂર્તિનું સતત અનુસંધાન રહેવા લાગ્યું. મહારાજ ગામમાં જવા લાગ્યા તો તે તેમની પાછળ પાછળ આવવા લાગ્યો. મહારાજ કહે તમે તમારું કામ કરો, હવે અમારી પાછળ ના આવશો.

ત્યારે તેણે ઘૂંટણિયે પડી બે હાથે ઈબાદત કરતાં કહ્યું અય ખુદા-વન્દે- આલમ! આપકે રહેમો કરમસે અબ મુઝે હર જગહ આપ હી આપ નજર આતે હો.. આપ હી પરવરદિગાર હો..આપ હી મેરે અલ્લાહતાલા હો... અબ

મેં આપકો છોડ કે કહાં જાઉં? અબ મેં આપકે બીના નહિ જી શક્તા... શ્રીહરિએ તેને કહ્યું જો મિલા હૈ ઈસસે જ્યાદા તુઝે ક્યાં ચાહીએ? બસ અબ વોહી મૂરત કો દેખ દેખકે સારી જીંદગી બસર કર દેના.

પરમાત્માની જેનાં ઊપર કૃપા થાય છે તેને તો વગર સાધને પળવારમાં પરમની પ્રાપ્તિ થઈ જાય છે. વળી ભગવાન હિન્દુ મુસલમાન જેવા કોમી ભેદભાવમાં નથી માનતા. એમની અમીદૃષ્ટિ જેનાં પર પડે તેને તેઓ તત્કાળ ન્યાલ કરે છે.

# ૧૩

એક વાર શ્રીજીમહારાજ કચ્છમાં માનકૂવા નાથા સુથારને ત્યાં પધાર્યા હતા. ત્યાંથી મહારાજને રામપર જવું હતું. નાથો પોતાનો ઘોડો લઈને મહારાજને રામપર છોડવા તેમની સાથે ગયો. મહારાજ ઘોડા ઊપર બેઠા ને નાથો પગપાળા એમ બંને ચાલ્યા. રસ્તે ચાલતા નાથાએ પૂછ્યું મહારાજ, તમે ભગવાન છો? મહારાજ હસીને કહે ના... ભાઈ... ના, જો જે કોઈને કહેતો..

માર્ગમાં વાંગડી ગામ આવ્યું. ગામ બહાર તળાવને કાંઠે મહાદેવની દેરીને ઓટલે મહારાજ બે ઘડી વિસામો લેવા રોકાયા, ને નાથાને ઘોડાને પાણી પાવા તળાવે મોકલ્યો. તળાવમાં ઊંડો ખાડો હોવાથી ઘોડો ને નાથો બંને સડસડાટ ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા. મહારાજે ઓટલે બેઠા બેઠા હાથ લાંબો કરી ઘોડાને નાથા સમેત તળાવ બહાર કાઢી ઝાડ નીચે મૂકી દીધા. નાથો આ જોઈ અચંબિત થઈ ગયો.

નાથાએ મહારાજને રોષથી કહ્યું મેં તમને જ્યારે પૂછ્યું કે તમે ભગવાન છો ત્યારે તમે ના પાડી, અને હમણાં મેં જોયું કે તમે ઓટલે બેઠા બેઠા તમારો એક હાથ વીશ ગજ લાંબો કરી મને ઘોડા સાથે બહાર કાઢ્યો. માટે હવે તમે કબૂલ કરો

કે હું ભગવાન છું...નહિ તો ઘોડાની આ સરકે સરકે હું તમને મારીશ.

નાથાની આક્રોશભરી વાણી સાંભળીને મહારાજ ખડખડાટ હસવા લાગ્યા ને પછી નાથા સામે હાથ જોડીને બોલ્યા ભલે મારા બાપ... હું ભગવાન છું... બસ? આ સાંભળતા જ નાથો રંગમાં આવી ગયો ને બોલ્યો જોયું? માર પડવાની વાત સાંભળીને કેવા માની ગયા? માર છે ને મહારાજ! એ મારું પંદરમું રતન છે, ભલભલાને સાચું બોલાવી દે..

શ્રીજીમહારાજ આવા ભક્તવત્સલ છે, ભક્તોને લાડ લડાવી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા એ વિવિધ દિવ્ય ચરિત્ર કરતા જ રહે છે.

# ૧૪

જગતમાં જે વસ્તુ કે સ્થિતિની પ્રાપ્તિ કરવી હોય તેનું મહત્ત્વ કે માહાત્મ્ય જાણવું અત્યંત જરૂરી હોય છે. જો આપણે ધનવાન થવું હોય તો ધનનું મહત્ત્વ સમજવું પડે, જ્ઞાની બનવું હોય તો જ્ઞાનનો મહિમા જાણવો પડે, અને એ જ રીતે જો પુરુષોત્તમરૂપ થવું હોય તો પુરુષોત્તમ નારાયણનો અપરંપાર મહિમા યેનકેનપ્રકારેણ આત્મસાત્ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

પુરુષોત્તમ નારાયણ દિવ્યાતિદિવ્ય છે, જ્યારે આપણી પાસે જે દેહ, ઈંદ્રિયો ને અંતઃકરણ છે તે માયિક છે. બંને વચ્ચે જમીન આસમાન જેટલું અંતર છે. તો માયિક મનને દિવ્યતાનો મહિમા કેવી રીતે સમજાવવો? આ એક મોટો પ્રશ્ન છે. એનો ઉપાય શ્રીજીમહારાજે ગ. મ. ૧લા વચનામૃતમાં ખૂબ સુંદર રીતે સમજાવ્યો છે. શ્રી હરિ કહે છે જેને વિષયમાંથી ચિત્તને ઉખેડવું હોય તેને પ્રથમ તો આત્મનિષ્ઠા અતિ દૃઢ કરીને રાખવી કે હું આત્મા છું, પણ દેહ તે હું નહિ...એક તો એ વિચાર દૃઢ કરવો. અને બીજું જે પ્રકારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે તે વાર્તા પણ સારી પેઠે સમજવી, અને ત્રીજું ભગવાનના સ્વરૂપનું

માહાત્મ્ય અતિશય સમજવું.

તે એમ વિચારવું કે પંચવિષય તો ભગવાનના કર્યા થયા છે માટે ભગવાનમાં તો એથી અતિ ઝાઝું સુખ છે, કારણ કે જે શબ્દ છે તેમાં માત્ર શબ્દ સંબંધી સુખ જ હોય પણ બીજા જે ચાર વિષય તેનું સુખ શબ્દમાં ન હોય, એવી રીતે સ્પર્શ, રૂપ, રસ,ગંધ અંગે પણ સમજવું. ક્યારેય કોઈ એક વિષયમાં પાંચેય વિષયનું સુખ ભેગું ન આવે. પરંતુ ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વે સુખ ભેળા રહ્યા છે, તેથી તેમના એક દર્શન (Divine Vision) કરે તો પણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય, એવી રીતે ભગવાનના સ્પર્શ આદિક પણ પોતાના ભક્તને પૂર્ણકામ કરે છે. માયિક જે વિષય સંબંધી સુખ છે તે તો નાશવંત છે અને ભગવાન સંબંધી સુખ છે તે તો અખંડ છે. એવો જે ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનો વિચાર તે અતિ દૃઢ કરવો.

# ૧૫

ભગવાન સ્વામિનારાયણ અધ્યાત્મ તત્ત્વચર્ચા દરમ્યાન જેટલા ધીરગંભીર દેખાતા એટલા જ હળવા ફૂલ ને રમૂજી તેઓ સહજ સ્વભાવે જણાતા! એક વાર તેઓ કચ્છના આધોઈ ગામે ત્યાંના દરબાર લાઘાજીને ત્યાં બે મહિના રોકાયા હતા, સાથે સાધુઓ પણ હતા. લાઘાજીને ચાર દીકરા હતા, અદાજી, કલ્યાણજી, રામસંગજી અને રાયધણજી.

એક વાર રાયધણજીના ભાભીએ શ્રીજીમહારાજને કહ્યું મહારાજ, આજે સાધુઓને ઝોળી માંગવા ના મોકલશો, આપની સાથે અમારે એમને પણ જમાડવા છે. શ્રીહરિ વ્યંગમાં બોલ્યા સાધુઓને ભિક્ષા માંગવા જવા દો તો સારું, કારણ કે તમારે ત્યાં જો સાધુઓ ભૂખ્યાં રહેશે તો બજારમાં જઈ પેટ કૂટશે ને પાછળથી એમ બોલશે પણ ખરા કે રાયધણજીએ નોંતરું દઈને અમને ભૂખ્યાં માર્યા...

મહારાજની મજાકભરી વાણી ભોળા ભાભી સમજી શક્યા નહિ. સાધુઓ જમવા બેઠા ત્યારે મહારાજે તેમને સાનમાં સમજાવી દીધા કે ભાણામાં જે પીરસાય એ તમારે લીધા જ કરવું, કોઈ વસ્તુ માટે ના પાડવી જ નહિ. સાધુઓને જમાડતા જમાડતા બધી જ રસોઇ ખૂટી ગઈ, પણ

સાધુઓનું જમવાનું પૂરું ના થયું. ભાભી મનમાં ને મનમાં પોતાને કોસતા રહ્યા કે, મારા શાં ભોગ લાગ્યા કે મહારાજે ના પાડી છતાંય મેં આ દુર્વાસાઓને જમવા તેડાવ્યા?

મહારાજે મોઘમ રહીને કીધું જોયું... અમે તમને નહોતું કહ્યું કે સાધુ ભૂખ્યાં રહેશે તો ગામમાં તમને બદનામ કરશે? ભાભીની હાલત હવે કફોડી થઈ ગઈ. તેઓ પડોશમાં જઈને ઘીનું ઠામ ઉછીનું લઈ આવ્યા. એ જોઈને મહારાજ ઉભા થઈ આડો હાથ દઈને બોલ્યા ના..ના..આ નહિ ચાલે, અમારા સાધુ પારકા ઘરનું માંગેલું ખાતા નથી..

ભાભી હવે મહારાજની ચાલ ને મજાક સમજી ગયા, તેમણે હસીને કીધું તો પછી આ સાધુઓ ઝોળી માંગીને ખાય છે તે શું છે? એ પારકુ નથી? મહારાજ! હવે ખમૈયા કરો... મસ્તી મજાક બહુ થઈ ગયા!

આખો માહોલ હાસ્યરસથી ઉભરાઈ ગયો. શ્રીજીમહારાજની આવી અવરભાવની હાસ્યલીલાઓ આ જગતની જંજાળથી ત્રસ્ત થયેલા આળા હૃદયને અનોખી શાતા આપે છે.

# ૧૬

ગઢપુરમાં એક દિવસ મહા મુક્ત મોટીબાએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો હે મહારાજ! જે જીવ બદ્ધ હોય તે આપની કૃપાથી મુક્ત થાય છે એ તો સમજ્યા, પરંતુ જે મુક્ત છે તે ફરી બદ્ધ કેમ ને કેવી રીતે થાય છે?

શ્રીહરિએ આ પ્રશ્ન સાંભળી સહેજ સ્મિત કરીને કહ્યું એ તો તમે જાણો જ છો કે કારણ શરીર સાથેનો જે બદ્ધ જીવ છે તે જ્યારે અમારી કૃપાદૃષ્ટિમાં આવે છે ત્યારે તેને એ વાસનામય શરીરથી મુક્ત કરી તેના નિરાકાર ચૈતન્યને અમારી મૂર્તિ આકારે સાકાર કરી અમે અક્ષરધામમાં અમારી સેવામાં રાખીએ છીએ, એ રીતે બદ્ધ જીવ મુક્ત બને છે.

હવે મુક્ત હોય તે બદ્ધ કેવી રીતે બને છે તે સાંભળો. અક્ષરધામમાં પરમ એકાંતિક મુક્તો અમારી સમક્ષ રહીને અમારા સ્વરૂપનું સુખ માણે છે. પરંતુ અમારી મૂર્તિમાં રસબસ રહીને અખંડ અમારી મૂર્તિનું સુખ માણતા અનાદિમુક્તનું સુખ સિંધુ સામાન છે, જ્યારે પરમ એકાંતિકનું સુખ એની સરખામણીએ બિંદુ સામાન છે.

એ પરમ એકાંતિક મુક્ત અનાદિમુક્ત જેવી સર્વોચ્ચ સ્થિતિ પામવા માટે અમારી આજ્ઞાથી ફરી મુક્તમાંથી બદ્ધ

બની મૃત્યુલોકમાં જ્યાં અનાદિમુક્તનો યોગ મળી રહે એવી જગ્યાએ જન્મ લે છે. એ વખતે પૂર્ણ સ્થિતિની પ્રાપ્તિ માટે અમે એમના સામર્થ્યની વિસ્મૃતિ કરાવી તેમને મુક્તમાંથી જીવ બનાવી આ રીતે મુક્તમાંથી બદ્ધ બનાવીએ છીએ.

જે બદ્ધમાંથી મુક્ત થાય છે તે એક સ્વરૂપનિષ્ઠાના બળ વડે જ થાય છે ને મુક્તમાંથી બદ્ધ થાય છે તે તેની ખામીને લીધે જ થાય છે. માટે સર્વે નિષ્ઠાઓ જેવી કે આત્મનિષ્ઠા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા વગેરે જેમાં આવી જતી હોય એવી જો એક નિષ્ઠા કોઈ હોય તો તે છે સ્વરૂપનિષ્ઠા! અન્ય નિષ્ઠામાં ખામી હોય તો તે પરમાત્માની કૃપા દ્વારા દૂર થઈ જાય છે, પરંતુ જો સ્વરૂપનિષ્ઠામાં ખામી હોય તો તે જરૂર જન્મ ધરાવે છે.

# ૧૭

કચ્છમાં માનકૂવાના દરબાર અદાભાઈ જબરદસ્ત નિશાનબાજ હતા. તેઓ આકાશમાં ઉડતા પંખીને પથ્થરના એક ઘાએ ભોંય ભેગું કરી દેતા. એવું ક્યારેય બન્યું નહોતું કે એમનું કોઈ નિશાન ખાલી ગયું હોય! અદાભાઈએ એમ સાંભળ્યું હતું કે કચ્છના સુતારોના ગુરુ સહજાનંદ સ્વામી હવે ભગવાન સ્વામિનારાયણ તરીકે પૂજાય છે. એમણે મનોમન નક્કી કર્યું કે જો એ સ્વામીજી ભગવાન હોય તો હું એમની તરફ નિશાન લઈને જે પથ્થર ફેંકુ એ ખાલી જાય, એકેય પથ્થર એમને વાગે નહિ.

પછી તો મહારાજ માનકૂવામાં જ્યાં જ્યાં જાય ત્યાં અદાભાઈ એમની પાછળ પાછળ જાય ને જ્યારે પણ તક મળે ત્યારે એમને નિશાન બનાવી પથ્થર ફેંકે, પણ એકેય પથ્થર શ્રીહરિને વાગે નહિ. અંતે એ થાક્યા, તેથી શ્રીજીમહારાજ પાસે જઈને બે હાથ જોડી બોલ્યા સ્વામિનારાયણ! તમે ભગવાન ખરા!

મહારાજ કહે દરબાર, તમે કેવી રીતે જાણ્યું કે અમે ભગવાન છીએ?

અદાભાઈ કહે હું ભારે તાકોડી-અચૂક નિશાનબાજ

છું, હજી સુધી મારું કોઈ નિશાન ખાલી ગયું નથી. પરંતુ તમારી તરફ ફેંકેલા મારા બધાં નિશાન નિષ્ફળ નીવડ્યા, એટલે મેં જાણ્યું કે તમે સાચ્ચે જ ભગવાન છો...

આ સાંભળીને મહારાજ ખૂબ હસ્યા, ને પછી બોલ્યા અદાભાઈ, તમે બહુ ભોળા છો. એમ તો કોઈ જાદુગર કે મંત્ર તંત્રનો જાણકાર તાંત્રિક પણ પોતાની વિદ્યાના પ્રતાપે તમારા લાગમાં ન આવે તો તમે તેને પણ ભગવાન માની લેશો? દરબાર! એટલું ધ્યાનમાં રાખજો કે જે કોઈ ઐશ્વર્ય કે ચમત્કાર બતાવે એ બધા ભગવાન નથી હોતા. જીવના અંતરમાં જે પંચવિષયના રાગ છે, સંસાર પ્રત્યે જે મોહ, મમતા કે આસક્તિ છે તેને ટાળી જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન કરાવી તેનું આત્યંતિક કલ્યાણ કરે એ ભગવાન છે.

અદાભાઈ આ સાંભળીને કૃતાર્થ થઇ શ્રીહરિના ચરણોમાં ઢળી પડ્યા.

# ૧૮

એક વાર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સભામાં પ્રશ્ન પૂછ્યો કે, મહારાજ! રામાયણમાં જનક, જાનકી ને ધનુષ્યની જે રૂપક કથા આવે છે તેનો તાર્કિક અર્થ શું છે?

શ્રીહરિએ પ્રસન્નતાપૂર્વક એનો જવાબ આપતા કહ્યું આધ્યાત્મિક માર્ગમાં તમારા જે માર્ગદર્શક ગુરુ હોય તે જનકને સ્થાને છે. મુમુક્ષુ જીવાત્માને જાનકી જાણવો. અવળી સમજણ (wrong understanding) એ ધનુષ્યનું પ્રતિક છે, જ્યારે રામ એ પરમાત્માને સ્થાને છે.

એ રૂપકમાં એમ આવે છે કે જાનકી (જીવાત્મા) બાળપણમાં એટલે કે અજ્ઞાન અવસ્થામાં પેલું પરશુરામનું ધનુષ્ય (એટલે કે અવળી સમજણ) પકડીને રમ્યા કરતી. જનકે તેનો સ્વયંવર રચી શરત મૂકી કે જે જાનકીના ધનુષ્ય પર પણછ ચડાવશે તેની સાથે હું જાનકીને પરણાવીશ. રામે જાનકીનું ધનુષ્ય તેની પણછ ચડાવતી વેળા તોડી નાંખ્યું. પરિણામે જાનકી રૂપી જીવાત્મા રામ રૂપી પરમાત્માને વર્યો.

આ આખીય કથાનો સાર એ છે કે જ્યારે બ્રહ્મવેત્તા

ગુરુના ઉપદેશ દ્વારા મુમુક્ષુ જીવની અવળી સમજણ સવળી (proper understanding) થાય ત્યારે એ જીવ પરમાત્માને પામે છે.

# ૧૯

ભગવાન સ્વામિનારાયણ વિવિધ માનુષી લીલાઓ પોતાના દિવ્યાતિદિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવવાના એક માત્ર હેતુથી કરતા હતા. જે કોઈ મનુષ્ય ન કરી શકે તેવું કરી બતાવી તેમણે સમજાવ્યું કે અમે મનુષ્ય જેવા ભલે દેખાઈએ છીએ, પરંતુ તમારા જેવા માયિક મનુષ્ય નથી, જન્મ્યા થકા અજન્મ્યા પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા છીએ.

પોતાના કચ્છ વિચરણ દરમ્યાન શ્રીજીમહારાજે એક અનોખી લીલાનું પ્રકરણ આદર્યું હતું. એ દિવસો દરમ્યાન મહારાજ નિત્ય તાંસળી ભરીને મીંઢીઆવળ (સોનામુખી) પીતા. મીંઢીઆવળ એક જાતની રેચક વનસ્પતિ છે, તેના પાંદડાનો જુલાબ લેવાય છે. કોઈ સામાન્ય મનુષ્ય જો રોજ આટલો જુલાબ લે તો તે ત્રણ ચાર દિવસમાં તો મરણને શરણ થઈ જાય!

પછી શ્રીહરિ બપોરના ભોજનમાં રોજ માત્ર એક શેર (લગભગ ૫૦૦ ગ્રામ) લીલા મરચાનો ગોળો જમતા. થોડા દિવસ પછી ચૈત્ર માસ બેસતાં મરચાની જગ્યાએ લગભગ ચાર થી પાંચ શેર (બે થી અઢી કિલો) કાચી કેરી સુધારી તેમાં મીઠું નાંખી આરોગતા. ત્યાર બાદ અષાઢ મહિનામાં રોજ

૨૦૦ નંગ ખાટાં લીંબુ ચૂસી જતા. મહારાજની આવી અલૌકિક લીલાઓ ભાવિક ભક્તોને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતી.

માયામાં રાત દિવસ રત રહેતા જીવો જ્યારે શ્રીજીમહારાજની આવી વિવિધ લીલાઓ જોતાં ત્યારે તેમને સુપેરે સમજાઈ જતું મહારાજ દિવ્યસ્વરૂપ ભગવાન છે, આપણા જેવા માયિક મનુષ્ય નથી.

# ૨૦

'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિનો ખૂબ મહિમા ગાયો છે :

મંગળકારી સારી મૂર્તિ, ધરી આજ દેવા આનંદ.
એહ મૂર્તિની સ્મૃતિએ, તર્યા કંઈક જનના વૃંદ.
સુખનિધિ આ સંસારમાં, સહુ જણ જાણો જરૂર.
મૂર્તિ શ્રી મહારાજની, દૃઢ ધારવા જેવી ઉર.

જીવનમાં સાચા સુખનું એક માત્ર સરનામું શ્રીજીમહારાજની મૂર્તિ છે. એ મૂર્તિ મંગળકારી છે, એની અહોનિશ સ્મૃતિ આનંદની અખૂટ ખાણ સમાન છે.

એવી મૂર્તિ અંતર ધારી, સૂતા બેઠા જે રાખે સંભારી.
તે સૌ અક્ષરના અધિકારી, થાશે નિશ્ચય કરી નરનારી.

શ્રી હરિની દિવ્ય અલૌકિક મૂર્તિના માહાત્મ્યનું વર્ણન કરવું એ શબ્દોની છેક મર્યાદા બહારની વાત છે.

# ૨૧

એક વાર ભુજના મહારાવના દીવાન અને શ્રીહરિના અનન્ય ભક્ત સુંદરજીભાઈ સુતારે મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, હે પ્રભુ! ધર્મશાસ્ત્રોમાં એમ લખ્યું છે કે સત્ય યુગ, ત્રેતા યુગ અને દ્વાપર યુગમાં ભગવાન પોતાના ભક્તોની રક્ષા પોતાના અમોઘ શસ્ત્ર સુદર્શન ચક્ર વડે કરતા હતા, તો હવે કળિયુગમાં ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા કેમ એ દિવ્યશસ્ત્ર ધારણ નથી કરતા?

શ્રીજીમહારાજે માર્મિક સ્મિત કરીને કહ્યું સુંદરજી! એ સુદર્શન ચક્રમાં દશ હાજર સૂર્ય જેટલો પ્રકાશ હતો, એ શસ્ત્ર આસુરી તત્ત્વોથી ભગવાનના ભક્તોના માત્ર દેહની રક્ષા કરતું હતું, પરંતુ એમના અંતરમાં જે અજ્ઞાનરૂપી અંધકાર હતો તેને ટાળવા માટે એ સમર્થ નહોતું.

જ્યારે અત્યારે કળિયુગમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એ જ આજના યુગનું સુદર્શન ચક્ર છે, અંતરના અજ્ઞાનને ટાળવા એનાથી મોટું કોઈ શસ્ત્ર અખિલ બ્રહ્માંડમાં શોધ્યું જડે તેમ નથી. કળિયુગ જેવા કઠિન કાળમાં ભગવાન પોતાના ભક્તોની રક્ષા પોતાના પ્રગટ સ્વરૂપના જ્ઞાન દ્વારા કરે છે, એ જ્ઞાન જ તેમનું દિવ્ય સુદર્શન ચક્ર છે.

# ૨૨

આત્મકલ્યાણની ચાવી આપણી સમજણમાં જ રહેલી છે. અવરભાવની બાહ્યદૃષ્ટિને વિરામ કરીને આપણે જો સતત પરભાવની અંતરદૃષ્ટિમાં જ રાચીએ તો અંતરમાં આઠેપહોર આનંદની છોળો ઉડતી રહે.

શ્રીજીમહારાજે આપણને મનુષ્યદેહ ધરાવી આ મૃત્યુલોકમાં મોકલી કેવળ કૃપા જ કરી છે. ચૌદએ લોકમાં આ લોક જેવી જગ્યા એકે નથી. જુઓ ને... આ સૃષ્ટિ કેટલી સુંદર છે... આ રંગબેરંગી આકાશ..આ મધુર કલરવ કરતાં પંખી..આ પહાડો... ખળખળ વહેતા ઝરણા... નદીઓ... સતત સળગતો સૂરજ ને શાંત તેજ વરસાવતો ચંદ્ર... આ બધું કેટલું અદ્‌ભુત છે!

કુદરતનું આ સૌંદર્ય નિતાંત નિર્મળ છે, પરંતુ આપણી માયિક દૃષ્ટિ એને કુતસિત કરી નાખે છે. જો એ બધાનું દિવ્યતામાં રૂપાંતર કરતા આવડે તો માયા પણ નિર્ગુણ લાગવા માંડે! આ પૃથ્વીનો મહિમા ઓછો આંકવા જેવો નથી, કારણ કે અહીં પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો પાદુર્ભાવ થયો હતો, એમની દિવ્યવાણીનો ગુંજારવ હજી અહીંની હવામાં ગુંજી રહ્યો છે. આ ધરતી પર આપણને નંદસંતોની

આખી એક પેઢી મળી. બાપાશ્રી જેવા મહામુક્ત સાંપડ્યા.

જુઓ ને.... દેવોથી માંડીને મૂળ અક્ષર સુધી કોઈ ને પણ આત્યંતિક કલ્યાણ જોઈતું હોય તો અહીં આવવું પડે છે. નહિતર સાકાર મૂળ અક્ષરનું ધામ તો અક્ષરધામથી ક્યાં દૂર છે? પરંતુ સીધા નથી અવાતું. માટે મનુષ્ય જન્મ અને આ મૃત્યુલોકનું મહત્ત્વ ઓછું ના આંકવું. આ મોંઘો મનુષ્યદેહ મળ્યો છે તેના દ્વારા પ્રભુ ભજી પરમ પદ પ્રાપ્ત કરી લેવું.

# ૨૩

કારણ સત્સંગના જ્ઞાન પરત્વે બાપાશ્રી એમ કહે છે કે, જગતભરના જીવપ્રાણીમાત્રના જીવનનો એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિ જ છે. આપણા સંપ્રદાયની પરિભાષામાં આપણે પરમાત્માના સ્વરૂપ માટે મૂર્તિ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. પરમાત્માની પ્રસન્નતા માટે આપણા શાસ્ત્રોમાં જે જે સાધન બતાવ્યા છે તેની ફળશ્રુતિ માત્ર ને માત્ર મૂર્તિ જ છે. માટે એ ધ્યેયની પ્રાપ્તિ માટે આપણે મૂર્તિરૂપ થવું પડે!

જે રીતે પાંડવો ને કૌરવોને શસ્ત્રવિદ્યાની પરીક્ષા દરમ્યાન ગુરુએ પૂછ્યું કે સામેના ઝાડની એક ડાળી ઉપર રાખેલા પક્ષીની એક આંખ વીંધી નાખવાની છે. હવે એક પછી એક જણ આગળ આવીને કહો કે તમને શું દેખાય છે? અર્જુન સિવાય બધાએ કહ્યું કે, અમને બધું જ એટલે કે તમે દેખાવ છો, આકાશ, ઝાડ, પક્ષી, એની આંખ..બધું જ દેખાય છે. ગુરુએ એમને નિશાન લીધા વિના જ બેસાડી દીધા. અર્જુનને જ્યારે નિશાન લેવાનું કહી પૂછ્યું કે શું દેખાય છે? ત્યારે તેને કહ્યું, મને પક્ષીની એક આંખ સિવાય કાંઈ દેખાતું નથી... ત્યારે ગુરુએ તેને લક્ષ્ય તાકવાની

આજ્ઞા આપી, ને અર્જુન સફળ રહ્યો.

એ પ્રમાણે મૂર્તિનું એકમાત્ર લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો તેના સિવાય બધું જ ભૂલી જવું પડે. બધામાં બધું જ આવી જાય...પોતાનું અસ્તિત્વ અને એની સાથે સંકળાયેલી સઘળી જંજાળ! ત્યારે અર્જુનની જેમ ધ્યેય સિદ્ધ થાય.

# ૨૪

વૈરાગ્યમૂર્તિ કવિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમના એક કિર્તનમાં શ્રીજીમહારાજને ઉદ્દેશીને લખ્યું છે કારણના કારણ, જીવન જાણું છું...

ભગવાન શ્રી સ્વામિનારાયણ કારણના કારણ (Cause of every cause) છે. પરભાવની દૃષ્ટિએ જોઈએ તો આત્યાંતિક કલ્યાણ અર્થાત્ મહારાજની મૂર્તિનું સુખ ભોગવવાની લટક શીખવાડનાર અનાદિમુક્તને કારણ કહ્યાં છે, ને અનાદિમુક્તોને પોતાના સ્વરૂપમાં રસબસ કરી પોતાની મૂર્તિનું જેવું સુખ પોતાને આવે છે તેવું જ મુક્તોને આપનાર સુખદાતા શ્રીહરિને કારણના કારણ કીધા છે.

'કારણ સત્સંગ' શબ્દ અને એના ગહન જ્ઞાનના ઉદ્‌ગાતા (Promoter) આપણા જીવનપ્રાણ અબજીબાપાશ્રી છે. બાપાશ્રીએ સમજાવ્યું કે મંદિરમાં થતા સમા સમાનાં દર્શન, ઉત્સવ - સમૈયા, પાલખી, આચાર્ય ઈત્યાદિ કાર્ય છે તે નવા આદરવાળા (Beginners) માટે સમાસકારી (Empowering) છે, પરંતુ માત્ર કાર્યરૂપ થઈ તે કાર્યના આનંદમાં જ રચ્યાપચ્યા ના રહેવું, કારણરૂપ શ્રીજીમહારાજની મૂર્તિના અખંડ અનુસંધાન સાથે જ સર્વે ભક્તિરૂપ ક્રિયા કરવી.

# ૨૫

પ્રશ્નઃ અનાદિમુક્તની સ્થિતિ કોને કહેવાય? એ કેવી રીતે પ્રાપ્ત થાય?

જીવાત્મા પોતાના અજ્ઞાનમય આવરણોથી મુક્તિ પામીને પરમપદની પ્રાપ્તિ માટે જે કલ્યાણયાત્રા આદરે છે તેનું અંતિમ સર્વોચ્ચ પદ છે અનાદિમુક્તની સ્થિતિ! પરમાત્મા માત્ર એક જ છે, અન્ય કોઈ પરમાત્મા નથી બની શકતું. પરંતુ પરમપદની એ અંતિમ અવસ્થામાં મુક્ત અનન્ય દાસભાવે ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપમાં રસબસ થઈને રહી શકે છે અને એ છે અનાદિમુક્તની અવસ્થા! અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય તેજોમય વ્યતિરેક સ્વરૂપ સાથેની પ્રગાઢ તાદાત્મ્યની સ્થિતિ એટલે અનાદિમુક્ત!

અનાદિમુક્તની સ્થિતિ માત્ર ને માત્ર પરમાત્માની કૃપા દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. એના માટે કૃપાપાત્ર થવા બિલકુલ અહમશૂન્ય થઈને સાધનનો ભાર રાખ્યા વિના શ્રી હરિની પ્રસન્નતાના સાધન કરવાના રહે છે.

# ૨૬

આપણા જીવનપ્રાણ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી એક વાર ટ્રેનમાં અમદાવાદ આવતા હતા ત્યારે રસ્તામાં નડિયાદ સ્ટેશને ગાડી ઉભી રહી, ત્યારે પ્લેટફોર્મ ઉપર ઉભેલા એક મુસલમાનના છોકરાને બાપાશ્રીએ દિવ્ય દર્શન આપ્યા. તે છોકરો ટોપી ઉતારી બાપાશ્રીને પગે લાગીને બોલ્યો આપ નૂરાની ફરિસ્તે હો, મેરા ભલા કરના... મૈ આપકે કદમોકા મુરીદ (દાસ) હુઁ.

એ સમયે ત્યાં તેનો એક હિન્દુ દોસ્ત બ્રાહ્મણનો છોકરો પણ ઉભો હતો, તે બાપાશ્રીને પગે ના લાગ્યો. પેલા મુસ્લિમ છોકરાએ ફરી તેને ટકોર કરતા કહ્યું અબે બમ્મન... ક્યા દેખ રહે હો? ઉન્કે પાંવમેં સર રખ દે, તેરા ભલા હો જાયેગા... પણ તે બ્રાહ્મણ છોકરો ના નમ્યો તે ના જ નમ્યો!

આત્મા હિન્દુ પણ નથી ને મુસલમાન પણ નથી. હિંદુઓનું સ્વર્ગ, મુસ્લિમોનું જન્નત ને ખ્રિસ્તીઓનું હેવન એક જ સ્થિતિના ત્રણ જુદા જુદા નામ છે. આધ્યાત્મિક વ્યક્તિ ક્યારેય કોમવાદી હોઈ ન શકે. ભગવાન અને મોટા મુક્તની દૃષ્ટિએ બધાં જ જીવો જેવા કે મનુષ્ય, પશુ, પક્ષી

દરેક કરૂણાને પાત્ર હોય છે. ભગવાન અને તેમના મુક્તો જે જીવનો મોક્ષ કરવો હોય તેને જ દિવ્યદર્શન આપે છે. ઉપનિષદની વાણી છે - यमेवैष वृणुते तेन लभ्यः । અર્થાત્ ભગવાન જેનાં પર કૃપા કરે છે તેને જ તેમની પ્રાપ્તિ થાય છે.

# ૨૭

એક હરિભક્તે બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો કે, બાપા! મોટા પુરુષ કેમ (How) ઓળખાય?

બાપાશ્રીએ કહ્યું જેને સમાગમે કરીને જગતના ઘાટ (સંકલ્પ - વિકલ્પ) બંધ થઈ જાય, વિષયના રાગ ટળે, શ્રીજીમહારાજ વિના બધું અસત્ય જણાય, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વૃદ્ધિ પામે, ધ્યાનમાં વિક્ષેપ ન આવે અને મૂર્તિના સુખે સુખીયા થવાય એને મોટા પુરુષ જાણવા.

વળી એ ભક્તે ફરી પૂછ્યું બાપા, એમ કહેવાય છે કે મોટાને યોગે ભલભલાના અવયવ (પ્રકૃતિ) ફરી જાય, તો એ કેવી રીતે થતું હશે?

બાપાશ્રી બોલ્યા જ્યારે મુમુક્ષુ મોટા મુક્તને ઓળખીને તે કહે તેમ કરે, તેમની અનુવૃત્તિમાં વર્તે ને આ લોકના વિષયસુખમાંથી વૃત્તિને પાછી વાળી મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો તેના અવયવ ફરી જાય ને તત્કાળ સ્થિતિ થઈ જાય.

જ્યાં સુધી સાધક દેહભાવ ટાળી પ્રતિલોમ વૃત્તિએ અંતર્દ્રષ્ટિ કરી બ્રહ્મરૂપ થતો નથી ત્યાં સુધી તે મોટા પુરુષને

તે જેવા છે તેવા ઓળખી શકતો જ નથી. મોટાને જેને જેને હકીકતમાં ઓળખ્યા છે તેમનો સ્થિતિ થયાં વિના રહી જ નથી.

# ૨૮

એક વાર શ્રીજીમહારાજ ભુજમાં સુંદરજીભાઈ સુતારને ત્યાં પાટ ઉપર સૂતા હતા ત્યારે મૂળજી ઠક્કર આવીને મહારાજના હાથ-પગ હળવા હાથે દાબવા લાગ્યા. મૂળજીભાઈ સહજાનંદ સ્વામીને એક સમર્થ સંત વિભૂતિ માનતા હતા, પરંતુ એ સાક્ષાત્ શ્રીહરિ છે એમ નહોતા સ્વીકારી શકતાં. વળી સુંદરજીભાઈ, ગંગારામ મલ્લ વગેરે ભક્તો મહારાજને ભગવાન માનીને પૂજતા ત્યારે તેમને જાતજાતના સંકલ્પ વિકલ્પ થયા કરતા.

મહારાજે કહ્યું મૂળજી, આમ હળવેથી નહિ, બહુ ભાર દઈને ચાંપો. મૂળજી તો જેટલું જોર હતું એટલું લગાવીને ચરણ દાબવા લાગ્યા, પણ મહારાજ તો જાણે કોઈ પગને પંપાળતું હોય એટલી સહજતાથી સૂઈ રહ્યા. થોડી વારમાં તો મૂળજી ભગત પરસેવે રેબઝેબ થઈ ગયા. ચરણ ચાંપતી વખતે તેમને એમ લાગતું હતું કે જાણે મહારાજના શરીરમાં હાડકાં છે જ નહિ. તેમને વિચાર આવ્યો કે આવું કોમળ ને કમનીય, માખણથી પણ મુલાયમ ને રૂથી પણ નરમ શરીર કોઈ મનુષ્યનું હોય નહિ.નક્કી મહારાજ દિવ્યાતીદિવ્ય પરમાત્મા જ હોવાં જોઈએ. અંતે મૂળજીને નિશ્ચય થયો કે

આ સહજાનંદ સ્વામી સંત પુરુષ નહિ, સ્વયં ભગવાન છે. તેમણે શ્રીહરિને કહ્યું મહારાજ, આજના અનુભવ પરથી મેં આપને ખરેખરા ભગવાન જાણ્યા, આજે મારા સંશય માત્ર ટળી ગયા.

આપણી સાથે ને સામે જે આપણા જેવા જ સાવ સામાન્ય મનુષ્ય થઈને રહેતા હોય તેમને ભગવાન માનવા એ બહુ મોટી ઘાંટી (Big puzzle) છે, એ રહસ્ય સમજાવી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા જ મહારાજ આવા દિવ્ય ચરિત્ર કરતા હતા.

# ૨૯

જૂનાગઢમાં એક વાર સભામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે, ઉપાસનાનું રહસ્ય જ્યાં સુધી સમજાયું નથી ત્યાં સુધી સત્સંગ થયો જ નથી.

ગઢડા પ્ર.૫૬મા વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન છે

ઇંદ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું રૂપ ન્યારૂ છે, એવું શાસ્ત્રમાંથી સાંભળીને નિશ્ચય કર્યો છે તો પણ ઇંદ્રિયો અંતઃકરણ ભેળા ભળીને સુખરૂપ એવો જીવાત્મા તે પરમાત્માનું ભજન સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખીયો કેમ થાય છે?

પછી શ્રીજીમહારાજે એનો ઉત્તર કરતા કહ્યું કોઈ સિદ્ધ થાય છે, કોઈ સર્વજ્ઞ થાય છે, અને કેટલાક દેવલોકમાં જાય છે. એ સર્વ પ્રકારની મોટપ મળે, તેમ જ પરમ પદને પામે અને દુઃખ હોય તો તેનું નિવારણ થાય તે સર્વ પોતાના ઇષ્ટદેવની ઉપાસનાના બળ વડે થાય છે. દેહ અને આત્મા જુદા છે એમ શાસ્ત્રમાંથી સાંભળીને કોઈ એ પ્રમાણે દેહ

અને આત્માને જુદા રાખવા મથે પણ તેણે કરીને કંઈ દેહ ને આત્મા જુદા થાય જ નહિ. એ તો એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવને વિશે ઉપાસના ને નિષ્ઠા તેટલો જ આત્મા ને અનાત્માનો વિવેક થાય છે. પરંતુ ઈષ્ટદેવના બળ વિના કોઈ સાધન સિદ્ધ થતું નથી. આગળ જે જે મોટી પદવીને પામી ગયા છે તે પણ ઉપાસનાના બળથી જ પામ્યા છે.

---

# ૩૦

એક વાર ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈએ વાત કરી હતી કે, અત્યારે લોકોએ ભૌતિક સુખો પાછળ ગાંડાની જેમ દોટ લગાવી છે, પરંતુ આ દુન્યવી સુખો તો ઝાંઝવાના જળ જેવા સુખના આભાસવાળા દુઃખો છે.

શ્રીજીમહારાજ એક વાર સંત હરિભક્તોની સભામાં બેઠા હતા ત્યારે દૂર ગામના એક હરિભક્તે આવીને મહારાજને દંડવત પ્રણામ કર્યા. મહારાજે પૂછ્યું ભગત, સુખી તો છો ને? ભગત કહે હા મહારાજ! તમારી કૃપાથી ધન-ધાન્ય, સુખ સમૃદ્ધિ , છોકરા-છૈયા, વાડી વજિફા બધું જ છે... સર્વે પ્રકારે અમે સુખી છીએ, દયાળુ! મહારાજ કહે, ભગત, અમે તમારી સુખ સમૃદ્ધિ ને છોકરા-છૈયા લઈ લઈએ પછી તમે કહેશો કે, મહારાજ! તમારી બહુ કૃપા છે?

આ સાંભળીને ભગત તો વિચારમાં પડી ગયા. શ્રી હરિએ તેમને સમજાવતા કહ્યું ભગત, ભૌતિક સુખના સાધનો અમારી કૃપાનો માપદંડ નથી. અમે જેની ઉપર ખરેખરા રાજી થઈ જઈએ છીએ તેના ધન-વૈભવ પાછા લઈ લઈએ છીએ, જેથી તેને અધ્યાત્મ માર્ગમાં કોઈ અવરોધ ન આવે. અમારી મૂર્તિનો જેટલો સંબંધ રહે અને અમારી મૂર્તિનું જેટલું સુખ આવે એ જ અમારી કૃપાનું પરિમાણ છે.

# ૩૧

પ્રગટ પુરુષોત્તમ નારાયણનું વરસો સુધીનું સાંનિધ્ય અને એમની મહામૂલી સેવા કેટલા પુણ્યએ મળે? એ મળ્યું એટલે પૂરું થયું સમજવું? આવો... અવરભાવ અને પરભાવની દૃષ્ટિએ એને સમજીએ. દાદાખાચર ભગવાન સ્વામિનારાયણના અત્યંત કૃપાપાત્ર અંતેવાસી ભક્ત હતા. શ્રીજીમહારાજે સ્વધામ પધારતી વખતે તેમને સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાની ખાસ ભલામણ કરી હતી.

એક વાર તેમણે સ્વામીને પૂછ્યું સ્વામી, અમારા એવા મોટાં શું પુણ્ય હશે કે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ અમારા ઘેર પધાર્યા, તેને પોતાનું ઘર માનીને અમારી સાથે રહ્યા ને તેમની દુર્લભ સેવાનો લાભ અમને આપ્યો? સ્વામીએ કહ્યું દાદા, તમારા ભાગ્ય અને પુણ્યનો તો પાર જ નથી. તમને એક રહસ્યની વાત કરું... આ ટાણે જ તમને આવો અલભ્ય લાભ મળ્યો છે, એવું નથી. એ પહેલાં પણ બીજા એક બ્રહ્માંડમાં મહારાજ પધાર્યા હતા ત્યારે પણ તમને એમની અંગત સેવાનો આવો જ ભરપૂર લાભ મળ્યો હતો!

'પરંતુ દાદા, આ લાભ અને પ્રાપ્તિ અવરભાવની છે,

પરભાવમાં હજી તમને મહારાજ મળ્યા નથી! માટે આ પિંડ બ્રહ્માંડનો વિચારે કરીને પ્રલય કરી તમારા ચૈતન્યને અક્ષરબ્રહ્મ સાથે એકરૂપ કરી તેમાં મૂર્તિ ધારી એ સ્વરૂપ સાથે તદાકાર થઈ જાઓ, ત્યારે તમને મહારાજ અણુમાત્ર છેટા નહિ ભાસે, અખંડ ભેળા ને ભેળા જ રહેશે. પછી દાદાખાચરે એ પ્રમાણે પ્રતિલોમ ધ્યાન કરવા માંડ્યું એટલે ગણતરીના દિવસોમાં જ તેમની અનાદિમુક્તની સ્થિતિ થઈ ગઈ. છતાં પણ જીવનની અંતિમ ઘડી સુધી તેઓ શ્રીજીમહારાજની પ્રસન્નતાના સાધન કરતા રહ્યા હતા.

# ૩૨

શરદ પૂર્ણિમાના સપરમા દિવસે વરસો પહેલાં લખેલી એક કવિતાની બે ચાર પંક્તિઓ યાદ આવી ગઈ.

પ્રફુલ્લ રજની નિત્ય સજની, આજ આવી ચાંદની!
નભ સાગરમાં અમૃત રસ લઈ, આજ આવી ચાંદની!
ભાવ રસ વરસી રહ્યો છે, પ્રેમનિધિ ચંદ્રમા!
સકલ સૃષ્ટિની શીતળતા લઈ, આજ આવી ચાંદની!

ચંદ્રનો સીધો સંબંધ આપણા મન સાથે છે, વળી મનને તો શ્રીજીમહારાજે આત્માની એક કિરણ સાથે સરખાવ્યું છે. આપણા શાસ્ત્રો પણ મનને જ બંધન અને મોક્ષનું કારણ ગણાવે છે, માટે મનને જો વશ કરી અધ્યાત્મ સાધના કરવામાં આવે તો તત્કાળ તેમાં સફળતા મળે છે. પૂનમની રાતે મન ચંદ્રની જેમ એની પૂર્ણતમ ભાવદશામાં ખીલે છે, ત્યારે કરેલી કીર્તન ભક્તિ કે ધ્યાન-સાધના સાધકને ભાવનાની રસસમાધિમાં તરબોળ કરી મહારાજની મૂર્તિમાં રસલીન બનાવે છે.

પૂનમના પર્વનો મહિમા આપણા ધર્મશાસ્ત્રોએ ખૂબ ગાયો છે. એની ચંદ્રિકામાં શ્રી હરિએ સંતો સાથે રાસલીલા ખેલી કળિયુગના પ્રભાવને નિઃશેષ કર્યો

હતો. આપણા મંદિરોમાં પણ એ દિવસે અભિષેક પછી ઠાકોરજીની શોડશોપચારે પૂજા કરી મુકુટોત્સવ ઉજવવામાં આવે છે.

# 33

કારણ સત્સંગની પરિભાષા પ્રમાણે માત્ર સાધનનું મહત્ત્વ નહિવત્ છે, પરંતુ મહિમાસભર મૂર્તિમય થઈને કરેલા સાધનનું મહત્ત્વ અનેક ઘણું અધિક છે. જે સાધન દ્વારા સાધ્ય સ્વરૂપની પ્રાપ્તિ થાય, એની સાથે એકાકાર થવાય, એ જ સાધન યથાર્થ સાધન કહેવાય.

શ્રીજીમહારાજે લોયાના ૧૬મા વચનામૃતમાં મહિમાસભર ભક્તિને જ સર્વ સાધનમાં શ્રેષ્ઠ કહ્યું છે અનંત પ્રકારના માહાત્મ્ય સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના સર્વે દોષમાત્ર ટળી જાય છે ને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ સર્વે આવે છે, માટે એ સાધન સર્વમાં મોટું છે.

મહિમા વિનાની શુષ્ક ભક્તિ અર્થહીન છે, એમાં કોઈ આનંદ આવતો નથી, જ્યારે માહાત્મ્યસભર થઈને કરવામાં આવેલી ભક્તિથી અંતરમાં અહોનિશ આનંદના ઓઘ ઉતરે છે, નિત્ય નવીન નવીન સુખની અનુભૂતિ થયા કરે છે.

---

# ૩૪

અવરભાવની દૃષ્ટિએ દિવાળી અને વિક્રમ સંવતના બેસતા વરસનો તહેવાર દર વરસે આવે છે. પરંતુ કારણ સત્સંગ તો માત્ર પરભાવમાં માને છે, તેમાં અવરભાવને કોઈ સ્થાન નથી. પરભાવની દૃષ્ટિએ દિવાળી એટલે આ દુર્લભ મનુષ્યજીવનની પ્રાપ્તિ! દિવાળી આવતા જ અવરભાવમાં જેમ આપણે આપણા ઘરને વાળીઝૂડીને સાફ કરી ઘરના આંગણામાં રંગોળી સજાવી સુશોભિત કરીએ છીએ તેમ પરભાવની દૃષ્ટિએ આ મનુષ્ય દેહરૂપી દિવાળી ઉજવવા આપણે આપણા અંતરને પ્રભુ પ્રત્યેના પ્રેમ અને શ્રદ્ધાથી સ્વચ્છ ને પવિત્ર બનાવી તેમાં આનંદ, ઉત્સાહ ને સમ્યક્ સમજણરૂપી રંગોળી સજાવી હૈયાના હિંડોળે શ્રીહરિને ઝૂલાવવાના છે.

સદ્ગુરુ ભૂમાનંદ સ્વામી તેમના એક કિર્તનમાં ગાય છે કે, દિવાળીની દીપમાળા એ તો શ્રીજીમહારાજના વચનામૃતોનું પ્રતિક છે, કારણ કે એ અમૃત વચનો એના શબ્દે શબ્દે આપણા અંતરમાં દિવ્યજ્ઞાનના પુનિત પ્રકાશ પાથરે છે.એને જો આપણે અદ્ધરથી ઝીલીને અખંડ ધારી રાખીએ તો આપણા આત્યંતિક કલ્યાણને કોઈ આંચ ન આવે.

# ૩૫

આ દેહ છે તે જ હું છું, દેહના સગા સંબંધી મારા છે, અને દેહ સાથે જોડાયેલી બધી બાબતો અને દેહનું આયુષ્ય એ જ મારું જીવન છે, એ પ્રકારની સમજણ એ નરી અજ્ઞાનતા છે. આ અજ્ઞાન જ આપણને આપણા સાચા સ્વરૂપથી વંચિત રાખે છે.

આપણું અજ્ઞાત મન (sub conscious mind) જે વાતને સ્વીકારી લે છે તેવા આપણે બની જઈએ છીએ. અજ્ઞાત મન દ્વારા આપણે જ્યારે દેહભાવને આત્મસાત્ કરી લીધો ત્યારે આપણે દેહરૂપ બની ગયા. જોકે સાધન કરવા માટે દેહરૂપી ઉપકરણ (Instrument) પ્રાપ્ત કરવા એ કરવું જરૂરી પણ હતું.

પરંતુ હવે એ ઉપકરણનો ઉપયોગ કરીને આપણે જેમ કાંટે કરીને પગમાં ઘૂસી ગયેલા કાંટાને કાઢીને પછી બંને કાંટાને ફેંકી દઈએ છીએ તેમ આત્મનિષ્ઠા પ્રાપ્ત કરીને ત્રણેય પ્રકારના દેહભાવને તિલાંજલિ આપી દેવાની છે.

જે રીતે અજ્ઞાત મનમાં દેહભાવનો નિશ્ચય થવાથી દેહરૂપ થવાયું એ જ રીતે અજ્ઞાત મનમાં આત્મનિષ્ઠાનો નિશ્ચય થવાથી આત્મસત્તા પમાય છે. જો કે આપણે આત્મસુખમાં સંતોષ માનીને એ આત્મભૂમિકા પર સ્થિર

થવાનું નથી. એ તો આપણી યાત્રાનું પહેલું પગથિયું છે. આપણો એક માત્ર ધ્યેય તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ અનાદિમુક્તની સ્થિતિ પામવાનું છે.

# ૩૬

આધુનિક ભૌતિક યુગમાં મોટા ભાગના જગતના જીવોને વિષયભોગમાં જ જીવનનો સર્વોચ્ચ આનંદ મનાય છે, અને ધન દ્વારા એની પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકતી હોવાથી પૈસાનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. પરિણામે અત્યારે લોકોની વૃત્તિ પૈસાના મહિમા આકારે થઈ ગઈ હોવાથી વધુને વધુ ધન મેળવવા માટે તેઓ રાત-દિવસ સતત એકધારું કામ કરવા છતાં થાકતા પણ નથી ને કંટાળતા પણ નથી. આવો મહિમા જ્યારે ભગવાન અને એમના અનાદિમુક્તનો સમજાય અને એ મહિમા આકારે વર્તાય ત્યારે રાત-દિવસ સતત ભજન-સ્મરણ ને ધ્યાન કરતા થાક પણ નહિ લાગે કે કંટાળો પણ નહિ આવે. એટલું જ નહિ, આઠે પહોર અંતરમાં એ અલભ્ય પ્રાપ્તિનો આનંદ ને અહોભાવની અનુભૂતિ રહ્યા કરશે!

શ્રીજીમહારાજ અને એમના મુક્તોનું યથાર્થ માહાત્મ્ય સમજાયા પછી એ મહિમા આકારે આપણે જ્યારે વર્તીએ ત્યારે જ એમની કૃપાને કારણે જે પ્રાપ્તિ થઈ છે એનો આનંદ આપણે માણી શકીએ.

# ૩૭

એક વાર શ્રીજીમહારાજ વડતાલ પધારતી વખતે માર્ગમાં આવતાં ભાલ પ્રદેશના બોરુ ગામે રાત રોકાયા, બીજે દિવસે સવારે જ્યારે તેઓ તળાવને કાંઠે આવેલી દેરી પાસે બેસીને નિત્યવિધિ કરતા હતા ત્યારે પર્વતભાઈ, મયારામ ભટ્ટ વગેરે દોઢસો હરિભક્તો ત્યાં જઈ પહોંચ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડીને પર્વતભાઈ બોલ્યા મહારાજ! તમે કહો તે હું આપને અર્પણ કરું...

શ્રી હરિ કહે પર્વતભાઈ! અનંત કોટિ બ્રહ્માંડ અમારે આધારે છે, અને એ સર્વેમાં અમારું જ ધાર્યું થાય છે. એ બ્રહ્માંડોની બહાર તમારું પોતાનું કાંઈ હોય તો તે અમને આપો. આ સાંભળીને પર્વતભાઈ વિચારમાં પડી ગયા. પછી તેઓ ફરી વિનમ્રતાપૂર્વક હાથ જોડીને બોલ્યા પ્રભુ! આપ જેમ કહો તેમ કરું...

મહારાજ કહે અમારા આ પાંચ વર્તમાન જે પાળે તેના અમારે કલ્યાણ કરવા છે.

પર્વતભાઈ રમૂજમાં કહે એ પાંચ વર્તમાન અમે પહેલેથી પાળતા હોત તો તમે શું પળાવત? આ સાંભળી મહારાજ હસીને બોલ્યા તો અમે એ પાંચ વર્તમાન ન પાળે

તેનું કલ્યાણ કરત!

આ રમૂજી પ્રસંગ ઉપરથી એટલું તો સમજાય છે કે પુરુષાર્થની પ્રધાનતા કેટલી છે? અને કૃપાની મહત્તા કેટલી છે? ભગવાન આપણા પ્રયત્નને સ્વીકારે છે તેથી તે સાર્થક ઠરે છે, અન્યથા તેની કોઈ કિંમત રહેતી નથી. પુરુષ પ્રયત્ન કરતાં ભગવદ્ કૃપાની જ મહત્તા વિશેષ છે.

# ૩૮

પ્રશ્નઃ મનુષ્યભાવમાં દિવ્યભાવ સમજવો એટલે શું?

અવરભાવ અને પરભાવનો concept ક્લિયર થયા વિના આ નહિ સમજાય. અવરભાવ એટલે દેહાત્મબુદ્ધિ દ્વારા પ્રાપ્ત થતી બાહ્યદૃષ્ટિ, અને પરભાવ એટલે આત્મનિષ્ઠા દ્વારા પ્રાપ્ત થયેલી સમ્યક્ જ્ઞાનદૃષ્ટિ!

ભગવાન અને મોટા મુક્તમાં મનુષ્યભાવ જોવો એટલે એમને પોતાના જેવા સામાન્ય મનુષ્ય જ જાણવા. ભગવાન અને મોટા મુક્તના શરીર ભલે આપણા જેવા હાડચામના બનેલા દેખાતા હોય પરંતુ પરભાવમાં તેઓ માયાના ગુણોથી પર ગુણાતીત છે, નિર્લેપ છે, દિવ્યાતીદિવ્ય છે. આવો દિવ્યભાવ તેમના મનુષ્યસ્વરૂપમાં સમજીએ તો ક્યારેય તેમના કોઈ ચરિત્રમાં સંશય ન થાય અને તેમની સર્વે ક્રિયાઓ કલ્યાણકારી મનાય.

આને કહેવાય મનુષ્યભાવમાં દિવ્યભાવ સમજવો. પંચાળાના ૪થા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે અમારું સનાતન દિવ્ય મૂળ સ્વરૂપ અમારા અક્ષરધામમાં રહ્યું છે. (અક્ષરધામ શબ્દ સ્થાનવાચક નથી, સ્થિતિવાચક છે.) અમારો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર

નથી જેની ઉપમા આપી શકાય, કેમ કે આ બ્રહ્માંડમાં જેટલા પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને અમે તો દિવ્યાતિદિવ્ય ને અમાયિક છીએ. આવું જ્યારે દૃઢપણે સમજાઈ જાય ને એની અંતરમાં હા પડી જાય પછી ક્યારેય ભગવાન ને મોટા મુક્તોમાં મનુષ્યભાવ પરઠે નહિ.

## ૩૯

જ્ઞાનમાં અપૂર્ણતા અત્યંત ઘાતક છે. ક્યાં તો સાવ અજ્ઞાની રહેવું સારું અથવા પછી પૂર્ણ જ્ઞાનની સ્થિતિને પામી જવું સારું! પરંતુ ત્રિશંકુ જેવી સંદિગ્ધ અવસ્થા ખૂબ ખરાબ છે.

આવી અવસ્થા પોતાનું તથા બીજાનું પણ અકલ્યાણ જ કરે છે. શાસ્ત્રના બે શબ્દો ગોખીને કોઈ જ્ઞાની નથી બની જતું, ઉલ્ટાનું એનાથી તો મિથ્યાભિમાન વધે છે. પરિણામે એવા અધકચરા અજ્ઞાનીઓ દ્વારા સત્સંગમાં સાચા મુક્તોનો જાણ્યે અજાણ્યે દ્રોહ થતો રહે છે.

મુખ્ય મુદ્દાની વાત એ છે કે મુમુક્ષુએ હંમેશાં નમ્ર અને વિવેકી રહેવું જોઈએ. મોટા પુરુષના કોઈ ચરિત્રમાં સંશય થાય તો નિઃસંકોચ એમને પૂછીને એનું તત્કાળ નિરાકરણ કરવું જોઈએ, પણ મનને લાંબા સમય સુધી અસમંજસમાં (Confusion) ન રાખવું.

# ૪૦

શ્રીજીમહારાજનું યથાર્થ માહાત્મ્ય દૃઢ થવાથી પ્રતિમા સ્વરૂપે તેમ જ દિવ્યરૂપે તેમનું પ્રગટપણું વર્તે છે. પરિણામે મારી સર્વે ક્રિયાના સાક્ષી મહારાજ છે એવું સમજાતા નાની મોટી સર્વે આજ્ઞાઓનું ખટકાપૂર્વક પાલન થાય છે.

ભગવાન સ્વામિનારાયણ સદાય પરભાવમાં જ છે. જેમને એમના સ્વરૂપનું પરભાવનું માહાત્મ્ય બરાબર સમજાઈ ગયું હોય તેને અન્ય કોઈ દેવ-અવતારાદિકનું કે પોતાનું કર્તાપણું ક્યારેય ન મનાય. તે એક માત્ર શ્રીજીમહારાજને જ કર્તા માને છે. તેવા ભક્તોને કેવું વર્તે તે વિશે શ્રી હરિજી મહારાજ ગ. પ્ર. ૭૮મા વચનામૃતમાં કહે છે તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી, અને અનંત કોટિ બ્રહ્માંડને વિશે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે, અને તેને વિશે સુખ દુઃખનો જીવને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમના હાથમાં છે, જેટલું એ ભગવાન કરે તેટલું જ થાય છે.

જેને જેને શ્રીજીમહારાજના સ્વરૂપનું આવું પરભાવનું માહાત્મ્ય સમજાયું હતું તેવા પાત્રોની શ્રીમુખે ગ. મ. ૫૯મા વચનામૃતમાં અતિ પ્રશંસા કરી છે.

પરભાવના માહાત્મ્યની વાત જ નોખી છે. એ સમજનારને કોઈનો ય ભાર ન રહે ને પરિણામે અંતરમાં અનોખી ખુમારી અહોનિશ વર્ત્યા કરે.

# ૪૧

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું એક કીર્તન છે –

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ

અહીં કવિએ સંત શબ્દ અનાદિમુક્ત માટે વાપર્યો છે, તેથી સ્વામીએ આગળ સ્પષ્ટતા કરતા લખ્યું છે..

આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ.
જેનાં શીશમાં શીશ છે શ્યામનું, જેનાં નેણમાં નાથનાં નેણ.
જેનાં મુખમાં મુખ મહારાજનું, જેનાં વેણમાં વાલાનાં વેણ..

શ્રીજીમહારાજની મૂર્તિ સાથે આટલું તાદાત્મ્ય માત્ર ને માત્ર અનાદિમુક્તની સ્થિતિ જેણે આત્મસાત્ કરી હોય એવા સાધુ કે હરિભક્તને જ હોઈ શકે. પરમાત્મા સાથેના આવા પ્રગાઢ તાદાત્મ્યને જ કારણ સત્સંગમાં પ્રતિલોમપણું કહે છે. આગળ કવિ લખે છે –

એમ સંતમાં રહ્યાં છે શ્રી હરિ, માટે સંત છે સુખનું ધામ.

કારણ સત્સંગનું જ્ઞાન એમ કહે છે કે, આવા સંત અર્થાત્ અનાદિમુક્તની સાથે આત્મબુદ્ધિ (આત્મબુદ્ધિ એટલે જેવી પોતાના દેહ અને દેહના સંબંધી સાથે આત્મીયતા છે - (emotional intimacy છે તેવું

bonding) કરવાથી જ આત્યંતિક કલ્યાણ થાય છે, કારણ કે એવા સંત દ્વારા સ્વયં શ્રી હરિજી મહારાજ સર્વે ક્રિયાઓ કરતા હોય છે.

# ૪૨

એક મૂંઝવણ છે શ્રીજીમહારાજનું માહાત્મ્ય વાચ્યાર્થમાં સમજાય છે, પરંતુ મહિમા આકારે વર્તાતું નથી, તેનું શું કારણ?

એનું કારણ છે - દેહભાવ. જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ છે ત્યાં સુધી બાહ્યદૃષ્ટિ (અવરભાવ) ટળતી નથી.વચનામૃત કહે છે કે - બાહ્યદૃષ્ટિવાળાની સમજણ ખોટી છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે આત્મારૂપે રહીને ભગવાનને પ્રીતી કરવી અને એ પ્રીતીને મોટા મોટા આચાર્યોએ બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ. મ. ૪૩)

માટે જ્યાં સુધી પરભાવમાં (આત્મદૃષ્ટિએ) મહારાજનો મહિમા ન સમજાય ત્યાં સુધી મહિમા આકારે વર્તાતું નથી, અને જ્યાં સુધી મહિમા આકારે ન વર્તાય ત્યાં સુધી હૈયામાં આઠે પહોર અહો! અહો! રહેતું નથી.

# ૪૩

ધ્યાન શું છે? ધ્યાન શા માટે કરવું જોઈએ? ધ્યાન કરવાથી શું થાય? આ બધા પ્રશ્નોના જવાબ આપણને ધ્યાનમાં ઊંડા ઉતર્યા પછી જ મળે છે.

એક કવિએ લખ્યું છે કે....

માંહી પડ્યા તે મહાસુખ માણે,
દેખનહારા દાઝે જોને...

આપણે વર્ષો સુધી ધ્યાન અંગેના પુસ્તકો વાંચ્યા કરીએ, ધ્યાન પર પ્રવચનો સાંભળ્યા કરીએ, ધ્યાન વિશે ચર્ચા કર્યા કરીએ, છતાં પણ ધ્યાનના અગમ્ય દ્વાર સુધી પહોંચી નથી શકતા, કારણ કે ધ્યાન કોઈ વિચાર નથી, ધ્યાન કોઈ કલ્પના નથી, ધ્યાન કોઈ વસ્તુ નથી, ધ્યાન કોઈ ક્રિયા નથી. ધ્યાન ચેતનાની એક અલૌકિક સ્થિતિનું નામ છે.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-એ ત્રણ શરીરના ભાવને ટાળીને પોતાના શુદ્ધ ચૈતન્યને બ્રહ્મરૂપની ભાવના કરી તેમાં ભગવાનની મૂર્તિની ધારણા કરવી એજ ધ્યાનનાં અગમ્ય દ્વારમાં પ્રવેશવાનો એક માત્ર રાજમાર્ગ છે!

# ૪૪

ભગવાન સ્વામિનારાયણ અનંતકોટિ બ્રહ્માંડ પરત્વે એક માત્ર સનાતન ભગવાન છે. એમના જે અવતારો, તીર્થંકરો, પયગંબરો આ લોકમાં આવીને લોકોમાં પૂજાયા તે તેમના લોકોત્તર કાર્યોને કારણે પૂજાયા, જે એ સનાતન ભગવાનના દિવ્ય આવિર્ભાવને કારણે થયાં હતાં.

એ અવતારો ને દેવો તો શ્રીજીમહારાજના ઐશ્વર્યાર્થી સકામ ભક્તો છે, એમને પરભાવમાં પુરુષોત્તમ નારાયણનો સાક્ષાત્ સંબંધ પણ નથી ને દર્શન પણ નથી.

શ્રીજીમહારાજના ચારેય પ્રકારના ભક્તો-ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિમુક્ત શ્રી હરિના સાક્ષાત્ સંબંધવાળા હોવાથી એ ઐશ્વર્યાર્થી અવતારો અને દેવો કરતા ઘણા મહાન છે. માટે જે ગુણબુદ્ધિવાળા ભક્તો હોય તેમણે અન્ય દેવ-દેવોથી અંજાયા વિના મહારાજના મુક્તોનો યથાર્થ મહિમા સમજવો અત્યંત આવશ્યક છે.

ઘણીવાર એવું બનતું જોવા મળે છે કે સંસારમાં લોકો પોતાની લૌકિક ઈચ્છાઓ પૂરી કરવા માટે, મનુષ્યરૂપે દર્શન દેતા મહાન મુક્તોની સદંતર અવગણના (Ignore) કરીને, જે આ જગતમાં અત્યંત પ્રસિદ્ધ ને ખૂબ લોકપ્રિય હોય એવા

ઐશ્વર્યાર્થીઓ પાછળ પાગલની જેમ ઘૂમતા હોય છે! એ એમની નરી મૂર્ખતા ને પોતાના કલ્યાણ પ્રત્યેનું ઘોર અજ્ઞાન દર્શાવે છે.

# ૪૫

સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામી આત્મદર્શી હતા, છતાં અંતિમ સમયે દેહદાહ અને અશાંતિએ તેમને વ્યથિત કરી નાખ્યા ત્યારે શ્રીજીમહારાજે પોતાની રંગલીલા યાદ કરાવી તેમની પીડા ટાળી હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં (પ્ર.૫, વાત ૨૧૬) કહ્યું છે જે આત્મદર્શી છે તે ખાટી છાશના ભોગી છે, ને જે મૂર્તિ છે તે ઘી છે. માટે આપણે તો મૂર્તિરૂપ જ રહેવું.

તેથી જ પ્રેમાનંદ સ્વામીએ ધ્યાનની ગરબીમાં લખ્યું છે-
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ...

આત્મા દેહથી નોખો પડે પછી મહારાજ અને મોટા પુરુષ તેને વર્તમાન ધરાવી, જ્ઞાન આપી, સર્વે અંતઃશત્રુઓથી દૂર કરી મૂર્તિમાં રાખે છે.

આત્મભૂમિકા પર ખાસ કોઈ મહત સુખની પ્રાપ્તિ થતી નથી. અપરિમ સુખ પ્રાપ્ત કરવા માટે મુક્ત ભૂમિકા પર જવું પડે છે.

# ૪૬

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગ. અં. ૧૭મા વચનામૃતમાં કહે છે શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી, કેમ કે ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. ત્યાં ભગવાનનું ભજન કરતાં થકા મૃગલીના બચ્ચાને વિશે હેત થતાં તેમની મનની વૃત્તિ મૃગને આકારે થઈ ગઈ. પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે અનંત પ્રકારના પાપ છે તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે.

એક વાર ભગવાન બુદ્ધને તેમના પટ્ટશિષ્ય આનંદે પૂછ્યું ભગવન્, આપની એક શિષ્યા માધવીએ કરૂણાવશ એક રોગથી પીડિત કૂતરાને પાળીને તેને નિરોગી કર્યું, પણ હવે તેને એ કૂતરા સાથે એટલું હેત થઈ ગયું છે કે તે એને મૂકીને ક્યાંય જતી આવતી નથી. તો પ્રભુ! મૃત્યુ બાદ તેના આત્માની શી ગતિ થશે?

ભગવાન બુદ્ધે શાંતિથી કહ્યું આનંદ! માધવીએ એનો

પુનર્જન્મ (હવે પછીનો જન્મ Next Birth) અત્યારથી જ નક્કી કરી નાખ્યો છે. તેના મનની વૃત્તિ કૂતરામય થઈ ગઈ હોવાથી તે મૃત્યુ બાદ અવશ્ય કૂતરાની યોનિમાં નિશ્ચિતપણે જન્મ લેશે.

શ્રીજીમહારાજે ઉપરોક્ત વચનામૃતમાં સ્પષ્ટ કહ્યું છે કે, શાસ્ત્રોમાં અનંત પ્રકારના પાપ બતાવ્યા છે, પણ તેમાંય ભગવાનના ભક્તે ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે મહા પાપ છે, માટે એ પાપથી સર્વે મુમુક્ષુએ ડરીને સદાય પોતાના મનની અખંડ વૃત્તિ ભગવાનમાં જ જોડી રાખવી, પણ આધુનિક ફેશનના રવાડે ચડીને (Dogs & Cats) પાળવા જેવા ફેલ ફિતુરમાં ફસાવું ના જોઈએ. પ્રત્યેક પ્રાણી પ્રત્યે કરુણા અને અનુકંપા જરૂર રાખો, પરંતુ તેમની સાથે આત્મીયતાના બહાને આસક્તિમાં ન બંધાવું જોઈએ.

# ૪૭

સારસિદ્ધિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે –

જેમ સો સો શૂન્ય સારાં કરે, પણ એકડો કરે ના આગળે.
તે સરવાળો શાનો મેલશે, જે કરે છે કાળપ કાગળે.
તેમ એક હરિને પરહરે, બીજી કરે ચતુરાઈ કોટ,
તે તો માથાફર ચાલે માર્ગે, જેમ જેમ ચાલે તેમ ખોટ.

એકડા વિનાનાં ગમે તેટલાં મીંડા હોય, તો પણ તેની કિંમત કાંઈ નથી હોતી, તેમ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને જેવા છે તેવા ઓળખ્યા વિના સર્વે સાધન વ્યર્થ છે. ઉપાસના પરિપૂર્ણ કરવા માટે શ્રીજીમહારાજને તત્ત્વે સહિત જાણવા અત્યંત આવશ્યક છે. તેથી વચનામૃત ગ્રંથમાં પરબ્રહ્મ તત્ત્વને જ કેંદ્રમાં રાખીને અન્ય વિષયો પર તત્ત્વચર્ચા કરવામાં આવી છે.

ગ. પ્ર. ૬૩માં વચનામૃતમાં શ્રી હરિ કહે છે તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને (ઉપાસકને) કાંઈ જાણવું રહેતું નથી. એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનનો નિશ્ચય તે જેને હૃદયમાં દૃઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી.

# ૪૮

શ્રીજીમહારાજ અને મોટા મુક્તો તો સદાય પ્રગટ પ્રમાણ અને પ્રત્યક્ષ જ છે! જેની અવરભાવની દૃષ્ટિ હોય તેમને એમ લાગે કે મોટાપુરુષનો દેહ અદૃશ્ય થયો એટલે હવે એ પરોક્ષ થઈ ગયા, પરંતુ ખરેખર એમ નથી. જેમ સૂર્યના રથમાં જે બેઠા હોય તેમને માટે દિવસ ને રાત નથી, સદાકાળ એક સરખો પ્રકાશમાન દિવસ જ છે, તેમ પરભાવની દૃષ્ટિવાળાને માટે મહારાજ અને મોટા સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. આને જ દિવ્યભાવ કહે છે.

જ્યારે દિવ્યભાવ આત્મસાત્ થાય ત્યારે તો સર્વત્ર સર્વમાં મહારાજના જ દર્શન થાય ને સર્વે પ્રત્યે મહિમાપૂર્ણ આત્મીયતા અનુભવાય, અખંડ આનંદની અનુભૂતિ થાય ને રાત-દિવસ અહો! અહો! વર્તાય.

પરભાવવાળાને પરોક્ષ જેવું કાંઈ છે જ નહિ, એની દૃષ્ટિએ પોતાનું પણ કોઈ નથી, કે નથી કોઈ પારકુ! સબ ભૂમિ ગોપાલ કી જેવું તેને વર્તે છે. એ સદાય વર્તમાનમાં જ જીવે છે, ને પ્રતિ પળ પરમાત્માના દિવ્યાનંદમાં જ રાચે છે.

## ૪૯

મેંગણી ગામના દરબાર પ્રતાપસિંહ બાપુને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાથે બહુ હેત હતું.તેમણે સ્વામીને પોતાને ત્યાં એક મહિનો રાખી તેમની ખૂબ સેવા કરી.

જતી વખતે સ્વામીએ રાજી થઈ વર માગવાનું કહ્યું ત્યારે દરબારે કીધું સ્વામી, મૂર્તિમાં તમારી ભેળા રાખજો. સ્વામી કહે બાપુ, એ ન બને. તમે ભલે આટલી બધી સેવા કરી પણ એ તો સ્વરૂપનિષ્ઠા વિના એકડા વગરના મીંડા જેવી છે.

બાપુ સ્વામીના ચરણોમાં આળોટીને રડી પડ્યા ત્યારે સ્વામીએ મહારાજની સર્વોપરી ઉપાસના તેમને દ્રઢ કરાવી, મૂર્તિમાં પોતાની ભેળા રાખવાનું વચન આપ્યું.

આમ સ્વરૂપનિષ્ઠાની તોલે કોઈ સાધન કે કોઈ સેવા કાંઈ જ આવી શકે તેમ નથી. તેથી જ સંત કવિ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે

સહજાનંદ સિંધુ રે આજ મારે ઊલટયા રે,
ભાંગી મારી ભવોભવની ભૂખ રે..

# ૫૦

વેદો કહે છે કે પ્રત્યેક બ્રહ્માંડમાં વિવિધ ચૌદ લોક સમાયેલા છે. સિદ્ધ યોગીઓ પોતાના શરીરમાં એ ચૌદ લોકની ધારણા કરીને તેની સાથે તાદાત્મ્ય અનુભવે છે, પરિણામે તેમને ધ્યાનમાં એ ચૌદ લોકના ક્રમશઃ દર્શન થાય છે. આ પ્રમાણે સ્વાનુભૂતિને આધારે આપણા એ સિદ્ધ ઋષિમુનિઓએ એ ચૌદેય લોકનું તલસ્પર્શી વર્ણન શાસ્ત્રોમાં કર્યું છે.

વીસમી સદીમાં આપણે આધુનિક ટેકનોલોજીને આધારે લગભગ પોણા ચાર લાખ કિલોમીટર દૂર આવેલા ચંદ્ર સુધી પહોંચી શક્યા, પરંતુ ત્યાં ટકીને રહી ના શક્યા. આપણું પ્રાચીન યોગવિજ્ઞાન એમ કહે છે કે યોગસાધના દ્વારા મનુષ્ય કોઈ પણ પ્રકારના બાહ્ય ઉપકરણની મદદ વિના માત્ર ચંદ્ર ઉપર જ નહિ, પરંતુ બ્રહ્માંડના કોઈ પણ લોકમાં સદેહે અને સ્વશક્તિથી જઈ શકે છે, એટલું જ નહિ ત્યાં સરળતાથી ઇચ્છા અનુસાર જીવી પણ શકે છે.

આપણા સ્થૂળ શરીરને જે રીતે સ્થળ અને કાળની (Time & Space) મર્યાદા નડે છે, તે મર્યાદાઓ પરમાત્માએ આપણને સહેતુક આપી છે, જેથી આપણે

સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ આગળ વધી અંતે દિવ્યતા પામી શકીએ. શાસ્ત્રો અનુસાર પરમાત્માની પ્રકાશિત શક્તિની કુલ સોળ કલા માનવામાં આવી છે. એમાંથી મનુષ્યદેહમાં છ થી આઠ કલા જેટલી શક્તિ પ્રગટ થાય છે. એનાથી વધારે શક્તિ ધારણ કરવા માટે એક સામાન્ય મનુષ્ય (Average human being) સઘન પુરુષપ્રયત્ન વિના સક્ષમ નથી બનતો.

પરમાત્માએ કેવળ મનુષ્યમાં જ એવી સંભાવના મૂકી છે કે તે પ્રચંડ પુરુષાર્થ દ્વારા આઠ કલાથી પણ અધિક કલા ધારણ કરી શકે છે. જે ભક્તો જ્ઞાન ધ્યાન અને ઉપાસના દ્વારા પરમાત્માનું સાધર્મ્ય પ્રાપ્ત કરે છે તે મુક્તસ્થિતિ પામીને સોળે સોળ કલા ધારણ કરવા સમર્થ બને છે.

# ૫૧

સત્સંગમાં મોટે ભાગે આપણે બધાં કાષાય વસ્ત્રધારી સાધુને જ સંત માનતા હોઈએ છીએ. પરંતુ બધાં સાધુ સંત નથી હોતા, ને બધાં સંત એ સાધુ નથી હોતા! તેથી બાપાશ્રી સંત માટે મુક્ત શબ્દ પ્રયોજ્યો છે. મુક્ત ત્યાગી, ગૃહસ્થ, સ્ત્રી–પુરુષ કોઈ પણ હોઈ શકે.

બાપાશ્રી આ અંગે સ્પષ્ટતા કરતા એમ કહે છે કે, જેને પોતાના આત્મામાં શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિ સાક્ષાત્ દેખાય તે પૂરો સાધુ કહેવાય. કારણ સત્સંગની પરિભાષામાં તેને પરમ એકાંતિક મુક્ત કહેવામાં આવે છે.

બાપાશ્રી આગળ કહે છે જેને અંતરમાં મૂર્તિ દેખાય તે મધ્યમ સાધુ કહેવાય. આપણે તેને સાધનિક એકાંતિક મુક્ત કહીએ છીએ.

આ વાતના અનુસંધાનમાં બાપાશ્રી કહે છે જેને મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તે કનિષ્ઠ સાધુ કહેવાય. અને મહારાજની આજ્ઞા તો એ ત્રણેય પાળતા હોય. અને આજ્ઞા યથાર્થ પાળે, પણ અખંડ સ્મૃતિ ન રહે તે ચાલોચાલ ભક્ત કહેવાય.

અંતે બાપાશ્રી આખરી નિર્ણય આપતા કહે છે જે આજ્ઞામાં ફેર પાડે તે સ્વામિનારાયણનો આશ્રિત જ કહેવાય

નહિ, માટે સાધુનો વેશ લીધે સાધુ ન કહેવાય ને સત્સંગીનો વેશ લીધે કોઈ સત્સંગી કહેવાય નહિ.

બાપાશ્રીના આ અમૃત વચનો આપણા સહુ માટે દર્પણ સામાન છે, એમાં જોઈને આપણે નક્કી કરવાનું છે કે હજી આપણે ક્યાં ઊભા છીએ?

# ૫૨

સંશય અને વિચાર એ બંને સંભાવનાઓ પ્રત્યેક મનુષ્યને પ્રકૃતિ પાસેથી મળી છે, પરંતુ સંશયનું રૂપાંતર શ્રદ્ધામાં અને વિચારનું રૂપાંતર વિવેકમાં આપણે આપણી સમજણ દ્વારા કરવાનું રહે છે. વિચારની સૂક્ષ્મ પ્રક્રિયામાંથી સાંગોપાંગ પસાર થયા પછી જ વિવેકની ઉપલબ્ધિ થાય છે. અંતે વિવેકના ગર્ભમાંથી નિશ્ચયનો પ્રાદુર્ભાવ થાય છે.

જે રીતે ધ્યાન એ વિચારશૂન્ય મન દ્વારા જ શક્ય બને છે, તેમ નિશ્ચય પણ વિચારશૂન્ય મન દ્વારા જ નિષ્પન્ન થાય છે. મુમુક્ષુના આત્મકલ્યાણનો મુખ્ય આધાર તેના ઈષ્ટ આરાધ્યના સ્વરૂપ પરત્વેના નિશ્ચય ઉપર છે. જેવો જેનો નિશ્ચય તેવું તેનું કલ્યાણ!

ભગવાન સ્વામિનારાયણ ગ. પ્ર. ૬૨મા વચનામૃતમાં કહે છે જે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે ને એ સર્વેથી જુદા સર્વના નિયંતા, સર્વના કર્તા તથા કર્તા થકા નિર્લેપ જાણે અને એવી રીતે જેણે આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો હોય તે કોઈ રીતે પોતાના નિશ્ચયમાંથી ડગે નહિ અને એવી રીતે જેને

ભગવાનનો નિશ્ચય થયો હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય.

પરિપક્વ નિશ્ચયનો પારાશીશી એ છે કે જેને એવો નિશ્ચય હોય તેની સમજણ એવી હોય કે જ્યાં ભગવાનની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામ છે અને ત્યાં જ મુક્તો છે. મારે સર્વ પ્રાપ્તિ થઈ ગઈ છે એમ પોતાને પૂર્ણકામ માની એ ભક્ત અખંડ આનંદમાં રાચે છે.

# ૫૩

આપણા માનવામાં જે વાત ન આવે, આપણા મગજમાં જે વસ્તુ ન ઉતરે, તેને અશક્ય ગણીને નકારી કાઢવાની મોટે ભાગે આપણને આદત હોય છે. પરંતુ જ્યારે શ્રદ્ધાનો પ્રશ્ન આવે છે ત્યારે ન માની શકાય તેવી વાત પણ આપણે માનવા તૈયાર થઈ જઈએ છીએ.

બાપાશ્રીએ મૂર્તિ અંગે જે વાતો કરી છે તે ન ભૂતો ન ભવિષ્યતિ જેવી છે. પરંતુ એ વાતો જેને બાપાશ્રીનો મહિમા નથી તેમના માનવામાં નથી આવતી. આપણને દઢ વિશ્વાસ છે કે બાપાશ્રીએ મૂર્તિ વિશે જે કાંઈ કહ્યું છે તે તેમની પોતાની અનુભૂતિને આધારે કહ્યું છે, તેથી એમાં જરા ય સંશય થતો નથી.

બાપાશ્રીએ આપણને આત્યંતિક કલ્યાણના આશીર્વાદ આપીને આપણા ચૈતન્ય અને મહારાજની મૂર્તિ વચ્ચે એક સેતુ બાંધી દીધો છે. શ્રીરામે જે રીતે લંકા જવા માટે સમુદ્ર ઉપર સેતુ બાંધવા પાણીમાં ડૂબી જાય એવી પથ્થરની શિલા પર પોતાનું નામ લખાવીને તરતી મૂકી, એ રીતે બાપાશ્રીએ આપણી શ્રધ્ધારૂપી શિલાને કૃપાના બળે ચૈતન્યમય બનાવી મૂર્તિ સાથે જોડી દીધી છે. હવે આપણને

જપ, ધ્યાન અને જ્ઞાન દ્વારા ભગવદ્ભાવમાં સ્થિર થવા માટે સાધન સાતત્ય અને ભાવશુદ્ધિની ખાસ જરૂર છે. એ બંને એકબીજાને પરસ્પર સહાય કરે છે.

સાતત્ય (Continuity) જળવાય તો ભાવશુદ્ધિ થતી રહે છે અને આ બંનેની સહાયથી ચિત્તભૂમિ તૈયાર થાય છે. ચિત્તભૂમિ તૈયાર થાય પછી તેના પર મંત્રજાપ, ધ્યાન કે જ્ઞાનની ભૂમિકા રચી શકાય છે.

# ૫૪

શિક્ષાપત્રીની આજ્ઞાઓનું યથાર્થ પાલન આપણામાં શીલ અને ચારિત્ર્યનું સર્જન કરે છે. શીલના સ્વીકાર વિના પ્રજ્ઞાની પ્રાપ્તિ થતી નથી. એટલે જ ચારિત્ર્યના પાયા વિનાની બૌદ્ધિક જિજ્ઞાસા બહુ આગળ વધારતી નથી. પરિણામે શાસ્ત્રોના અભ્યાસથી માણસને શાબ્દિક જ્ઞાન મળે છે, પરંતું તે યથાર્થ જ્ઞાની થઈ શકતો નથી.

પ્રજ્ઞાના પ્રદેશમાં પગ મૂક્યા પછી ધર્મ નિયમ પાળવા પડતાં નથી, પણ તે સહજ બની જાય છે. પરિપક્વતાનો નિયમ જ એવો છે કે ત્યાગ કરવો ન પડે, ત્યાગ થઈ જાય! શીલની પરિણતી પ્રજ્ઞામાં અને પ્રજ્ઞાની પરિણતી ધ્યાનમાં થઈ જાય છે. ધ્યાન આપણને મહારાજની મૂર્તિમાં લઈ જાય છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનું એક પદ છે...

મનના કૃત્ય તે મિથ્યા જાણી તજ્યા,
મન પણ અ-મન થઈ મળ્યું ત્યારે.
મુક્તાનંદ ગુરુવચનમાં મરમ છે,
વચન વિચારીને જોયું જ્યારે..

# ૫૫

કોઈ પણ દિવ્યદર્શન, શ્રવણ કે ચમત્કાર મનુષ્યને તે હોય તેનાથી વધુ સ્વસ્થ, આનંદી ને મુક્ત ન બનાવે તો તેને આધ્યાત્મિક ન ગણી શકાય. આ એક માપદંડ છે.

મન એકાગ્ર થાય તેમ વધુ વ્યાપક બને છે. ધ્યાનનું આ લક્ષણ છે. મનની ચંચળતાથી ત્રાસીને એક મુમુક્ષુએ યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું સ્વામી! મનમાં સારા ખોટા વિચારોની ભરમાર ચાલ્યા જ કરે છે, એને શાંત કેવી રીતે કરી શકાય?

સ્વામીએ કહ્યું ભાઈ, સારા ખોટા વિચાર તો ધોળા ને કાળા કાંકરા જેવા છે, એકને કાઢો એટલે બીજો આવીને બેસી જાય. પરંતુ અમે તો એ બંને કાંકરાની વચમાં શ્રીજીમહારાજની મૂર્તિરૂપી હીરો મૂકી દઈએ છીએ, હીરો આવે પછી કાંકરાની શી વિસાત કે એ વિક્ષેપ કરવા આવે? મૂર્તિના ધ્યાનની સિદ્ધિનું આ સર્વોત્તમ દૃષ્ટાંત છે.

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ ધ્યાનની જે ગરબીઓ રચી છે તેમાં મહારાજની મૂર્તિનું નખશિખ વર્ણન આવે છે. તેના સમૂહ ગાન સાથે જો મૂર્તિનું ધ્યાન કરવામાં આવે તો અંતરમાં સત્વરે અજવાળું થાય છે, કારણ કે એમાં

સ્વરૂપધ્યાન સાથે મહારાજનો ગુણાનુવાદ પણ સહેજે આવી જાય છે. ગુણધ્યાન એ એક આનંદમયી, કલ્યાણમયી, ગતિમાન ને શક્તિમાન ચેતનાનું ધ્યાન છે.

# ૫૬

એક વાર ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદાખાચારના દરબારમાં વાસુદેવ નારાયણના મંદિરની બહાર ઓસરીમાં વિરાજમાન હતા, ત્યારે સોરઠના ગામડાઓના કેટલાક હરિભક્તો આવીને મહારાજને પગે લાગીને પાસે બેઠાં. શ્રીહરિ એ હરિભક્તો પાસે જ્ઞાનવાર્તા કરવા લાગ્યા, ત્યાંતો એમાંના કેટલાક બગાસાં ખાવા લાગ્યા ને કેટલાક ઝોકા ખાવા લાગ્યા.

મહારાજ પળવારમાં પામી ગયા કે આ ભક્તોને મારી વાતો પલ્લે પડતી ન હોવાથી કંટાળો આવી રહ્યો છે. એટલે તેમણે તરત જ મુક્તાનંદ સ્વામીને બોલાવીને વાતો કરવાનું કહ્યું. સ્વામીની વાતોએ એવી હવા જમાવી કે એ ભક્તો એમાં એવા રસતરબોળ થઈ ગયા કે જાણે રસસમાધિ રસલીન ના થઈ ગયા હોય! પાછા વળતી વખતે મહારાજ પાસે જઈ પ્રણામ કરી એ ભક્તો બોલ્યા 'મહારાજ, આજે અમે મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળીને ન્યાલ થઈ ગયાં, વાહ... સ્વામીનું શું જ્ઞાન છે!'

કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રત્યેક જીવની સમજણ ભિન્ન ભિન્ન કક્ષાની હોય છે, જેને જેટલું જ્ઞાન પચતું હોય

એટલું જ પચે. પછી સાક્ષાત્ શ્રીહરિ આવીને કહે તો પણ માનવામાં ન આવે.

એક પ્રશ્ન છે કે કારણ સત્સંગના અનુયાયી કેમ આટલા ઓછા છે? એનું કારણ એ છે કે કારણ સત્સંગનું જ્ઞાન આત્યંતિક કલ્યાણ અંગેનું જ્ઞાન છે, અત્યંત સૂક્ષ્મ જ્ઞાન છે, અત્યંત મૂલ્યવાન છે, તે બધાને સમજાય એવું નથી અને દરેકને પોષાય એવું પણ નથી, માટે એના ઘરાક બહુ ઓછા છે. વળી એ કૃપામાર્ગ છે, એટલે એમાં ડગલે ને પગલે કસોટી ને કસણી થાય છે. તેથી કહ્યું છે કે...

હરિનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને..
પ્રથમ પહેલા મસ્તક મૂકી, વળતું લેવું નામ જોને..

# ૫૭

આ જગતમાં પરમાત્માએ સર્વે મનુષ્યને સ્વતંત્ર ઈચ્છાશક્તિ (Free will) આપી છે, તેથી સર્વે પોતાની સમજણ અને મરજી મુજબ કર્મ કરવા માટે સ્વતંત્ર છે. કર્મ કેવું કરવું, ક્યારે કરવું, કરવું કે ના કરવું... એ બધું આપણા અધિકાર ક્ષેત્રમાં આવે છે. પરંતુ કર્મ થઇ ગયા પછી એનું ફળ કેવું, ક્યારે અને કેવી રીતે આપવું.... એ પરમાત્માના અધિકાર ક્ષેત્રમાં આવે છે, એમાં આપણું કાંઈજ ચાલતું નથી. આપણે એ ભોગવ્યે જ છૂટકો થાય છે!

જીવનમાં આપણે આપણા આત્માના કલ્યાણ અંગે જે કાંઈ પણ સાધન કરવા માંગતા હોઈએ તે કરી શકીએ છીએ, પરતું એના માટે ખાસ જરૂરી છે – આત્મનિરીક્ષણ (Introspection)! આધ્યાત્મિક વિકાસ માટે સૌથી મહત્ત્વની જરૂરિયાત જો કોઈ હોય તો તે છે – Self introspection (આત્મનિરીક્ષણ)!

જ્યાં સુધી આપણે એ નથી જાણતા કે આપણામાં કેટલી કાર્યક્ષમતા છે, કેટલા ગુણ-દોષ છે, આત્મકલ્યાણ માટે કેટલો ખપ ને ખટકો છે, કેટલી ઈચ્છાશક્તિની પ્રબળતા છે, ત્યાં સુધી આપણી કલ્યાણયાત્રા માટેની તૈયારી

સાવ અધૂરી ગણાય, માટે એ યાત્રા શરૂ કરતાં પહેલાં આ પ્રકારની સ્વયંની આકારણી (Self accessment) કરવી અતિ આવશ્યક છે.

આપણે આત્મનિરીક્ષણ દ્વારા આપણી ખૂબીઓ અને ખામીઓ જોઈ શકીએ છીએ. સેવા, સંયમ અને પવિત્રતાની દૃષ્ટિએ આપણી શું સ્થિતિ છે તે જાણી શકીએ છીએ, કારણ કે એના વિના તો આધ્યાત્મિક પ્રગતિ શક્ય જ નથી. આત્મનિરીક્ષણ દ્વારા જ આત્મપરિષ્કાર (Sophistication, વિવેક) પ્રગટે છે અને આત્મપરિષ્કારથી જ થાય છે આત્મસાક્ષાત્કાર! આથી આધ્યાત્મમાં માત્ર અભિનય કરવાથી કાંઈ નહિ વળે, એમાં તો વાસ્તવિક પરિવર્તન કરવાનું હોય છે.

ભગવાન સ્વામિનારાયણે ગ. પ્ર. ૩૮મા વચનામૃતમાં પોતાના ગુણ - દોષનું રોજે રોજ નામું લખવાની જે વાત કરી છે તે આ પ્રકારે આત્મનિરીક્ષણ કરવાની જ વાત છે.

## ૫૮

સંવત ૧૮૮૧ કારતક સુદ બારસના રોજ વડતાલ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પછી પૂનમે શ્રીજીમહારાજે મોટેરા સદ્‌ગુરુઓને બોલાવીને શિક્ષાના વચનો કહીને અંતે ઉમેર્યું અમે રોજ લક્ષ્મીનારાયણ દેવની એકસો ને આઠ પ્રદક્ષિણા કરીએ છીએ, તે એટલા માટે કે અમારા આશ્રિતોમાં ભક્તિભાવ અને મહિમા વધે અને તમે બધા અનન્ય ભક્ત બનો.

તે સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું મહારાજ! શું અમે એવા અનન્ય ભક્ત નથી થયા? આ સાંભળીને શ્રી હરિજી હસ્યા ને પછી બોલ્યા ભક્ત તો થયા છો, પણ અનન્ય નહિ. જેને અમારા સિવાય બીજાનો આશ્રય ન રહે તે અનન્ય ભક્ત કહેવાય.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એમ કહેતા કે, શ્રીજીમહારાજ સર્વ અવતારોના અવતારી પોતે એક જ છે અને અવતાર માત્રના સ્વામી છે. સર્વ અવતારો મહારાજના ભક્ત છે, અને એમના દ્વારા જે કાંઈ મહત કાર્ય આ લોકમાં થયા હતા તે પોતાના આવિર્ભાવ દ્વારા શ્રી હરિજી મહારાજે જ કર્યા હતા.

કવિ માવદાનજીએ ગાયું છે રામરૂપે રાવણ માર્યો,

કૃષ્ણરૂપે કંશ સંહાર્યો... નારાયણનું નામ જ લેતા અજામેલ તાર્યો... ભગવદ્ ગીતાનો ઉપદેશ પણ શ્રીકૃષ્ણ દ્વારા આપનાર સ્વયં શ્રીજીમહારાજ જ હતા. તેથી જ શિક્ષાપત્રીમાં કોઈ પણ દેવ કે અવતાર તથા વેદ ઇત્યાદિ શાસ્ત્રની ક્યારેય નિંદા ન કરવાની આજ્ઞા કરવામાં આવી છે. એ આજ્ઞા ન પાળવાથી સ્વયં શ્રી હરિનો દ્રોહ થાય છે. આ પ્રમાણે ચોખ્ખી ઉપાસના સમજવાથી જ અનન્ય ભક્ત થઈ શકાય છે.

# ૫૯

ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનો દૃઢ નિશ્ચય, મોટા મુક્તનો યથાર્થ મહિમા અને આત્યંતિક કલ્યાણનો ખરેખરો ખપ-આ ત્રણેય જ્યારે તેની યોગ્યતમ માત્રામાં હોય ત્યારે જ મોટા મુક્તનો અનન્ય આશ્રય થાય છે.

સાચા મુક્તોનો અનન્ય આશ્રય કરવાને બદલે આપણે એમનો ઉપયોગ આપણા સાંસારિક પ્રશ્નોનું સુખદ સમાધાન મેળવવા માટે કરીએ છીએ એ તો સોનાની જાળ માછલી પકડવા પાણીમાં નાખવા જેવું કહેવાય! આનાથી મોટી અજ્ઞાનતા બીજી કઈ હોઈ શકે?

લોકો મોટા પુરુષો પાસે પોતાની શરતો લઈને જાય છે. એક ધનિક માણસ વૃંદાવન સ્વામી પાસે જઈને કહે, તમે મને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવો તો મારી બધી સંપત્તિ તમને આપી દઉં. આ સાંભળીને સ્વામી હસ્યા, તેમણે કહ્યું ભાઈ, તું માર્ગ ભૂલ્યો છે. આ મંદિર છે, મંડી બજાર નથી. અહીં સંપત્તિ સાટે ભગવાનના સોદા થતાં નથી.

આશ્રય કે શરણાગતિમાં નિઃસ્વાર્થ સમર્પણની ઉમદા ભાવના હોવી અત્યંત જરૂરી છે. મોટાપુરુષનો યથાર્થ

મહિમા (Importance, glory) સમજાતાં એમનામાં અદમ્ય આત્મબુદ્ધિ થાય ત્યારે જ એમનો અનન્ય આશ્રય થાય છે. જ્યારે એમના વચનો અદ્ધરથી ઝીલાય ત્યારે સમજવું કે એમનો અનન્ય આશ્રય થઈ ગયો છે.

# ૬૦

અનેક જન્મોના પુણ્યનો જ્યારે ઉદય થાય છે અને એની ફળશ્રુતિરૂપે કલ્યાણની શરદ ઋતુ બેસે છે ત્યારે મુમુક્ષુ જીવને ભગવાન અને તેમના મોટા મુક્તની ઓળખાણ થઈ તેમનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

એ સમયે જો મહારાજ અને મોટા પુરુષની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના યથાયોગ્ય સાધન કરી લેવામાં આવે તો અનેક જન્મે પણ જે આત્યંતિક કલ્યાણ અથાગ પરિશ્રમ પછી પણ નથી સાંપડતું તે સહેજે પ્રાપ્ત થઈ જાય છે.

બાપાશ્રી હંમેશાં એમ કહેતા કે, ટાણું ઓળખી સતપુરુષને પારખી તેમનો રાજીપો મેળવી લેવો, આ તો વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાં જેવું કામ છે! કારણ સત્સંગનું જ્ઞાન જેને આત્મસાત્ થઈ જાય એને માટે તો સદાકાળ કલ્યાણની શરદ ઋતુ જ છે!

# ૬૧

ભગવાન સ્વામિનારાયણે સત્સંગમાં સંતોને તપ, ત્યાગ તથા વૈરાગ્યને અંગીભૂત કરવા માટે અલગ અલગ ૧૧૪ પ્રકરણ ફેરવ્યા હતાં. સંતોમાં આત્માનંદ સ્વામી માત્ર એક એવા સંત હતા જે દરેક પ્રકરણમાં સાંગોપાંગ પાર ઉતર્યા હતા.

એક વાર શ્રીજીમહારાજે સભામાં સંતોને પૂછ્યું સંતો, તમારામાં કોઈ આ આત્માનંદ સ્વામી જેવા દઢ આજ્ઞાપાલક ખરા?

સંતો કહે મહારાજ, આપને અર્થે શું ન થાય? આપ આજ્ઞા કરો તો અમે અન્ન, પાણી... અરે... નિદ્રા પણ છોડી દઈએ.

શ્રીહરિ સંતોની આજ્ઞાપાલનની તત્પરતા જોઈ બહુ રાજી થયા, ને પછી બોલ્યા સંતો, તમે ક્હ્યું એ બધું સાચું, પણ પોતાના આત્માને દેહથી નોખો સમજી પોતાને પુરુષોત્તમરૂપ માનવું એજ કરવાનું છે.

તેથી જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે...

પણ વાત કહું સુણો એક, આપણે આત્મા,નહિ દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ થકી ન્યારું.

# ૬૨

જેની અવરભાવની દૃષ્ટિ છે તેમને એમ લાગે છે કે મોટા મુક્તનો દેહ અદૃશ્ય થયો એટલે હવે એ પરોક્ષ થઈ ગયા. એ સમજણ ખોટી છે. ભગવાન અને એમના મુક્ત સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે.

જ્યારે દિવ્યભાવ આત્મસાત્ થાય ત્યારે એ મુક્તને સર્વત્ર કણે કણ અને ક્ષણે ક્ષણ તેજ (Brightness) દેખાય અને એ તેજમાં શ્રી હરિની દિવ્યમૂર્તિના દર્શન થાય છે. આ પરભાવ છે. પરભાવમાં પરોક્ષ જેવું કાંઈ છે જ નહિ.

અબજીબાપાશ્રી એમ કહેતા કે, આપણને જ્યારે આંબલી યાદ આવે ત્યારે તરત જ મોઢામાં પાણી ભરાઈ આવે છે, એમ જ્યારે મોટા મુક્તને ખૂબ જ ભાવથી સંભારીએ ત્યારે એ સદેહે અદૃશ્ય થયા હોવા છતાં પ્રત્યક્ષ હોય એવું જ કામ કરે છે.

# ૬૩

સંસાર પ્રત્યેની આસક્તિનું કારણ પૂર્વજન્મોના સંચિત કર્મો અને આ જન્મના ક્રિયમાણ કર્મો છે તેની નિવૃત્તિ માટે આંખ, કાન વગેરે વિષય ઇંદ્રિયોને સમજણપૂર્વક નિયમમાં રાખવી તેમ જ જ્ઞાન દ્વારા મનને સન્માર્ગે વાળવું.

જો આસક્તિ પ્રબળ હોય તો ઇંદ્રિયોને બળપૂર્વક (forcefully) પણ કાબુમાં રાખવી. આંખો વડે સાત્ત્વિક દ્રશ્યો જ જોવા, મન વિકારી બને એવા ચિત્ર, ચલચિત્ર કે દ્રશ્ય ક્યારેય ન જોવા.

આંખો વડે કુદરતને નિહાળો, અંતરમાં શાંતિ થશે. કાન વડે ભગવાન અને મોટા મુક્તોની વાણી સાંભળો અને મનને સદાય સાત્ત્વિક પ્રવૃત્તિમાં પરોવાયેલું રાખો.

આપણું ચિત્ત જો શુધ્ધ હશે તો તે કલ્પવૃક્ષનું કામ કરશે, માટે ચિત્તથી હંમેશાં શુભ ચિંતન કરો. ભગવાનની લીલા ચરિત્રનું નિત્ય સ્મરણ કરવાથી તથા મોટા મુક્તની અનુવૃત્તિમાં રહેવાથી જીવ ધીરે ધીરે નિર્વાસનિક થતો જાય છે.

આ પ્રમાણે સતત નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરતા રહેવાથી સંસાર પ્રત્યેની આસક્તિ ઓછી થતી જાય છે, અને જેમ

જેમ એ આસક્તિ ઓછી થતી જાય તેમ તેમ પરમાત્મા પ્રત્યેનો અનુરાગ વધતો જાય છે. આ એક કુદરતી પ્રક્રિયા છે.

# ૬૪

ધ્યાનનો એક સરળ અને સહજ વિકલ્પ છે સાક્ષીભાવ! જો સાક્ષીભાવ સિદ્ધ થઈ જાય તો ધ્યાન કરવાની જરૂરત ન પડે. એના માટે જીવનમાં ઘટતી પ્રત્યેક ઘટનામાં (involve) થયાં વિના માત્ર તેનાં દૃષ્ટા બનવાનું છે, તેના સાક્ષી બનવાનું છે.

આપણે જીવનમાં બનતી દરેક સારીખોટી ઘટનાને સ્વીકારતા શીખવાનું છે. સાક્ષીભાવ સિદ્ધ થયા પછી જીવન પ્રત્યે કોઈ ફરિયાદ રહેતી નથી, ભગવાન જે કરતા હશે તે આપણા માટે સારું જ કરતા હશે એવી સમજણ વર્તનમાં વણાઈ જાય છે.

પરિણામે અખંડ આનંદ વર્તે છે. સાક્ષીભાવ આવે પછી ભૂતકાળની યાદો ને ભવિષ્યની ચિંતાઓ ખતમ થઈ જવાથી સતત વર્તમાનમાં જ રહેવાય છે. તેથી સહજ રીતે આત્મસત્તા ઉપલબ્ધ થાય છે.

# ૬૫

સાચો સત્સંગી એને કહેવાય જે અન્ય દુઃખી સત્સંગીની વહારે આવી તેને સંકટોનો સામનો કરવામાં મદદરૂપ થાય. નિયમ, નિશ્ચય અને પક્ષ એ સ્વામિનારાયણ સંપ્રદાયનો પાયાનો સિદ્ધાંત છે.

નરસિંહ મહેતા જેવા વૈષ્ણવ કવિએ પણ લખ્યું કે, જે પારકી પીડાને જાણે, સમજે અને એના દુઃખમાં મદદરૂપ થવા છતાં પણ એ ઉપકાર માટે મનમાં મિથ્યા અભિમાન ન આણે એ જ સાચો વૈષ્ણવજન છે.

જે સત્સંગી બીજા દુઃખી હરિભક્તને જોઈને તેની મદદે દોડી જવાને બદલે તેની ટીકા કરે એને શ્રીજીમહારાજ અને મોટા મુક્તો સત્સંગી માનતા જ નથી.

એકાંતિક મુક્તના જીવનમાં જે કાંઈ તકલીફો આવે તે તો શ્રીહરિનો કૃપા-પ્રસાદ છે. એવે ટાણે જે મુમુક્ષુઓ એ મુક્તની તન, મન ને ધનથી સેવા કરે તેની પર શ્રીજીમહારાજની અપરંપાર કૃપા થાય છે.

# ૬૬

ભગવાનના સ્વરૂપના ધ્યાનથી શું શું થઈ શકે છે તેનું એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

ચોરોના સરદાર વેરાભાઈને આપણા સંતોનો યોગ થતાં તેમનું હૃદયપરિવર્તન થયું, પરિણામે વૈરાગ્યની ચટકી ચડતા શ્રીજીમહારાજે તેમને સંતદીક્ષા આપી પરમાનંદ સ્વામી નામ પાડ્યું.

કાંકરિયાની ચોરાશી પ્રસંગે લોલંગર બાવો મહારાજને મારવા આવ્યો ત્યારે પરમાનંદ સ્વામીએ ક્રોધના આવેશમાં ઝનૂન ચડતા હાથમાં તલવાર લીધી. બાવાઓ સાથેની લડાઈમાં તેમનો જમણો કાન કપાઈ ગયો. સાધુનો ધર્મ ચૂકી જતાં તેમને ત્યાગાશ્રમ છોડી સંસારમાં પાછા આવવું પડ્યું. ક્રોધને કારણે પોતાની આવી અવદશા થઈ તેથી તેમણે ધ્યાન દ્વારા કામ,ક્રોધ ઈત્યાદિ અંતઃશત્રુઓને જીતવાનો સંકલ્પ કર્યો.

એક દિવસ વેરાભાઈ ધ્યાન કરતા હતા ત્યારે તેમણે પોતાના કદની કાળી ડિમાંગ આકૃતિઓ પોતાના શરીરમાંથી બહાર નીકળતી ભાળી. તેમણે પૂછ્યું એલા, કોણ છો?

એકે કીધું હું ક્રોધ છું... બીજાએ કીધું માન છું... તમે પરમાત્માનું ધ્યાન કરો છો એટલે હવે અમારાથી તમારા હૈયામાં રહેવાતું નથી. આમ સર્વે અંતઃશત્રુઓ એમના અંતરમાંથી ધ્યાનના પ્રતાપે ભાગી ગયા. ધ્યાનથી શું શું થઈ શકે એતો અનુભવથી જ સમજાય એવું છે. તેથી જ મુક્ત મુનિએ ગાયું છે

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, એ થકી સર્વ સંતાપ નાસે...

# ૬૭

આ જીવનો મોક્ષ ક્યારે થાય?

એનો માત્ર એક જ જવાબ છે. ભગવાન રાજી થાય તો જ આ જીવને જન્મ મરણનું બંધન છુટી શકે તેમ છે, ત્યારે જ આત્યંતિક કલ્યાણ અને શાશ્વત સુખ મળી શકે તેમ છે. તેથી ભક્તો ભગવાનને રાજી કરવા માટે અનેક પ્રકારના ઉપાયો કરતા હોય છે.

કોઈક ભગવાનને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે, તો કોઈક અનેક પ્રકારના વસ્ત્રાલાન્કાર અને ભાતભાતના ભોજન ધરાવી ભગવાનને રીઝવવાનો પ્રયત્ન કરે છે. કોઈક જાપ અને તીર્થ કરે છે તો કોઈ દાન કરે છે. પરંતુ ભગવાનને ખરેખરા રાજી કેવી રીતે કરવા એતો ભગવાન પાસેથી જાણીએ તો જ ખબર પડે.

વડતાલના બીજા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય.

આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે તેને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના કર્તાહર્તા કાળને કે માયાને જાણીએ અથવા કર્મ કે સ્વભાવને જાણીએ તે ભગવાનનો દ્રોહ છે. કારણ કે, ભગવાન સર્વના કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને

કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયાને જગતના કર્તાહર્તા માનવા એ ભગવાનનો અતિ દ્રોહ છે...માટે ભગવાનને જગતના કર્તાહર્તા જાણે અને મૂર્તિમાન જાણે તેનાં ઉપર જ ભગવાન રાજી થાય છે.

ભગવાન સર્વ સુખના ધામ અને મોક્ષના એક માત્ર દાતા હોવાથી સૌને ભગવાન તો ગમે છે પણ ભગવાનને જ્યારે ભક્ત ગમે ત્યારે જ તેના સર્વે કામ સરે છે.

# ૬૮

શ્રીજીમહારાજને પ્રસન્ન કરવાનું એક માત્ર અમોઘ સાધન છે - એમનો દૃઢ આશ્રય.

જે શ્રીહરિની નિર્વિકલ્પ શરણાગતિ કરે છે તેના ઉપર મહારાજ અતિ રાજી થઈ તેને પોતાનું દિવ્ય સુખ આપે જ છે. આશ્રય થયો છે તેનું લક્ષણ એજ છે કે પરમાત્મા પાસે કોઈ પણ પ્રકારનું—જ્ઞાનનું, ધનનું, દેહનું, સાધનનું, રૂપનું ઇત્યાદિ કોઈ પણ પ્રકારનું અભિમાન લેશમાત્ર પણ ન રાખે.

આશ્રિતનું એક જ ધ્યેય અને એક જ વિચાર હોવો જોઈએ કે હું શું કરું જેથી મહારાજ મારા પર અનહદ રાજી થાય.

સાચો આશ્રિત ક્યારેય શ્રીજીમહારાજ પાસે કાંઈ જ ન માગે.

તે એમ દૃઢપણે માને છે કે, સર્વે સુખના નિધિ અને કારણ, સર્વ મંગળદાતા, સર્વ દુઃખહર્તા, સર્વ કારણના કારણ એક માત્ર ભગવાન સ્વામિનારાયણ જ છે.

પરિણામે શ્રી હરિના કલ્યાણકારી ગુણો એ ભક્તમાં આવે છે ને તે અંતે મહારાજમય બની મૂર્તિના સુખમાં ગરકાવ થાય છે.

# ૬૯

એક વાર શ્રીજીમહારાજ ડાંગરા પધારેલા. ત્યાંના ભક્તરાજ ખીમા પટેલના ફળીયામાં હિંચકો બાંધેલો. પટેલને એવો સંકલ્પ હતો કે - ભગવાન એક વાર આ હિંચકે ઝૂલે.

શ્રીહરિ ડાંગરા પધાર્યા ત્યારે સીધા ખીમા પટેલના ઘરે પહોંચી પેલા હિંચકા પર બેસી બોલ્યા પટેલ! આજે તમે અમારો સંકલ્પ પુરો કર્યો. આ સાંભળીને ખીમા પટેલ કહે, મહારાજ! આજે આવું અવળું કેમ બોલો છો? આ હિંચકે બેસીને આજે આપે મારો સંકલ્પ પુરો કર્યો છે.

મહારાજ કહે આ બ્રહ્માંડમાં પ્રગટ થવાના અમારા જે છ હેતુ છે એમાંનો એક હેતુ અમારા ભક્તોના મનોરથ પુરા કરવાનો છે. જો તમે આ હિંચકે અમને બેસાડવાનો સંકલ્પ જ ન કર્યો હોત તો અમારો હેતુ અધૂરો રહી જાત!

આમ, ભગવાનનો તો સંકલ્પ છે જ કે પોતાના ભક્તો પર કૃપા વરસાવવી, પણ તે માટે તેઓ આપણી પાસે અલ્પ પુરુષાર્થની અપેક્ષા રાખે જ છે.

ભગવદ્ પ્રાપ્તિમાં ભગવાનની કૃપાનો હિસ્સો ખાસ્સો મોટો હોય છે અને તેની સામે પુરુષાર્થની માત્રા અતિ અલ્પ

હોય છે, પરંતુ એ એક રૂપિયા જેવો પુરુષાર્થ દસ હજાર રૂપિયા જેવી ભગવદ્ પ્રાપ્તિ માટે જરૂરી તો છે જ.

## ૭૦

ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનની શોધ થયા પછી દુનિયાભરમાં દેશકાળ એકદમ ઝડપથી બદલાઈ ગયાં છે! જે પરિવર્તન થવામાં પહેલા સૈકાઓ લાગતા તે હવે મહિનાઓમાં થવા લાગ્યા છે.

ચારેબાજુ artificial intelligence અને virtual worldનું વાતાવરણ છવાઈ ગયું છે. આજની નવી પેઢી (New generation) દિનપ્રતિદિન આ આભાસી જગતની (Virtual wrold) માયામાં ફસાતી જાય છે.

આનો અતિશય ઉપયોગ સમય જતાં અનેક પ્રકારના મનોરોગોને જન્મ આપશે. સાથે સાથે એ પણ સમજવું જરૂરી છે કે આ ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ આપણી આધ્યાત્મિક યાત્રાને અત્યંત પ્રબળ ને વેગવાન પણ બનાવી શકે છે.

આપણા શાસ્ત્રો ગાઈ વગાડીને કહે છે કે, આ જગતમાં કોઇ વસ્તુ ખરાબ કે નકામી નથી, પરંતુ તેનો સારો - ખોટો ઉપયોગ જ તેને સારી કે નરસી સાબિત કરે છે અને એમાં આપણું મન મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી જ કહ્યું છે કે, -'મનકે હારે હાર હૈ, મનકે જીતે જીત... મન મિલાવે રામકો, મન હી કરે ફજીત.'

---

# ૭૧

પરમાત્માએ આપણને આનંદનું સોફ્ટવેર ડાઉનલોડ કરીને જ આ લોકમાં મોકલ્યા છે, તેથી તો નવજાત બાળકો ચાર પાંચ વર્ષ સુધી સહજ સ્વભાવે કેટલા પ્રફુલ્લિત રહેતા હોય છે!

પરંતુ જ્યારે આપણે તે સોફ્ટવેરમાં ખોટા વાઈરસ નાખીને એને સ્થગિત (Hang) કરી દઈએ છીએ ત્યારે નૈસર્ગિક આનંદનો પ્રવાહ અટકી જતાં જીવન જીવવા જેવું નથી રહેતું. અંગ્રેજીમાં કહ્યું છે કે, Happiness springs from within. આનંદનું એપીસેન્ટર આપણા સ્વયંમાં જ છે. પરંતુ કસ્તુરી મૃગની જેમ આપણે તેને બાહ્ય જગતમાં - ઇંદ્રિયજન્ય વિષયોમાં શોધવા માટે જીવનભર ભટક્યા કરીએ છીએ. પરંતુ અંતે કાંઈ જ હાથમાં આવતું નથી.

# ૭૨

આધુનિક કમ્પ્યુટર યુગમાં આનંદની અનુભૂતિ માટે આ ચાર શબ્દો પ્રમાણે જીવન જીવવું અત્યંત જરૂરી છે CU, Copy, Paste અને Forward.

અધર્મ અને અનાચારને જીવનમાંથી (CU) દૂર કરો, સદાચારને જીવનમાં Copy Paste કરો યાને આત્મસાત્ કરો, અને તમારા સદાચારી જીવનની ખુશબુ માનવ સમાજમાં Forward કરો યાને ફેલાવો.

આજનું યંગ જનરેશન એ પ્રશ્ને હંમેશાં confused (દ્વિધામાં) છે કે, આનંદ ચાન્સ છે કે ચોઈસ છે? હકીકતમાં આનંદ ૯૦% ચોઈસ છે અને માત્ર ૧૦% જ ચાન્સ પર નિર્ભર છે! જો આનંદ ચોઈસ હોય તો પછી તે આપણા જીવનની પળે પળમાં કેમ વ્યાપ્ત નથી? આપણે તેની ચોઈસ કરવામાં ક્યાં ગોથું ખાઈ ગયા છીએ?

# ૭૩

આનંદનું અનુભવબિંદુ એટલે આપણો ચૈતન્ય (Pure Conscious) અને આનંદનું ઉદ્‌ગમબિંદુ એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્યાતીદિવ્ય વ્યતિરેક સ્વરૂપ જેને આપણે મૂર્તિ કહીએ છીએ.

આ બંને બિંદુઓ વચ્ચે દિવ્ય આનંદનું આદાનપ્રદાન ક્યારે ને કેવી રીતે થાય તે સમજવા જેવું છે.

જ્યાં સુધી આપણે દેહભાવે વર્તીએ છીએ – હું હાડચામનું શરીર નથી, હું મન પણ નથી, હું માત્ર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છું એવી દૃઢ સ્થિતિ થઈ નથી ત્યાં સુધી એવા દિવ્ય આનંદની પ્રાપ્તિની વાતો કરવી એ ફક્ત દિવાસ્વપ્ન દેખવા જેવું છે!

આત્મનિષ્ઠા એ જ્ઞાનદૃષ્ટિ છે, અને આત્મસત્તા એ સ્થિતિ છે. જ્યારે મુમુક્ષુ આત્મસત્તાએ પોતાના ચૈતન્યમાં બ્રહ્મરૂપની ભાવનાએ શ્રી હરિની મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને તેના ચૈતન્યમાં દિવ્ય તેજોમય સ્વરૂપે પ્રગટ થઈ તેને પોતાની મૂર્તિરૂપ કરી પોતાના આનંદમય સ્વરૂપમાં પ્રગાઢ તાદાત્મ્ય સાથે રસબસ રાખે છે. પરિણામે પરમાત્માને પોતાના સ્વરૂપનો જે આનંદ આવે છે

તેવો જ આનંદ એ મૂર્તિરૂપ થયેલા મુક્તને પણ આવવા લાગે છે.

એ અલૌકિક સ્થિતિમાં દિવ્ય આનંદનું ઉદ્‌ગમબિંદુ અને અનુભવ બિંદુ બંને એકાકાર ને એકરૂપ થઈ જાય છે. જો કે એ સ્થિતિમાં પણ મહારાજ અને મુક્ત વચ્ચે સુખદાતા અને સુખભોક્તા, સ્વામી અને સેવક એ ભાવ કાયમ યથાવત રહે છે.

આ જગતમાં કોઈ વ્યક્તિ કે વસ્તુ આપણને કેટલી ગમે છે કે કેટલી ધૃણાસ્પદ લાગે છે તેનો આધાર એ વ્યક્તિ કે વસ્તુ પર નથી, પણ એનો આધાર એના પ્રત્યેના આપણા દૃષ્ટિકોણ પર છે.

જો આપણું અંતઃકરણ નિરસ હશે તો આપણને બધે નિરસતા જ નજરે પડશે. સંસારમાં આપણી આજુબાજુની વ્યક્તિઓ, વસ્તુઓ કે વાતાવરણ આપણા માટે દર્પણ સામાન છે, જેમાં આપણે આપણું પોતાનું જ પ્રતિબિંબ જોઈ શકીએ છીએ.

હકીકતમાં આપણો આત્મભાવ જ એની સાથે ભળીને આનંદદાયક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. જો આ આત્મભાવને - આત્મીયતાને સ્વાર્થમય સંકુચિતતામાં બાંધવામાં ન આવે તો એના આનંદનો પ્રકાશ સર્વત્ર વ્યાપીને દિવ્યતાનું સર્જન કરે છે.

---

## ૭૪

એક વાત તો સનાતન સત્ય છે કે આનંદનું અનુભવબિંદુ માત્ર ને માત્ર આપણું અંતર જ છે. તેથી પ્રત્યેક વ્યક્તિનો આનંદ એનો પોતાનો નિજાનંદ છે.

આ નિજાનંદ ગમે ત્યારે ને ગમે ત્યાં પ્રગટી શકે છે. ઉકા ખાચરને એ સાધુઓના પાયખાના સાફ કરતી વખતે ત્યાં જ મળી ગયો હતો ને તે ત્યાં જ સમાધિમાં સરી પડ્યા હતા.

નિજાનંદની નાવમાં બેસીને મુક્ત જ્યારે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચે ત્યારે તે પોતાના અસ્તિત્વને ઓગાળીને પરમ તત્ત્વ સાથે એકાકાર બને છે. એને જ આત્યંતિક કલ્યાણ કહે છે.

## ૭૫

પ્રશ્નઃ  જ્યાં સુધી મુક્ત સ્થિતિ પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી કેવી સમજણ રાખીએ તો અંતરમાં અખંડ આનંદની અનુભૂતિ અહોરાત અકબંધ રહે?

આપણને જે પ્રાપ્તિ થઈ છે તેનો જો મહિમા સમજાયતો તેના માટે અહોભાવ થયા વિના રહે જ નહિ. આ તો અચાનક કોઈ આપણને surprise આપવા આપણા મોઢામાં મનગમતી મીઠાઈ કે ચોકલેટ મૂકી દે તેના જેવી વાત છે!

આપણને અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણની ઉપાસના ઉપલબ્ધ થઈ છે, એટલું જ નહિ તેમના મોટા મુક્તોની અકારણ કૃપા સાંપડી છે, સાથે સાથે કારણ સત્સંગનું સર્વોચ્ચ જ્ઞાન પણ આત્મસાત્ થયું છે, તો હવે એ બધા માટે શ્રી હરિ પ્રત્યે અદમ્ય કૃતજ્ઞતાનો ભાવ (feelings of gratitude) કેળવવો અત્યંત જરૂરી છે. એના વિના અંતરમાં આનંદની અનુભૂતિ ક્યારેય નહિ થાય.

સાથે સાથે એવી સમજણ રાખવી કે, મારું અહોભાગ્ય છે કે પરભાવમાં મારા ચૈતન્યને કૃપા કરીને શ્રીજીમહારાજે

મૂર્તિરૂપ કરી પોતાના દિવ્ય સાકાર સ્વરૂપમાં રાખ્યો છે, માટે હવે આ દેહ દ્વારા જે કાંઈ ક્રિયા થાય છે તેના કર્તા મહારાજ જ છે!

જો આવા દિવ્યભાવનું અવિરત અનુસંધાન રહે તો સહેજે અખંડ આનંદની અનુભૂતિ અંતરમાં રહ્યા કરે.

# ૭૬

આપણી આ સ્થૂળ આંખો વડે જે કાંઈ દેખાય છે તે બધું જ સત્ય નથી હોતું, અને જીવનમાં જે સત્યને આપણે જોવા માગીએ છીએ તે આ આંખો દ્વારા નથી જોઈ શકાતું. એના માટે તો અંતરની આંખો જોઈએ.

ભગવાન સ્વામિનારાયણની સાથે એમના સાનિધ્યમાં રહીને જેમણે આખું આયખું ઘસી નાખ્યું હોય અને છતાં પણ તેઓ તેમને ઓળખી શક્યા ન હોય, એનાથી બીજી મોટા આશ્ચર્યની વાત કઈ હોઈ શકે!

બોટાદના દરબાર હમીરખાચરને ત્યાં એક વાર અદ્‌ભુતાનંદ સ્વામી જઈ ચડ્યા. સ્વામી પોતાની પૂજામાં શ્રીજીમહારાજની પ્રસાદીના વસ્ત્રનો એક ટુકડો રાખતા ને પૂજા પત્યા પછી તેને અત્યંત આદરપૂર્વક આંખે અડાડી માથે ચડાવતા. હમીરખાચર આ જોઈ ગયા, તેમણે પૂછયું સ્વામી, આ શું છે? તમે એને આંખે અડાડી કેમ માથે ચડાવ્યું?

સ્વામી કહે, મહારાજની આજ્ઞાથી અમારે દેશ-પરદેશ ફરવું પડે, એટલે શ્રીહરિના પ્રત્યક્ષ સમાગમનો જોગ ના મળે, માટે એમની પ્રસાદીના વસ્ત્રના દર્શન કરીને તેમના પ્રત્યક્ષ દર્શનનો આનંદ એમાં માનીએ છીએ.

આ સાંભળીને હમીરખાચરની આંખો ફાટીની ફાટી જ રહી ગઈ. તેમણે કહ્યું સ્વામી, હું તો હજી મૂરખ નો મૂરખ જ રહ્યો. તમારી પાસે તો મહારાજની પ્રસાદીના વસ્ત્રનો એક નાનકડો ટુકડો છે, એનો તમને આટલો બધો મહિમા છે, પણ મારા ઘરની તો એકેએક વસ્તુ પ્રસાદીની છે, છતાં પણ હું હજી સુધી સહજાનંદ સ્વામીને મોટાપુરુષ જ માનતો હતો, મેં તેમને ભગવાન માનીને ક્યારેય દંડવત્ પ્રણામ સુદ્ધાં નથી કર્યા. આજે તમે મારી આંખો ખોલી નાંખી, માટે હવે અબઘડી ગઢપુર જઈ મહાપ્રભુજીની માફી માગી તેમને રાજી કરીશ, પછી જ આ મોઢામાં અન્નનો દાણો ઓરીશ.

સાચા સત્પુરુષ જ્યારે કૃપા કરીને પોતાની સંકલ્પ શક્તિ દ્વારા દિવ્ય સમજણ આપણા અંતરમાં આરોપિત કરે ત્યારે જ ભગવાન અને એમના અનાદિમુક્તોને ઓળખી શકાય છે.

## ૧૧

જે રીતે આપણે પરદેશ જવું હોય તો પાસપોર્ટની જરૂર પડે છે, તેમ જેને આત્યંતિક કલ્યાણ પામી મહારાજની મૂર્તિમાં પહોંચવું હોય તેને માટે શ્રીજીમહારાજની પ્રસન્નતારૂપી પાસપોર્ટ મેળવવો અત્યંત આવશ્યક બની જાય છે!

ભગવાન સ્વામિનારાયણ ગ. પ્ર. ૨૧મા વચનામૃતમાં આ અંગે સ્પષ્ટતા કરતા કહે છે પોતપોતાના જે ધર્મ તેમાં અચળ નિષ્ઠા, આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા, એક ભગવાન વિના બીજાં સર્વે પદાર્થ પ્રત્યે અરુચિ તથા ભગવાનને વિશે માહાત્મ્ય સહિત નિષ્કામ ભક્તિ એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે.

ટૂંકમાં, ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને નિષ્કામ ભક્તિ એ પરમાત્માની પ્રસન્નતાનો પાસપોર્ટ મેળવવા માટેની પ્રાથમિક જરૂરિયાત છે.

તેથી જ શ્રીજીમહારાજ ગ. પ્ર. ૪થા વચનામૃતમાં કહે છે કે, પ્રશંસા પામવાની ઈચ્છાનો ત્યાગ કરીને નિર્માનીપણે માત્ર પરમાત્માની પ્રસન્નતા માટે જ સાધન (Efforts for endeavor) કરવામાં આવે તો જ ભગવાન રાજી થાય છે.

# ૭૮

સંત તુલસીદાસજીએ લખ્યું છે –

દયા ધરમ કા મૂલ હૈ,
પાપ મૂલ અભિમાન.

ભગવાન સ્વામિનારાયણ ગ. પ્ર. ૫૬મા વચનામૃતમાં કહે છે-

ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટન્ટ (અક્કડ, Arrogant) થવું નહિ, તો એ પુરુષના હૃદયમાં પ્રગટ પ્રમાણ એવા જે ભગવાન તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, નમ્રતા ને નિર્માનીપણું શ્રીહરિને અત્યંત પ્રિય છે. આ જગતમાં દૈવયોગે ગમે તેટલી સંપત્તિ અને સત્તા સાંપડે કે ગમે તેટલી વિદ્વતા કે કલ્યાણકારી ગુણો ઉપલબ્ધ થાય તો પણ જેને મન તેનું જરા પણ અભિમાન નથી આવતું અને જે સદાય સત્સંગમાં સર્વેને નમતો રહે છે તે જ પ્રભુની પ્રસન્નતાનું ભાજન બને છે.

---

# ૭૯

આપણે પરમાત્માની પ્રસન્નતારૂપી પાસપોર્ટ મેળવવા માટે જે વિવિધ સાધનો અંગે વિચારી રહ્યા છીએ તેમાં મુખ્ય સાધન છે-ભગવાનનો દૃઢ આશરો.

ગ. પ્ર. ૩૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજે એના વિષે ખૂબ વિસ્તારથી વાતો કરી છે. શ્રી હરિની નિર્વિકલ્પ શરણાગતિ એ એમની પ્રગાઢ પ્રસન્નતા માટેના સાધનનું અંતિમ ચરણ છે. નિર્વિકલ્પ શરણાગતિમાં પછી ભક્તને ભગવાન સિવાય કોઈ આધાર રહેતો નથી. તેથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે મેરે તો તુમ એક હી આધારા.

જ્યારે ભક્ત સર્વ પ્રકારે ભગવાનનો થઈ જાય છે ત્યારે પરમાત્મા તેના યોગક્ષેમનું કેવી રીતે વહન કરે છે તે શ્રીજીમહારાજના શબ્દોમાં સાંભળીએ:

સુખદુઃખ આવે સર્વે ભેળું, એમાં રાખજો સહુ સ્થિર મતિ.
આવશે મારા જનને, વળી કરીશ જતન અતિ.
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું.
પણ વ્રત ટેક જો ટાળશો, તો ભોગવશો સહુ સહુ તણું.
નહિ તો તમે નચિંત રહેજો, કરવું તમારે કાંઈ નથી,
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષર થકી.

# ૮૦

પ્રસન્નતાનો પાસપોર્ટ મેળવવા માટે જે રીતે સત્સંગમાં નમ્રતા ને નિર્માની વર્તન જરૂરી છે, તે જ રીતે એના માટે નિષ્કામ ભક્તિનું પણ એક આગવું મહત્ત્વ છે.

શ્રીજીમહારાજ ગ. પ્ર. ૨૮મા વચનામૃતમાં કહે છે- ભગવાનના ભક્તને કોઈક કર્મયોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયે અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તને એમ વિચાર ન આવે કે આ ભગવાન મને શૂળીના કષ્ટથી મુકાવે તો ઠીક, એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ પણ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે.

ભગવાનની પ્રસન્નતા એટલે કે રાજીપો નિઃશેષપણે પ્રાપ્ત થઈ ગયો છે તેનો માપદંડ એ છે કે એ સ્થિતિમાં સદાય આનંદની અનુભૂતિ અખંડ રહે ને અંદરથી ભર્યાભર્યા રહેવાય, અંતરમાં પૂર્ણકામપણું (feeling of entire spiritual accomplishment) વર્તે તેમ જ સત્સંગમાં સર્વ પ્રત્યે અનોખો દિવ્યભાવ અનુભવાય, પરિણામે ચારે તરફ શ્રી હરિની અલૌકિક કૃપાની ઝાંખી થાય!

# ૮૧

છેલ્લાં ત્રણ વરસથી ચાલતા કોરોના કાળે આખાય જગતને અનેક પ્રકારની સમસ્યાઓના ભીષણ ભરડામાં ભીંસી લીધું છે, ત્યારે એક નવ યુવાને પોતાની સમસ્યાઓનું લાંબુ લિસ્ટ રજુ કરી એનું સમાધાન માંગ્યું.

દરેક સમસ્યા એક તાળાં જેવી હોય છે જેની ચાવી જેની સમસ્યા હોય તેને જ શોધવાની હોય છે. અત્યાર સુધી કોઈ તાળું એવું નથી બન્યું જેની ચાવી તેની સાથે બનાવવામાં આવી ન હોય.

અમેરિકન લેખક જોન બેજ લખે છે તમે જ્યાં સુધી શોધતા જ રહેશો, ઉકેલો (solutions) મળતા જ રહેશે. જરૂર છે ખંતની, ધીરજની, વિશ્વાસની! કબીરજી કહી ગયા છે જિન ખોજા તિન પાઈયા, ગહરે પાની પેઠ. પ્રત્યેક સમસ્યાનું સમાધાન છે જ, જરૂર છે માત્ર સકારાત્મક અભિગમ (positive approach)ની!

ક્યારેક સમસ્યા એની સાથે અવસરને (opportunity) લઈને પણ આવતી હોય છે. માટે નાસીપાસ થયા વિના એની સામે પૂરેપૂરી હિંમત અને પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા સાથે ઝઝૂમતા રહેવાનું છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારતા એમ જણાય છે કે જીવનમાં સંઘર્ષ અને સમસ્યાઓ તમને કંઈક આપવા માટે આવતા હોય છે, પછી ભલેને તમે તેનાથી સભાન હોવ કે અભાન! તેથી તેનાથી દૂર ભાગવાને બદલે એને જો પડકાર (challenge) તરીકે સ્વીકારી લેવામાં આવે તો તેના સુખદ સમાધાનની સાથે bonus તરીકે પરમાત્માની અપ્રતિમ પ્રસન્નતા પણ સાંપડે છે.

# ૮૨

નીલકંઠ વર્ણીની વનવિચરણલીલા અત્યંત અર્થપૂર્ણ અને રહસ્યમય છે. તે ખૂબ વિવિધતા સાથે અદ્‌ભુત અધ્યાત્મજ્ઞાનથી સભર છે.

નેપાળના જંગલમાં અત્યંત વયોવૃદ્ધ ગોપાલયોગી સાથેની તેમની મુલાકાત, એક વરસ સુધી ત્યાં રહી ગોપાલયોગી પાસે અષ્ટાંગયોગનો અભ્યાસ કરવો અને પછી ગોપાલયોગીના ગુરુ બની તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવી, અંતે નિર્વિકલ્પ સમાધિ પમાડી તેમનું આત્યંતિક કલ્યાણ કરવું, એ શ્રીહરિની સર્વોપરી ભગવત્તા (Godhood) સુપેરે પુરવાર કરે છે.

નીલકંઠ વર્ણી ગોપાલયોગીને સમજાવતા કહે છે અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે, પરંતુ તેમાં પણ જો વૃત્તિઓ અનુલોમ (extrovert) થાય તો વિઘ્ન આવે છે. પરંતુ જો બ્રહ્મ સાથે આત્માની એકતા થાય અને એ રીતે બ્રહ્મરૂપ થવાય તો કાંઈ વિઘ્ન આવતું નથી.

ગોપાલયોગી એમ માનતા હતા કે, મુમુક્ષુ યોગસાધના દ્વારા પોતાના આત્માને ઓળખે છે ને પામે છે, પરિણામે તે આત્મા એજ પરમાત્મા છે એમ માનતો,

સમજતો ને અનુભવતો થઈ જાય છે.

નીલકંઠ વર્ણીએ તેમને સમજાવ્યું કે, મુમુક્ષુએ પોતાનો આત્મા આ શરીર અને જગતથી સ્વરૂપ અને સ્વભાવે ભિન્ન અને વિલક્ષણ છે એવું જાણવા, સમજવા તથા એ આત્મામાં અંતર્યામી સ્વરૂપે રહેલા પરમાત્માને ઓળખવા તેમ જ ઓળખીને તેમની સાથે તાદાત્મ્ય સાધવા માટે યોગસાધના કરવી જોઈએ.

આ સાંભળીને ગોપાલયોગીનો અહંકાર ઓગળી ગયો. તેમણે નીલકંઠ વર્ણીને આ જ્ઞાન પોતાને આત્મસાત્ કરાવવા માટે પ્રાર્થના કરી. પછી ગુરુ શિષ્ય બની ગયા ને જે અત્યાર સુધી શિષ્ય હોવાની લીલા કરી રહ્યા હતા તે પોતાના મૂળપાત્રમાં આવી ગયા. આમ શ્રીજીમહારાજની લીલા અકળ છે!

## ૮૩

બુદ્ધિ અને સક્રિયતા એ બંને શ્રદ્ધાના અનુચર (follower) છે. શ્રદ્ધા જ આપણા આંતરિક વ્યક્તિત્વને જન્મ આપીને તેના સ્વરૂપને નિર્ધારિત અને વિકસિત કરનારી દિવ્ય જનની છે, શ્રદ્ધા અનંત જન્મોના સંસ્કારોના પરિપાક સ્વરૂપે આપણા અંતરમાં સ્વયંભૂ પ્રગટે છે, તેથી તે ક્યારેય પુરાવા કે સાબિતીની મોહતાજ નથી હોતી.

શ્રદ્ધાને કોઈ કારણ નથી હોતું. Faith is reasonless. જ્યારે વિશ્વાસનો પાયો જ નક્કર પુરાવા ને સાબિતીઓ છે.Trust is the core conviction of judgement based on knowledge, instinct and experience. શ્રદ્ધા વિશ્વાસની સાથે જોડાઈને સંકલ્પ અને સક્રિયતા માટે પ્રેરણાસ્રોત બને છે. વિશ્વાસની પ્રતિક્રિયા જ સંકલ્પ છે અને સંકલ્પ જ સક્રિયતાનો સર્જક છે.

# ૮૪

શ્રી વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં જાજલિ નામે એક ઋષિનું આખ્યાન આવે છે. ઋષિ વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરવા માટે કઠોર તપ કરે છે. વરસોની ઘોર તપશ્ચર્યાને અંતે તેમની જટામાં પક્ષીઓના માળા અને શરીરની આજુબાજુ કીડીઓના રાફડા બની જાય છે.

છેવટે ભગવાન તેમની સાધનાથી પ્રસન્ન થઈ તેમની સામે પ્રગટ થઈને બોલ્યા મહામુનિ! આંખો ખોલો, હું તમારા કઠોર તપથી ખૂબ પ્રસન્ન થયો છું, વર માંગો...

ઋષિએ આંખો ખોલ્યા વિના જ કીધું પહેલા મારા કઠોર તપને જુઓ, તેના માટે મને બિરદાવો, પછી હું આંખો ખોલું...

ભગવાનને થયું આને સાધનનો ભાર આવી ગયો છે, એને મન સાધનની મહત્તા સાધ્ય કરતા એટલી બધી વધી ગઈ છે કે જેના માટે તેણે આવું કઠોર તપ કર્યું એ ધ્યેયરૂપ ભગવાન સાક્ષાત્ સામે આવીને ઉભા છે, છતાં આંખો ખોલીને એમના દર્શન કરવા માટે પણ એ તૈયાર નથી. ઋષિના અહંકારભર્યા વર્તનથી નારાજ થઈને કાંઈ જ બોલ્યા વિના શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા.

સાધન કરતી વખતે જ્યારે સાધક એની સાથે

ઓતપ્રોત થઈને ક્રિયારૂપ થઈ જાય છે, ત્યારે તેને મન સાધનનું મહત્ત્વ સાધ્ય (જેના માટે સાધન કરતો હોય તે ધ્યેયરૂપ મૂર્તિ) કરતા પણ વધી જાય છે, પરિણામે તેને સાધન કરવામાં કાર્યરૂપ થઈ જવાથી એટલી મઝા આવી જાય છે કે પછી તેને સાધ્ય સિદ્ધ કરવામાં ખાસ રસ રહેતો નથી, આને સાધનનો ભાર રાખ્યો કહેવાય.

આપણે પાત્રતા કેળવવા ગમે તેટલા સાધન કરીએ, પછી ભલેને દિવસના પાંચ કલાક ધ્યાન કરીએ, આપણે ક્યારેય તેનું પ્રદર્શન કરવાનું નથી, આપણી સાધના અત્યંત ગુપ્ત રાખવાની છે, તો જ તે સાર્થક થઈ આપણને આત્મભાવમાં સ્થિત કરે છે.

સાધન કરતી વખતે સાધકની નજર તો હંમેશાં ધ્યેય સામે જ રહેવી જોઈએ. ઉપર ચડવા માટે આપણે નિસરણીનો ઉપયોગ કરીએ છીએ ત્યારે ઉપર ચડીને નિસરણીને છોડી દઈએ છીએ, એને પકડીને તેની ઉપર બેસી નથી રહેતા,એમ સાધ્ય સિદ્ધ થાય પછી સાધન છોડી દેવાના હોય છે.

એ હકીકત છે કે જે મુમુક્ષુ દેહભાવે સાધન કરે છે તેને સાધનનો ભાર અવશ્ય રહે જ છે, કારણ કે તેનામાં પોતે આટલા સાધન કર્યા છે એવો સૂક્ષ્મ અહંકાર આવી જતો હોય છે, માટે નિષ્કામપણે આત્મભાવે જ ભગવાનની પ્રસન્નતાના સાધન કરવા જોઈએ.

# ૮૫

એક સિદ્ધ મુક્ત પાસે એક વાર એક મુમુક્ષુએ જઈને યાચના કરી કે, હું સદાય આપની નિશ્રામાં રહી મારું મનગમતું મુકી તમારી અનુવૃત્તિમાં વર્તીશ, કૃપા કરીને મને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવો.

મોટાપુરુષ તો કૃપા કરવા જ બેઠા હોય છે, તેમણે કહ્યું બેટા, આ માર્ગ તલવારની ધાર ઉપર ચાલવા જેવો વિકટ છે, પાત્રતા કેળવવા માટે સાધન કરવા માટે એટલી ધીરજ છે તારામાં?

મુમુક્ષુએ હા પાડી, ત્યારે તેમણે સળંગ ત્રણ વર્ષનું તપ બતાવ્યું.

બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે જમવું. એવી રીતે એક માસ રહેવું. પછી બીજા માસે ધારણાં પારણા કરવા. ફરી ત્રીજા માસે પહેલાં માસની જેમ રહેવું. રાત્રે ત્રણ વાગ્યા સુધી ગુરુની વાતો સાંભળવાની, ત્રણ વાગે સૂઈ ફરી ચાર વાગે ઊઠી જવાનું. આવી તપ સાધના સતત ત્રણ વરસ સુધી કરવાની.

આટલા પ્રચંડ પુરુષ પ્રયત્ન દ્વારા જ્યારે મહારાજ અને પેલા સિદ્ધ મુક્તને ખૂબ રાજી કર્યા ત્યારે કૃપાની ફળશ્રુતિરૂપે

તે મુમુક્ષુને ભગવાનનો સાક્ષાત્કાર થયો. જ્યારે તેની પર દિવ્યસુખનો ધોધ વરસી પડ્યો ત્યારે તેણે કહ્યું ભગવાને મોટા પુરુષ દ્વારા મને જે આપ્યું અને મેં જે મેળવ્યું તેની તુલનામાં મેં જે પુરુષાર્થ કર્યો તે તો કાંઈ જ હિસાબમાં નથી.

આમ, ભગવદ્ પ્રાપ્તિમાં કેવળ કૃપાની જ મહત્તા છે, સાધન તો કેવળ સાંસા ગોટીલા જેવા છે, પણ તે કરવા જરૂરી તો છે જ!

# ૮૬

શ્રીજીમહારાજ વડતાલના ૯મા વચનામૃતમાં કહે છે પૃથ્વી આદિક ચાર ભૂત (four basic elements) વિના એકલો જ આકાશ હોય અને આકાશમાં જેટલા તારા છે તેટલા ચંદ્રમા હોય ને તેનો જેવો પ્રકાશ થાય તેવો ચિદાકાશનો પ્રકાશ છે.

અનંતકોટિ બ્રહ્માંડમાં ચિદાકાશ સર્વત્ર વ્યાપ્ત છે, એટલું જ નહિ, એ અનાદિ, સર્વાધાર અને નિર્વિકારી છે. ભગવાન સ્વામિનારાયણની દિવ્ય વ્યતિરેક મૂર્તિના તેજને જ અક્ષરબ્રહ્મ કે અક્ષરધામ કે ચિદાકાશ કહે છે.

સદ્‌ગુરુ આધારાનંદ લખે છે કે, ચિદાકાશ કુટસ્થ મુક્ત એટલે કે પરમ એકાંતિક મુક્તને રહેવાના સ્થાનકરૂપ છે. શ્રીહરિએ ગ. પ્ર. ૪૬મા વચનામૃતમાં આ બ્રહ્માંડમાં વ્યાપ્ત ચિદાકાશ અંગે ખૂબ વિસ્તારથી વાત કરી છે. આ ચિદાકાશ જ અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિનું કારણ છે.

આધુનિક વિજ્ઞાન પણ આ વાતને સ્વીકારે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન પણ સમગ્ર તત્ત્વની ઉત્પત્તિનું કેંદ્ર ચિદાકાશને માનતા હતા. પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી તથા ખગોળ વિજ્ઞાની ફ્રેંડ હોયલે અને હિગ્સ બૉઝોને ચિદાકાશને

ગૉડ પાર્ટિકલ (sky of Consciousness) એવું નામ આપ્યું છે. વૈજ્ઞાનિકો સબ એટોમિક ઓફ કવાન્ટસ ફીલ્ડના સિદ્ધાંતના રૂપમાં આપણો ચિદાકાશનો સિદ્ધાંત સ્વીકારે છે.

આધુનિક વૈજ્ઞાનિકો હવે આકાશને પણ ઊર્જાથી ભરેલું માને છે. એમના મત મુજબ એમાં અસંખ્ય અંતરિક્ષ કણોનો (જેને વિજ્ઞાનની પરિભાષામાં ન્યુટ્રીન કણો કહે છે) વરસાદ થતો રહે છે. એ ન્યુટ્રીન કણો એટલા સૂક્ષ્મ હોય છે કે વૈજ્ઞાનિકો તેના વિષયમાં વધુ સંશોધન ન કરી શકવાને કારણે પોતાની હાર સ્વીકારીને ચિદાકાશને જ મહાશક્તિનો અખૂટ ભંડાર અને સર્વના આધારરૂપ માનવા માટે મજબૂર બન્યા છે.

# ૮૭

નીલકંઠ વર્ણી વનવિચરણ દરમ્યાન જ્યારે બદરીનાથ થઈને બદરિકાશ્રમ પહોંચ્યા ત્યારે નરનારાયણે તેમનું ભાવભીનું સ્વાગત કરતાં કહ્યું 'આ હિમગિરિ અત્યંત વિકટ છે. અહીં જે આવે તેના પ્રાણ જાય છે. જે મુનિઓ વરસોના તપને અંતે જ્યારે સિદ્ધગતિને પામે છે ત્યારે કેદારનાથ શિવજી તેમને અહીં પહોંચાડે છે. એના સિવાય કોઈ કરોડો ઉપાય કરે તો પણ અહીં આવી ન શકે. અહીં અમે જે ધ્યાન કરીએ-કરાવીએ છીએ, તેમાં પણ આપના સ્વરૂપનું જ હૃદયમાં ચિંતવન થાય છે.

નીલકંઠ વર્ણીને બદરીનાથથી બદરિકાશ્રમ પહોંચતા એક મહિના જેટલો સમય લાગ્યો હતો. તેઓ ૭ મી નવેમ્બર ૧૭૯૨ ના દિવસે ત્યાં પહોંચ્યાં હતા.

ભગવદ્ગોમંડળમાં એવો ઉલ્લેખ છે કે બદરિકાશ્રમ હિમાલયમાં ગઢવાલમાં અલકનંદા નદીને પશ્ચિમ તીરે આવેલું એક તીર્થસ્થળ છે. એ હિમાલયમાં ગંધમાદન પર્વતમાં આવેલો નરનારાયણનો આશ્રમ છે. ત્યાં મોટાં અને સ્વાદિષ્ટ બોરવાળી બોરડીઓનું વન હોવાથી તેને બદરીવન પણ કહે છે.

એક વાત અત્યંત નોંધનીય છે કે આપણા સ્વામિનારાયણ સંપ્રદાયનું ઐતિહાસિક ઉદ્‌ગમસ્થાન બદરિકાશ્રમ છે. શ્રીજીમહારાજ અને એમના મુક્તોનું આ લોકમાં પ્રાગટ્ય બદરિકાશ્રમમાં થયેલા દુર્વાસા ઋષિના શાપના નિમિત્તે થયું હતું.

# ૮૮

હિન્દુધર્મનો એક પાયાનો સિદ્ધાંત છે – એકેશ્વરવાદ. અનંત કોટિ બ્રહ્માંડ પરત્વે પરમાત્મા એક જ છે. હિન્દુધર્મ સિવાય ઈસ્લામ અને ક્રિશ્ચિયન પણ આ જ સિદ્ધાંતમાં માને છે. પરંતુ ફરક એટલો જ છે કે એમને ખબર નથી કે એ એક માત્ર પરમાત્મા કોણ છે? કુરાનમાં લખ્યું છે

લાહીલાહા ઈલલ્લાહ મુહમદૂર રસુલીલ્લાહ

મતલબ કે અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર કે સમકક્ષ નથી. એકેશ્વરવાદ માટે કુરાનમાં' તૌહીદ' શબ્દ વાપરવામાં આવ્યો છે. બાઈબલમાં આ સિદ્ધાંતને monotheism તરીકે સ્વીકારવામાં આવ્યો છે.

ઋગ્વેદમાં લખ્યું છે एकम सदविप्र बहुधा वदन्ति અર્થાત્ ઈશ્વર છે ને તે એક જ છે. ભગવાન સ્વામિનારાયણે પોતાના જ્ઞાનમત તથા પોતાની સર્વોપરી ઉપાસના દ્વારા એકેશ્વરવાદનું સંપૂર્ણપણે સમર્થન કર્યું છે. એકેશ્વરવાદ એ સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનમતની ધોરીનસ છે. સ્વામિનારાયણ મંદિરોમાં લક્ષ્મીનારાયણ, નરનારાયણ, ગોપીનાથજી, મદનમોહન, રાધાકૃષ્ણ વગેરે નામે જે સ્વરૂપોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે બધાં જ ભગવાન

શ્રી સ્વામિનારાયણ સંકલ્પ સ્વરૂપો છે, એ સર્વે જે તે નામે ઓળખાતા જે તે ધામના પરોક્ષ અવતાર સ્વરૂપો નથી, એ સર્વે રૂપે શ્રીજીમહારાજ પોતે જ છે. એ મૂર્તિઓ મૂળઅક્ષર અને મુક્તોથી પણ પર છે, કારણ કે એ મૂર્તિમાં સાક્ષાત્ શ્રીજીમહારાજ વસે છે.

## ૮૯

કાર્ય સત્સંગમાં તો આજે પણ મોટાભાગના અનુયાયીઓ ભગવાન સ્વામિનારાયણને ગોલોકવાસી શ્રીકૃષ્ણના અવતાર જ માને છે. આ કેટલું મોટું અજ્ઞાન છે ને ઉપાસનાની સમજણમાં ન પૂરાય એવી કેટલી મોટી ખોટ છે એનું એમને ભાન નથી, એ અત્યંત દુઃખની વાત છે!

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી અને વચનામૃતમાં કેટલીક જગ્યાએ દ્વિઅર્થી વાક્યરચના ને સંવાદોનો પ્રયોગ કરીને એમ પણ સ્પષ્ટતા કરી છે કે અમારા આ વચનો મોટા સિદ્ધમુક્તો દ્વારા જ યથાર્થ સમજી શકાશે. જ્યારે કેટલાક વચનામૃતોમાં તો સ્પષ્ટ શબ્દોમાં પોતાના સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને સુપેરે ઉજાગર પણ કર્યું છે.

ગ. મ. ૩૧મા વચનામૃતમાં શુકમુનિ પૂછે છે પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલયના કર્તા છે, માટે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે?' આના ઉત્તરમાં શ્રીહરિએ કહ્યું કે, જેમ આ જીવને વિષે ને વૈરાજપુરુષ ઈશ્વરને વિષે ભેદ છે ને વળી જેમ ઈશ્વરને વિષેને વૈરાજપુરુષ ઈશ્વરને વિષે ભેદ

છે ને વળી જેમ ઈશ્વરને વિષે ને (મૂળ) પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન (અહીં શ્રીજીમહારાજે પોતે પોતાના તેજ દ્વારા મૂળઅક્ષરાદિકમાં વ્યાપ્ત હોવાથી પોતાને વાસુદેવ ભગવાન કહ્યા છે.) તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે. અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણોક છે ને તે વાસુદેવના ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે. એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વરને જીવ એ ચાર ભેદ અનાદિ છે.

આનો સાર માત્ર એટલો જ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ અંનતકોટિ બ્રહ્માંડ પરત્વે એક માત્ર સનાતન પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા છે. આ લોકમાં જેટલા પણ અવતારો ભગવાન થઈને પૂજાય છે તે સર્વે શ્રીહરિના અન્વયસ્વરૂપના અવતાર છે અને તેમના દ્વારા જે જે મહત્ કાર્યો આ લોકમાં થયાં તે બધાં જ શ્રીજીમહારાજના દિવ્ય આવિર્ભાવ દ્વારા થયાં હતાં. હકીકતમાં તેઓ શ્રીહરિના સકામ ભક્તો છે!

# ૯૦

નીલકંઠ વર્ણી સંવત ૧૮૫૩ની પોષી પૂનમની અજવાળી રાતે તે સમયના બંગાળ પ્રદેશમાં આવેલા નવલખા પર્વત ઉપર આવી પહોંચ્યા હતા. નવલખા પર્વત હાલમાં બાંગ્લાદેશની ભૂગોળમાં ચિત્તાગોંગ પર્વતમાળા તરીકે ઓળખાય છે. બાંગ્લાદેશનો આ દક્ષિણ-પૂર્વપ્રદેશ ભારત અને મ્યાનમારની સરહદને અડીને આવેલો છે. આ પ્રદેશમાં ૧૩૨૯૪ ચોરસ મીટરના વિસ્તારમાં આ પર્વતમાળા વિસ્તરેલી છે.

એ પર્વત ઉપર જઈને નીલકંઠ વર્ણીએ જોયું કે રાત પડતાં જ ત્યાં અસંખ્ય ધૂણીઓ આપોઆપ પ્રજ્વલિત થઈ ઉઠતી અને એની આજુબાજુ અગણિત સંખ્યામાં સિદ્ધપુરુષો આવીને બેસી જતા, પણ એ બધાં કાંઈ જ બોલતા નહિ. એટલામાં સ્વયં નવલખા પર્વત મનુષ્યરૂપે વર્ણીની સામે પ્રગટ થયો.

થોડી વારમાં ત્યાં ગુફામાંથી નવ લાખ યોગીઓ નીલકંઠ વર્ણી પાસે આવીને બેસી ગયા. વર્ણીએ પૂછયું: ‘તમે સદીઓથી આવી કઠોર તપશ્ચર્યા કયા પ્રયોજનથી કરો છો? ત્યારે તે યોગીએ કહ્યું આ દેહને અમર રાખવો એ જ

એક માત્ર અમારો તપ કરવાનો હેતુ છે.

નીલકંઠ વર્ણીએ તેમને સમજાવ્યું કે, આ શરીરમાં એવું તો શું છે કે તેને તમે અમર રાખવા માગો છો? ચમારનો બદબૂ મારતો કુંડ હોય તેના કરતાં પણ આ દેહ વધુ દુર્ગંધયુક્ત ને મલિન છે. માટે આ દેહ જ આત્મા છે એવો અભ્યાસ છોડીને એમાં રહેલો જે આત્મા છે તે જ હું છું અને એની અંદર અંતર્યામી પરમાત્મા રહેલા છે એવો નિત્ય અભ્યાસ કરો.

શ્રીહરિએ જેમ સમજાવ્યું તેમ સિદ્ધયોગીઓ હૃદયમાં શુદ્ધ સત્વભાવ ધારીને ધ્યાન કરવા લાગ્યા, પરિણામે તેમની દેહાત્મ ગ્રંથિ ભેદાઈ જતાં તેઓ પોતાના દિવ્ય આત્મસ્વરૂપમાં સ્થિત થઈ ગયા ને નશ્વર દેહનો ત્યાગ કરી મોક્ષ માર્ગે આગળ સીધાવી ગયા.

# ૯૧

મનુષ્યજીવનમાં જો કોઈ અત્યંત મહત્ત્વપૂર્ણ પરિબળ હોય કે જ્યારે આપણે દઢ મનોબળ સાથે પ્રચંડ પુરુષાર્થ દ્વારા કંઈ પણ મેળવી શકીએ તો તે છે વર્તમાન કાળ!

આપણી પાસે જો ખરેખર કોઈ સબળ અને સચોટ આધાર હોય, તો તે છે આપણો વર્તમાન સમય. પરંતુ નવાઈની વાત એ છે કે તે બધાની પાસે સરખાં પ્રમાણમાં હોવા છતાં મોટાભાગના લોકો તેને ભૂતકાળના સ્મરણમાં કે ભવિષ્યની ચિંતામાં વ્યર્થ રીતે ગુમાવી દે છે. ભાગ્યે જ કોઈ માત્ર વર્તમાનમાં જ રહીને સભાનપણે તેને સાર્થક કરે છે.

જાણપણા (Awareness) સાથે વર્તમાનમાં જીવવાથી આપણી જીવનદષ્ટિમાં સાક્ષીભાવ દઢ થવા લાગે છે. સાક્ષી બનીને કોઈ પણ ક્રિયા કરવાથી મન ધીરે ધીરે શૂન્યભાવ પામીને આત્મતત્ત્વમાં વિલીન થઈ જવાથી આત્મસત્તા પ્રાપ્ત થાય છે.

જે ક્ષણે કાળની ભાવના થંભી જઈ મન નિશ્ચળ બને તે ક્ષણનું નામ છે વર્તમાન! પરમાત્મા એ વર્તમાન છે, વર્તમાન એટલે જે છે છે ને છે જ! શ્રીજીમહારાજ અને

તેમના અનાદિમુક્તો સનાતન હોવાથી તે છે છે ને છે જ! વર્તમાનમાં સતત રહેવાથી જ શ્રી હરિજીની દિવ્ય મૂર્તિનું અખંડ અનુસંધાન શક્ય બને છે.

# ૯૨

ભગવાન શ્રીસ્વામિનારાયણ ગ. મ. ૧૩મા વચનામૃતમાં મુક્તભાવે પોતાના દિવ્ય વ્યતિરેક સ્વરૂપનું વર્ણન જે શબ્દો દ્વારા કરે છે તેમાં વર્તમાનની યથાર્થતા સુપેરે સિદ્ધ થાય છે.

શ્રીજીમહારાજ એમાં અંતે એમ કહે છે કે, તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા, અને ગર્ભમાં આવ્યા મોરે (પહેલાં) પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી.'

એ સમયે શ્રીહરિ સામે મોટા મોટા નંદસંતો તેમ જ દાદાખાચર જેવા અનન્ય ભક્તો બેઠા હતા, એ સર્વે અનાદિ મુક્તો અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં રહ્યાં થકા મહારાજની સાથે આ લોકમાં દર્શન દેતા હતા. પરભાવમાં માત્ર ને માત્ર વર્તમાન જ છે. ભૂત અને ભવિષ્ય જેમાં સંપૂર્ણપણે ઓગળી ગયા હોય એજ વર્તમાન છે અને એવા

વર્તમાનને જેણે સાચા અર્થમાં સાર્થક કર્યો છે એને જ અનાદિ મુક્ત કહે છે.

# ૯૩

અખો સોની જ્ઞાની કવિ હતો, તેણે લખ્યું છે-

મરતાં પહેલાં જાને મારી,
પછી જે રહેશે તે શ્રીહરિ.

કુરાનમાં પણ આ જ મતલબનું ફરમાન છે મુતુ કબલા મુતુ અર્થાત્ મરતાં પહેલાં તું મર.

મહાકવિ કાલિદાસે લખ્યું છે. मरणम् प्रकृतिः शरीरिणाम्।

પ્રત્યેક શરીરની સ્વાભાવિક પ્રકૃતિ જ મૃત્યુ છે, તો આ શરીરના મરણ પહેલાં મરવું એટલે શું?

જ્યારે મૃત્યુ આવે છે ત્યારે મોટે ભાગે આપણું માત્ર સ્થૂળ શરીર જ નાશ પામે છે, આપણા વાસનામય સૂક્ષ્મ અને અનેક જન્મના સંચિત કર્મોના સ્ટોર હાઉસ જેવું કારણ શરીર તો જેવા હતાં તેવાં ને તેવાં જ રહે છે, પરિણામે આત્માના જન્મમરણ અટકતા નથી. આત્માને જો ભવાટવીમાં ભટકવાનું બંધ કરી આત્યંતિક કલ્યાણ પામવું હોય તો સ્થૂળ શરીર છોડતા પહેલાં સૂક્ષ્મ ને કારણ શરીર જેવા અજ્ઞાનમય આવરણો છોડવા જ પડશે. જ્યારે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ શરીરના ભાવ (total body consciousness) એટલે કે દેહાત્મબુદ્ધિ સદંતર નાશ પામે

ત્યારે જ સાચું મરણ થયું કહેવાય, અને ત્યારે જ આત્મા મોક્ષ પામે છે.

આ દેહના મૃત્યુ પહેલાં મરવું એ જ જીવનની આત્યંતિક અને સર્વોત્તમ કહી શકાય એવી આધ્યાત્મિક ઉપલબ્ધિ છે, કારણ કે એ પ્રાપ્તિ પછી જે શેષ રહે છે એ જ સ્વયં શ્રીહરિ છે.

# ૯૪

આત્મા અમર છે, જ્યાં સુધી તેને પરમાત્માનું પરમ સાધર્મ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જન્મો લીધા કરે છે, શરીરો બદલ્યા કરે છે. ભગવાન કૃપા કરીને આપણને આપણા પૂર્વજન્મોની સ્મૃતિ વિસરાવી દે છે જેથી આ જન્મ પૂર્વજન્મની જ નવીન આવૃત્તિ બનીને ના રહી જાય!

શ્રીજીમહારાજ પહેલીવાર એભલખાચરના પ્રેમભર્યા આગ્રહને કારણે કારિયાણીથી ગઢપુર આવ્યા ત્યારે તેમણે શરદપૂર્ણિમાની રાતે સંતો સાથે રાસક્રિડા કર્યા પછી ત્યાં હાજર સર્વે સંતો તથા હરિભક્તોને તેમના પૂર્વજન્મની સ્મૃતિ કરાવી હતી.

પોતાના ગૌરવશાળી પૂર્વજન્મો તેમ જ પૂર્વસ્થિતિ જોઈને સર્વે ખૂબ આનંદ પામ્યા, કારણ કે એ સર્વે મુક્તો પૈકી કોઈ અલગ અલગ ધામના અધિપતિઓ હતા, તો કોઈ ત્યાંનાં મુક્તો હતા, કોઈ પ્રસિદ્ધ દેવો તો કોઈ પુરાતન ઋષિ મુનિ હતા. એ સર્વેએ અતિ આનંદિત થઈ પ્રાર્થના કરતા કહ્યું હે હરિ, તમારા પ્રસાદથી અમને આવું જ્ઞાન સદાકાળ રહે એવી કૃપા કરો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું આવું જ્ઞાન સદૈવ રહે તે

તમારા હિતમાં નથી. કેમ કે, અત્યારે ઘોર કળિયુગ વર્તી રહ્યો છે, તેમાં બહુધા આસુરી સંપત્તિવાળા દુષ્ટ લોકો જ્યારે તમારો દ્રોહ કરશે ત્યારે તમારામાં અપાર ઐશ્વર્ય હોવાથી તમારાથી ધીરજ રહેશે નહિ, ને તમે ક્રોધમાં આવી તેમને શાપ આપી દેશો તો પરિસ્થિતિ પૂરેપૂરી વિપરિત થઈ જશે. આપણે આત્યંતિક કલ્યાણનું જે સદાવ્રત ચલાવવા આવ્યા છે તે હેતુ સિદ્ધ નહિ થાય. જુઓને, ઈંદ્રે દુર્વાસા ઋષિનો અપરાધ કર્યો ત્યારે સમગ્ર ત્રિલોકીને કષ્ટ થયું હતું. વળી ક્રોધથી તપનો ક્ષય થાય છે. માટે તમને કોઈ પણ સંજોગોમાં તમારા મૂળ સ્વરૂપનું જ્ઞાન યથાવત્ રાખવું યોગ્ય નથી.

આપણા પૂર્વજન્મનું જ્ઞાન ક્યારેક આપણી આધ્યાત્મિક યાત્રામાં સહાયભૂત પણ થતું હોય છે, પરંતુ મોટે ભાગે તે વિઘ્નરૂપ થતું હોવાથી પરમાત્મા એની સ્મૃતિને રુંધી રાખે છે.

# ૯૫

'સ્વામિનારાયણ' મંત્ર અનંતકોટિ બ્રહ્માંડો પરત્વે સૌથી શક્તિશાળી મહામંત્ર છે. જેને નિષ્કામભાવે પરમાત્માની પ્રસન્નતા માટે જ સાધન કરવા છે તેને માટે આ મંત્રનું અજપાજપ નામસ્મરણ ઉત્તમ છે.

જનમંગલ કે સર્વમંગલ સ્તોત્ર કે તેની નામાવલિનો પાઠ સકામ ભક્તોની મનોકામના પૂર્ણ કરવા માટેનું અમોઘ સાધન છે. હકીકતમાં કોઈ પણ મંત્ર મૂળાક્ષરોની (કક્કો ને બારાખડીના અક્ષરો) વિશિષ્ઠ ગોઠવણી તેમ જ યથાયોગ્ય ઉચ્ચારણને લીધે જ અસરકારક રીતે મહત્ત્વપૂર્ણ બને છે.

વિજ્ઞાનની પરિભાષામાં વિચારીએ તો પ્રત્યેક શબ્દને પોતાની આગવી કંપન આવર્તન સંખ્યા (Vibration frequency) હોય છે. જ્યારે મંત્રજાપ કરવામાં આવે ત્યારે મંત્રના શબ્દોના કંપન પોતાના જેવા જ બીજા પરમાણુઓને લઈને ઈથરનું (અવકાશમાં સર્વત્ર ફેલાયેલું સ્થિતિસ્થાપક તત્ત્વ) પરિભ્રમણ કરીને થોડી જ ક્ષણોમાં પોતાના ઉદ્‌ગમ કેંદ્ર પર પાછા આવી જાય છે, ત્યારે એમાં વિશેષ પ્રકારની વિદ્યુત શક્તિઓ સમાવિષ્ટ થઈ ગયેલી હોય છે. આ વિદ્યુત શક્તિમાં મંત્રના વિચારો તથા એમાં વ્યક્ત થતી

ભાવનાઓની એક એવી પ્રચંડ ફોજ હોય છે જેને પરમાત્માની કૃપા, અદૃશ્ય દૈવી મદદ કે મંત્રશક્તિનો ચમત્કાર કહી શકાય.

આ શક્તિ જ પછી તો સાધકના જીવનનું સમ્યક્ સંચાલન કરવા લાગે છે!

# ૯૬

આપણે જ્યારે મંત્રજાપ કે નામસ્મરણ કરીએ છીએ ત્યારે તેનું ઉચ્ચારણ આપણા મોંઢામાં કંઠ, તાળુ હોઠ, દાંત અને જીભ જેવા જુદા જુદા અંગો દ્વારા થાય છે. મંત્રોચ્ચારમાં મુખના જે અંગો ક્રિયાશીલ થાય છે એ ભાગના નાડીતંતુ (nerves) અમુક વિશેષ ગ્રંથિઓને ઉત્તેજિત કરે છે. મંત્રપ્રભાવને પરિણામે સૂક્ષ્મ શરીરના વિવિધ શક્તિકેંદ્ર (ચક્ર) જાગ્રત થતાં એક એવી સ્વરલહેરી (ripple of sound) ઉત્પન્ન થાય છે જેનો પ્રભાવ સાધકની ચેતના તેમ જ અદૃશ્ય જગતના દૈવીતત્ત્વો પર પણ પડે છે. પરિણામે તેની સામે ધીરે ધીરે આધ્યાત્મિક જગતના અનેક વણઉકલ્યા રહસ્યો કમળની પાખંડીઓની જેમ સ્વયંભૂ ખૂલવા લાગે છે.

વિજ્ઞાન કહે છે કે, આકાશ આખુંય ઈથરના પરમાણુઓથી ભરેલું છે અને એ પરમાણુ અતિશય ગતિશીલ હોય છે. મંત્રના શબ્દોની ગોઠવણી એવી હોય છે કે તેનાથી વિશિષ્ટ પ્રકારના ધ્વનિતરંગો ઉત્પન્ન થાય છે, એ ધ્વનિતરંગો સૂક્ષ્મ અંતરાલના પરમાણુઓના માધ્યમથી પરમાત્માની દિવ્યચેતના સુધી પહોંચી તેમની કૃપા સાથે

પ્રતિધ્વનિત થઈ વિશેષસ્વરૂપે મંત્રજાપ કરનાર મુમુક્ષુ પાસે પાછા ફરે છે. સાધક જ્યારે એ વિદ્યુતશક્તિને પોતામાં સમાવી લે છે ત્યારે એના રોમેરોમ દિવ્ય આનંદથી પુલકિત થઈ જાય છે! નામસ્મરણ અને મંત્રજાપમાં આટલી શક્તિ હોવા છતાં પણ આપણે તેની વૈજ્ઞાનિકતા ભૂલવી જોઈએ નહિ. મંત્રજાપની સફળતા માટે આંતરિક નિર્મળતાની સાથે સમયની નિયમિતતા પણ અત્યંત જરૂરી છે. દરરોજ એક નિશ્ચિત સમયે એક નિશ્ચિત સ્થાને બેસીને કરવામાં આવેલી ભક્તિ અવશ્ય ફળે છે.

# ૯૭

પ્રશ્નઃ મરતા પહેલાં મરવા માટે ત્રણ શરીરના આવરણ કેવી રીતે ભેદાય?

આપણા ચૈતન્યને આ ત્રણ અજ્ઞાનમય આવરણોમાં જકડી રાખનાર છ ઉર્મિઓ છે ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મૃત્યુ.

આમાં જરા (વૃધ્ધાવસ્થા, decay) અને મૃત્યુ (fear of death) એ બંને સ્થૂળ શરીરના ભાવ છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે શરીર સાથ નથી આપતું, ત્યારે જો સમ્યક્ સમજણ હોય તો સમજાય છે કે જે શરીરને સુખનું સાધન માની આખી જીંદગી તેની આટલી બધી આળપંપાળ કરી તે તો દુઃખના દરિયા જેવું છે. આવું જ્ઞાન થાય ત્યારે તેનો મોહ છુટી જાય છે, અને શરીરની મોહમમતા છૂટતાંની સાથે જ મૃત્યુનો ભય અદૃશ્ય થઈ જાય છે.

શોક અને મોહ એ બંને સૂક્ષ્મ શરીરના ભાવ છે, તે દૂર થતાં અંતરમાં આનંદનો આવિર્ભાવ થાય છે. પ્રસન્નતા જ્યારે આપણો સ્વભાવ બની જાય ત્યારે ભૂખ ને તરસ જેવી પ્રાણશરીરની સંવેદનાઓ નિઃશેષ થઈ જાય છે, પછી વ્યક્તિ તનની ભૂખે જમે પણ મનની ભૂખે ભોજન ક્યારેય

નથી કરતો.

આ પ્રકારે જ્યારે ષડ્ઉર્મિઓ જીતાય ત્યારે સ્થૂલ અને સૂક્ષ્મ શરીરના ભાવ અદૃશ્ય થઈ જતાં ધ્યાન સહજ બને છે. પ્રતિલોમ ધ્યાન દ્વારા કારણ શરીર છૂટું પડતાં પોતાના દિવ્ય તેજોમય ચૈતન્યનો સાક્ષાત્કાર થાય છે, એને જ કહે છે... મરતાં પહેલાં મરવું!

પછી પરમાત્માની પરમ કૃપાથી આત્માના તેજમાં શ્રીજીમહારાજની દિવ્ય વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર થતાં નિરાકાર જીવ, જીવમાંથી શિવ એટલે કે દિવ્ય સાકાર મુક્ત બને છે!

# ૯૮

અધ્યાત્મનો આખોય માર્ગ રૂપાંતરની પ્રક્રિયાનો માર્ગ છે. ધાર્મિક હોવાનો અર્થ જ એ છે કે સતત પરિવર્તનની યાત્રાએ ચાલી નીકળવું, રૂપાંતર પ્રતિ પ્રસ્થાન કરી દેવું.

જ્યાં સુધી આપણે આપણી માની લીધેલી ઓળખને (Image) જડતાપૂર્વક જકડી રાખીશું, ધારી લીધેલી માન્યતાઓને અંધશ્રદ્ધા સાથે વળગી રહીશું, ત્યાં સુધી કોઈ પણ પ્રકારનું પરિવર્તન નહિ આવે, જીવ રૂપાંતર પામીને બ્રહ્મરૂપ નહિ થાય.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે - મરણમ્ પ્રકૃતિઃ ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति । અર્થાત્ જે બ્રહ્મરૂપ થાય છે તે પ્રસન્નાત્મા બની જાય છે, પછી તે ક્યારેય કોઈ લૌકિક અપેક્ષા રાખતો નથી. જેને વિષાદની પીડાઓથી મુક્ત થવું હોય તેને પહેલાં બ્રહ્મરૂપ થયા વિના છૂટકો નથી. તેથી જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બ્રહ્મરૂપની ભાવના કર્યા પછી જ ભક્તિ કરવાની આજ્ઞા આપી છે.

# ૯૯

પ્રશ્નઃ સાંસારિક ને વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં એટલા બધા વ્યસ્ત રહેવાય છે કે ભગવાન ભજવાનો સમય જ નથી મળતો, તો એમાંથી મને નિવૃત્તિ ક્યારે મળશે?

જવાબમાં ગુરુજીએ ખૂબ હસીને કીધું હતું ભગવાનની ભક્તને પ્રવૃત્તિ કે નિવૃત્તિ સાથે કોઈ સંબંધ નથી. ભક્તિ કોઈ કાર્ય કે ક્રિયા નથી કે તે કરવા માટે તમારે નિરાંતનો સમય જોઈએ. હૈયામાં ભગવાન પ્રત્યે અપ્રતિમ અનુરાગ જન્મે ત્યારે સજળ નેત્રે ને ગદ્ગદ કંઠે જે પ્રાર્થના થાય તે ભક્તિ જ છે અને એ ગમે ત્યાં ને ગમે તે પરિસ્થિતિમાં થઈ શકે છે.

તમે જુઓ છો ને...જે લોકો સાંસારિક જવાબદારીથી ભાગીને નિવૃત્તિ ધર્મ સ્વીકારે છે, તેઓ પણ શું ભગવાનનું અખંડ ભજન કરી શકે છે? જેને ભક્તિની તાલાવેલી લાગે છે તેને કોઈ પ્રવૃત્તિ ભગવાન ભજતા રોકી શકતી નથી, પરંતુ જેનો જીવ વિષયવાસનામાં ગળાડૂબ ડૂબેલો રહેતો હોય તેઓ નિવૃત્તિમાં પણ ભગવાન ભજી શકતા નથી.

પ્રવૃત્તિ જીવનવ્યવહાર ચલાવવા માટે બેશક જરૂરી છે, પરંતુ તે સાધન છે - સાધ્ય નથી, જ્યારે નિવૃત્તિ

જીવનના ધ્યેયને-તેના હેતુને સમજવા માટે આવશ્યક છે. પરંતુ એ બંનેનું સમ્યક્ સંતુલન થાય તો જ જીવન સાર્થક થાય છે!

# ૧૦૦

ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર સંતો તથા હરિભક્તોને સંબોધીને પત્ર લખાવી પોતાનું રહસ્યજ્ઞાન સુપેરે સમજાવતા. તેમના એક પત્રમાં તેમણે જણાવ્યું હતું, કોઈ પણ મુમુક્ષુ માત્ર શાસ્ત્રોના શ્રવણ કે તીવ્ર વૈરાગ્યના બળે આત્મશાંતિ કે પરમાત્માના સ્વરૂપનું સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

જે રીતે જીવ પરાધીનપણે કંઠમાં આવેલી હિતા નામની નાડીમાં સ્વપ્ન તથા હૃદયાકાશમાં પ્રવેશી સુષુપ્તિમાં સુખશાંતિ મેળવે છે, તેમ જ્યારે સ્વાધીનપણે ભક્તિ, યોગ કે જ્ઞાનમય વિચારના અવલંબન વડે હૃદયાકાશમાં પ્રવેશે ત્યારે ત્યાં રહેલા જીવના સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવીને તેને અપાર શાંતિ અને સાચા સુખનો અનુભવ થાય છે.

આપણે ભક્તિ, ધ્યાન તથા જ્ઞાનમય વિચાર કરીએ છીએ, છતાં પણ તેના વડે આપણી ચેતના હૃદયાકાશમાં પ્રવેશી આપણા સ્વયંને મળી શકતી નથી, કારણ કે આપણે જે જે સાધન કરીએ છીએ તે માત્ર કરવા ખાતર કરીએ છીએ, અત્યંત ત્વરાપૂર્વક નથી કરતા, આપણા સાધન એવા લક્ષ્યવેધી નથી કે જેથી ત્વરિત ધ્યેય સિદ્ધ થાય!

મનુષ્યજીવનનો મુખ્ય હેતુ આત્મકલ્યાણ જ છે. તેના માટે પહેલું પગથિયું છે આત્મદર્શન. એના માટે શ્રીજીમહારાજની આજ્ઞા અને ઉપાસના બંને અત્યંત દૃઢ કરીને લક્ષ્યવેધી સાધન કરવાનાં છે, ત્યારે પાત્ર થવાય ને શ્રીહરિની કૃપા જીરવવાની ક્ષમતા આવે! પાત્રતા કેળવવા માટે પોતાની પ્રકૃતિ (અંગ) અનુસાર કોઈ પણ સાધન કરવું તેમાં ભગવાનની અપાર પ્રસન્નતા જ રહેલી છે.

# ૧૦૧

પ્રશ્નઃ અંતર શુદ્ધિ કરવા માટે મેં થાય એટલા ઉપાય કર્યાં, પણ કાંઈ પરિણામ મળતું નથી. તો શું કરવું?

ગુરુજીએ જવાબમાં જે સમજાવ્યું તે અત્યંત મનનીય છે. તેમણે કહ્યું જ્યારે વૈશાખી વાયરા પૂરજોશમાં વાતા હોય, ધૂળની ડમરીઓ આકાશમાં ઊંચે ઊંચે ઉડતી હોય અને તમારા ઘરની બધી જ બારીઓ ખુલ્લી હોય ત્યારે ભલે તમે કલાકે કલાકે ઘરમાં કચરો વાળો, છતાં પણ ઘર ધૂળીયું જ રહેશે. એનું કારણ શું? હવે તમને વધારે સમજાવવાની જરૂર ખરી?

અત્યારે જગતનું વાતાવરણ એવું છે કે બાપાશ્રીના શબ્દોમાં કહું તો ચારે બાજુ રોગીવાની ઊડે છે. આવા દૂષિત વાતાવરણમાં તમારી બધી જ ઇંદ્રિયોની બારીઓ ખુલ્લી હોય ત્યારે તમારું અંતર શુદ્ધ ક્યાંથી રહે?

જ્યાં સુધી સર્વે બાહ્ય વૃત્તિઓનો સંકેલો કરીને ઇંદ્રિયોની બારીઓને બંધ કરી પરમાત્મા સંબંધી વિષયો જ ભોગવવામાં આવે અને સાથે સાથે સતત સત્સંગ કરતા રહેવામાં આવે ત્યારે અંતર શુદ્ધ થાય! માટે સંયમ રાખવો ખૂબ જરૂરી છે. જગતમાં બધા જે કરે

છે તે આપણે નથી કરવાનું, જગતનો અને ભગતનો માર્ગ હંમેશાં તદ્દન વિપરિત દિશામાં જતો જોવા મળે છે.

# ૧૦૨

ધર્મ અને ભક્તિનું જ્યારે બાહ્ય પ્રદર્શન (દેખાડો) થવા લાગે ત્યારે જે ઘટના ઘટે છે તેને આપણા સંપ્રદાયની પરિભાષામાં ઉદ્‌ઘોષ કહે છે ઉદ્‌ઘોષ પોતાની તરફ અનેક લોકોનું ધ્યાન અવશ્ય ખેંચે છે, અનેક લોકો તેનાથી પ્રભાવિત પણ થાય છે, નવા આદરવાળાને તેનાથી બીજબળ પણ થાય છે, પંરતુ તેનાથી ઉદ્‌ઘોષ કરનાર અને પ્રભાવિત થનાર એ બન્નેમાંથી કોઈનું પણ ક્રાંતિકારી આધ્યાત્મિક રૂપાંતર થતું નથી.

આજકાલ દરેક ક્ષેત્રે વર્લ્ડ રેકોર્ડ સ્થાપવાની સ્પર્ધા ચાલે છે. કલાક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે કે વિજ્ઞાનક્ષેત્રે તો આ બધું બહુ સામાન્ય છે, પ્રોત્સાહક પણ છે, પરંતુ જ્યારે આવો ઉદ્‌ઘોષક ધર્મક્ષેત્રે પ્રવેશે ત્યારે એની પાછળનું હાર્દ ભુલાઈ ન જાય ને તે માત્ર બાહ્ય આડંબર બનીને રહી ના જાય તેની ખુબ સાવચેતી રાખવી અત્યંત આવશ્યક છે.

બાપાશ્રી કહે છે પ્રવૃત્તિ તો ભગવાન ભૂલાવે એવી છે, માટે તેને ટાળીને ભગવાન ભજવા. તે ટાળવાની યુક્તિ શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં શીખવાડી છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેને કાર્યમાં તાન

(kneen interest) રાખવું નહિ એમ કહી મહારાજે કાર્યની (ઉદ્‌ઘોષ) ન્યૂનતા બતાવી છે. માટે મુક્ત થવું હોય તેણે સર્વ વિસારીને મૂર્તિમાં જોડાવું. તૃણની ઝૂંપડી ને ફાટેલી ગોદડીવાળા સંતની સભામાં કથાવાર્તા થતી હોય ત્યારે વૃત્તિ એક રીતની (શાંત અને અંતમુર્ખ થઈ જાય છે) અને ઉદ્‌ઘોષમાં વૃત્તિ બીજી રીતની (અશાંત અને રજોગુણમય) થઈ જાય છે. મતલબ કે ઉદ્‌ઘોષમાં મનની વૃત્તિઓ ડહોળાઈ જાય છે, માટે જેને માત્ર પ્રભુપ્રસન્નતા જ જોઈતી હોય તેને ઉદ્‌ઘોષ ટાળીને અંતર્વૃત્તિ રાખવાનો જ આગ્રહ રાખવો.

---

# ૧૦૩

આઈનસ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંતની સ્થાપના થયા પછી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે કોઈ પણ પદાર્થ ઊર્જાનું જ એક સ્વરૂપ છે. આ જગતના પ્રત્યેક પદાર્થમાં શક્તિનો વિશાળ ભંડાર છે. વિશ્વપ્રસિદ્ધ સમીકરણ $E=MC^2$ આ તથ્યને સુચારુરૂપે સાબિત કરે છે.

આ સિદ્ધાંતનો પાયો ભારતીય તત્ત્વદર્શન છે, જેમાં એમ કહેવામાં આવ્યું છે કે કોઈ પણ પદાર્થ નાશ પામતો નથી, તે ફક્ત રૂપ જ બદલે છે. ભારતીય ચિંતનમાં સૃષ્ટિના પ્રત્યેક કણમાં ઊર્જા હોવાની વાતને સ્વીકારવામાં આવી છે. આધુનિક વૈજ્ઞાનિકો હવે આકાશને પણ ઊર્જાથી ભરેલું માને છે. આપણું આધ્યાત્મિક વિજ્ઞાન આ આકાશી ઊર્જાને જ ચિદાકાશ કહે છે જેને અંગ્રેજીમાં Space of Consciousness કહેવામાં આવે છે.

આધુનિક આધ્યાત્મિક વિજ્ઞાન (modern Spiritual Science) આ ચિદાકાશને સમગ્ર બ્રહ્માંડ, ગ્રહો, તારાઓ તથા આકાશગંગાઓનો આધાર માને છે. એટલું જ નહિ, આ ચિદાકાશ જ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે!

સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનમત મુજબ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય વ્યતિરેક સાકાર મૂર્તિના તેજને જ અક્ષરબ્રહ્મ કે ચિદાકાશ કહે છે. એજ શ્રીજીમહારાજનું અન્વય સ્વરૂપ છે અને એજ અનંતકોટિ બ્રહ્માંડોનું નિયંતા, આધાર અને નિયામક છે. મુંડક ઉપનિષદમાં (૧/૧/, ૨/૧/ ૨/) પણ આ જ વાતનું સુપેરે સમર્થન કરવામાં આવ્યું છે.

# ૧૦૪

બાપાશ્રીએ પ્રાકૃત ગુણબુદ્ધિવાળો, ચાલોચાલ અને એકાંતિક – એ ત્રણેય ભક્તોનાં લક્ષણો દર્શાવીને એ વિષે ખૂબ સુંદર સમજાવ્યું છે.

પૂર્ણ પુરુષોત્તમનારાયણ જીવથી માંડીને મૂળઅક્ષર પર્યંત અન્વય એટલે કે પોતાના તેજ દ્વારા રહ્યા છે, જ્યારે સમગ્ર સત્સંગમાં વ્યતિરેક (directly) એટલે કે પ્રત્યક્ષ મૂર્તિમાન રહેલા છે.

જે ભક્તો શિક્ષાપત્રીની બધી આજ્ઞાઓ પાળતા હોય પણ શ્રીજીમહારાજને સર્વોપરી ન જાણે તો તે પ્રાકૃત ગુણબુદ્ધિવાળા ભક્તો (Just like Primary School student) કહેવાય.

જે ભક્તો શ્રીહરિને સર્વેથી પર જાણે અને બધી આજ્ઞા પણ પાળે, પરંતુ મૂર્તિની અખંડ સ્મૃતિ ન રાખે તેને ચાલોચાલ સત્સંગી (Secondary School Students) કહે છે.

જ્યારે જે ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી જાણીને બીજે બધેથી લૂખો (અનાસક્ત, unattached) થઈને મૂર્તિની અખંડ સ્મૃતિ રાખે તે એકાંતિક મુક્ત (College Students) કહેવાય છે.

ચાલોચાલ ભક્તમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ પણ અંતરપડદે (behind the curtain of Astaavaran) રહ્યા છે, જ્યારે એકાંતિક મુક્તમાં સાક્ષાત્ મૂર્તિમાન રહેલા છે. પરંતુ પ્રાકૃત ગુણબુદ્ધિવાળા ભક્તમાં બીજાં બધાની જેમ અન્વય (indirect) તેજ દ્વારા રહ્યા છે.

અંતે બાપાશ્રી ટકોર કરતા કહે છે કે, જે શ્રીજીમહારાજની બાંધેલી ધર્મમર્યાદારૂપ આજ્ઞા ન પાળે અને તેણે ભેખ લીધો હોય કે ગૃહસ્થ હોય પણ તે તો સ્વામિનારાયણનો છે જ નહિ, માટે તેને સાધુયે ન કહેવાય અને સત્સંગી પણ ન કહેવાય. તેમાં પણ મહારાજ બીજાં અવતારો દ્વારા અન્વય રહ્યા છે. આ જ્ઞાન આપણા બધાં માટે દર્પણ સમાન છે.

# ૧૦૫

આધ્યાત્મિક વિજ્ઞાનમાં દાસત્વભાવ એ ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોને આમંત્રણ આપી તેને સત્વરે ગ્રહણ કરતી એક એવી App છે જે અત્યારની અત્યંત પ્રચલિત WhatsApp કરતા પણ વધુ વિશ્વસનીય અને કારગત છે.

સત્સંગમાં દિવ્યભાવ રાખી જે માત્ર દાસભાવે જ નહિ પણ દાસાનુદાસભાવે વર્તે છે તેના ઉપર મહારાજ અને મોટા મુક્તો અતિશય રાજી થાય છે.

નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણિમાં શ્રીજીમહારાજ સર્વે હરિભક્તો ને સંબોધીને કહે છે –

દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.

દાસત્વભાવ વિના સત્સંગ શોભતો નથી. શ્રીજીમહારાજ શ્રીહરિ ચરિત્રામૃતસાગરમાં કહે છે અનંત ધ્યાન ધારણા કરતો હોય, ભૂત ભવિષ્યનું કહેતો હોય, અંતરનું જાણતો હોય, અનંત જીવોની નાડી જાણતો હોય, અનંત પરાક્રમ કરતો હોય, તો પણ જો દાસપણું ન હોય તો એ બધું એકડા વિનાનાં મીંડા જેવું નિરર્થક છે. જો કે

દાસભાવ સિદ્ધ કરવો અતિ કઠિન છે.

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી લખે છે –

દોહ્યલું થાવું હરિદાસ રે,
સંતો! દોહ્યલું થાવું હરિદાસ,
જોઈએ તજવી તનસુખ આશ રે સંતો....
દોહ્યલું થાવું હરિદાસ...

# ૧૦૬

પરમ પૂજ્ય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈએ 'અમૃત સરિતા'ના પહેલા ભાગના પહેલા પ્રકરણમાં કહ્યું છે કે આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ અદ્ધરથી ઝીલીએ તો પાત્રતા જલદી આવી જાય, પણ એ અદ્ધરથી ઝીલાતાં નથી, અંદર થોડો સંદેહ રહે છે કે આમ બનશે કે નહિ?

ભગવાન અને મુક્તના વચનમાં વિશ્વાસ આવે તો સંદેહ ન થાય. જે સત્યનિષ્ઠ હોય, જે બોલેલું પાળતો હોય તેને જ સત્પુરુષના વચનમાં વિશ્વાસ આવે. જુઠ્ઠાં માણસને આખી દુનિયા ફરેબી લાગે, એને બધાં જ પોતાના જેવા લાગતા હોવાથી કોઈની ય વાત સાચી ન લાગે. માટે મોટા મુક્તના વચનો અદ્ધરથી ઝીલવા હોય તો પોતે સાચા-સત્યનિષ્ઠ બનવું પડે.

જે સરળ સ્વભાવના હોય તેને આખી દુનિયાના બધાં જ સરળ લાગે, જે વિશ્વાસનીય (trustworthy) હોય તેને જ શાસ્ત્રો અને મોટાપુરુષના વચનમાં વિશ્વાસ આવે, અને તેને જ ભગવાન અખૂટ શ્રદ્ધા પ્રેરે છે.

શ્રીજીમહારાજ સારંગપુરના પાંચમા વચનામૃતમાં કહે

છે - જેને શ્રદ્ધા તથા હરિ ને હરિજનના વચનમાં વિશ્વાસ તથા પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાના (items) જેનાં હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે.

# ૧૦૭

સત્સંગમાં સત્સંગ એટલે કારણ સત્સંગ! આત્યંતિક કલ્યાણનું કારણ અનાદિમુક્ત અને એમનું કારણ એટલે કે કારણનું કારણ શ્રીજીમહારાજ!

જેમને ભગવાન કે ભગવાનના મોટા મુક્તોના દર્શન કે તેમનો પ્રસંગ પહેલી વાર જ થયો હોય એવા નવા આદરવાળા (Beginners) જીવોને એના કારણે માત્ર બીજબળ જ થવાથી એ પછીના જન્મમાં એમની આધ્યાત્મિક યાત્રા ઉત્તરોત્તર આગળ વધતી રહે છે.

જે પુણ્યાત્માઓને અનાદિ મુક્તમાં અનાયાસે આત્મબુદ્ધિ થઈ જાય છે તેઓ મહારાજ અને મુક્તની કૃપાદૃષ્ટિમાં આવી જવાથી તેમના અનેક જન્મોના કર્મોના ખાતા એજ ક્ષણે ખતમ થઈ જવાથી તેમને પછી કર્મના ભોગવટા માટે જન્મ લેવાનો રહેતો નથી, પરંતુ તેમને મોટા મુક્તના યોગમાં રહીને અનાદિમુક્તની સ્થિતિની સમજણ કેળવવા માટે ને મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવાની લટક (style) શીખવા માટે સત્સંગમાં જન્મ આપવામાં આવે છે.

એ જ રીતે જે મુક્તો અનુલોમ ધ્યાનને કારણે પરમ એકાંતિક મુક્તની સ્થિતિ પામીને અક્ષરધામમાં ગયા હોય

છે, તેમને અનાદિમુક્તની પૂર્ણ સિદ્ધદશા પ્રાપ્ત કરાવવા માટે શ્રીહરિ તેમને ફરીથી લોકમાં જન્મ લેવડાવી અનાદિમુક્તનો યોગ આપે છે.

જ્યારે અનાદિમુક્તો તો દિવ્યસ્વરૂપે મહારાજની મૂર્તિમાં રહ્યાં થકા જ મહારાજની આજ્ઞાથી અનેક જીવોના કલ્યાણ માટે અનેક બ્રહ્માંડમાં પ્રગટ થતાં જ રહે છે.

# ૧૦૮

ભગવાન શ્રી સ્વામિનારાયણે છેલ્લાના નવમા વચનામૃતમાં એકાંતિક મુક્તો જે રીતે જાણપણારૂપી દરવાજે ઊભા રહીને ભગવાનના સ્વરૂપનું અખંડ અનુસંધાન રાખે છે તે વિવિધ દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે. શ્રીહરિએ તો જાણપણાને અક્ષરધામનો દરવાજો કહ્યો છે. આપણે આ જ conceptને અત્યારના વ્યાવહારિક દૃષ્ટાંત વડે સમજવા પ્રયત્ન કરીએ.

જાણપણું એટલે જાગરૂકતા જેને અંગ્રેજીમાં Awareness કહે છે, તે બે ભાગમાં વહેંચાએલી ચેતનાની એક જ્ઞાનપૂર્ણ અવસ્થા છે. એના પહેલા ભાગને કેંદ્રિય જાણપણું (exclusive focal awareness) કહે છે, જ્યારે બીજા ભાગને ક્ષેત્રીય જાણપણું (marginal extensive awareness) કહે છે.

આપણા બધાનો એક સામાન્ય અનુભવ છે કે કાર કે બાઈક ચલાવતી વખતે આપણી focal awareness પૂરેપૂરી રોડ પર હોય છે, જ્યારે extensive awareness દ્વારા આપણે કારમાં બાજુમાં બેઠેલી વ્યક્તિ સાથે વાતો કરીએ છીએ, કારમાં રાખેલી મ્યુઝિક સિસ્ટમમાં મધુર સંગીત

સાંભળીએ છીએ, છતાં પણ ગાડી બરાબર તેનાં ગંતવ્ય સ્થાન તરફ આગળ વધતી જ રહે છે. જે રીતે ગાડી ચલાવવા માટે આપણે આ પ્રકારે મહાવરાથી (by practice) જાણપણું સિદ્ધ કરી શકીએ છીએ તે રીતે મૂર્તિનું અખંડ અનુસંધાન રાખીને વ્યવહારની સર્વે ક્રિયાઓ કરવા માટે પણ આવું જાણપણું કેળવી શકાય.

એકાંતિક મુક્તો પોતાની સમગ્ર exclusive focal awareness શ્રીજીમહારાજની મૂર્તિ પર કેંદ્રિત કરીને marginal extensive awareness દ્વારા દેહની સર્વે ક્રિયાઓ તથા વ્યાવહારિક કાર્યો કરે છે, અને એ રીતે તેઓ મૂર્તિનું અખંડ અનુસંધાન સહજ સ્વભાવે રાખે છે!

# ૧૦૯

પ્રશ્નઃ ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવા માટે શું કરવું જોઈએ?

ત્યારે ગુરુજીએ એમ સમજાવેલું કે, બાળક કિશોરવયમાં આવે ત્યારથી માતાપિતા તેને સવારે ઊઠીને દાંત સાફ કરવા, નહાઈ ધોઈને પવિત્ર થઈ પૂજા કરવી, સમયસર જમવું-ભણવું વગેરે દિનચર્યાની આદત પાડે છે. જ્યારે આ બધા કામ નિયત સમયે કરવાની ટેવ પડી જાય છે, પછી એ કરવામાં કંટાળો પણ નથી આવતો ને એ કરતાં થાક પણ બિલકુલ નથી લાગતો. એ સ્વાભાવિક રીતે જ એના સમયે થયાં કરે છે. આપણા બધાનો આ એક સર્વ સામાન્ય અનુભવ છે.

એજ રીતે નાનપણથી જ ધ્યાન કરવું, ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી, અજપાજપ કરવા ઈત્યાદિની આદત પાડવી જોઈએ. શરૂઆતમાં સૂક્ષ્મ સમય માટે એટલે કે માત્ર બે મિનિટ માટે જ કરો, પણ દરરોજ નિયમિત રીતે નિયત સમયે ભૂલ્યા વિના એ કરવું જોઈએ. આમાં મહત્ત્વ કેટલા સમય માટે આપણે એ કરીએ છીએ તેનું નથી, પરંતુ મહત્ત્વ પુનરાવર્તનનું છે, એની ક્રિયાના નિયત સાતત્યનું

(regular continuity) છે. ભલે એ પ્રવૃતિ માત્ર બે કે પાંચ મિનિટની જ હોય, પરંતુ એ સફળતાપૂર્વક પૂરી કર્યાની જે આત્મસંતોષની લાગણી જન્મે છે તે આપણને બીજે દિવસે ફરી એ કાર્ય કરવાની પ્રેરણા આપે છે. પરંતુ જો દરરોજ નિયમિત રીતે એ ન થાય તો પછી એની આદત ક્યારેય પડતી નથી.

પરંતુ એક વાર એની ટેવ પડી જાય પછી એ તમારી દિનચર્યામાં એવી વણાઈ જશે કે એ કર્યા વિના તમને જીવન ખાલી ખાલી લાગશે, જાણે કાંઈ મહત્ત્વનું કામ રહી ગયું હોય એવું લાગશે. આ રીતે મનને કેળવવાથી જ મનની અખંડવૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહેવા લાગે છે.

# ૧૧૦

ધ્યાનમાં વિચારો બહુ વિક્ષેપ કરે ત્યારે શું કરવું? ધ્યાન કરવાનો પ્રયત્ન કરનાર દરેક નવા આદરવાળા મુમુક્ષુનો આ એક સર્વ સામાન્ય પ્રશ્ન છે.

શ્રીજીમહારાજ ગ. પ્ર. ૩૨મા વચનામૃતમાં કહે છે કે, જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘાટ સંકલ્પ (વિચારો) બહુ થાય, માટે તે સમયે ધ્યાન ન કરવું.

વિચારો હંમેશાં બહારથી-આજુબાજુના વતાવરણમાંથી આવતા હોય છે, એની સાથે એકરૂપ થયા વિના એને જોયા કરવાથી એ ધીરે ધીરે અદૃશ્ય થઈ જાય છે. વિચારોને કેવી રીતે tackle કરવા એ પણ એક કલા (art) છે.

જે લોકો સાઈકલ, સ્કુટર કે કાર ચલાવતા શીખતા હોય તે બધાને એ ચલાવતી વખતે રસ્તામાં દૂરથી સામે બાજુથી આવતા બધાં જ વાહન પોતાની સામે-પોતાની ઉપર જ આવી રહ્યા છે એવું લાગે, પરંતુ જ્યારે એ નજીક આવીને બાજુમાંથી પસાર થઈ જાય ત્યારે હાશ થાય. એ જ રીતે વિચારોના વાદળાં આપણી આજુબાજુના વાતાવરણમાંથી પસાર થઈને એમની એક ઝલક દેખાડીને ચાલ્યા જાય છે, તમે એની સાથે સામેથી ના ભટકાવ તો તે

તમને જરા પણ છેડ્યા વિના ચૂપચાપ આગળ નીકળી જાય છે.

ધ્યાનનું પહેલું ચરણ એટલે વિચારશૂન્ય મન! સાક્ષીભાવ પણ આપણને એ જ અવસ્થામાં લઈ જાય છે. શ્રીહરિની મૂર્તિનું અનુલોમ ધ્યાન એ હકીકતમાં તો ધ્યાન પહેલાનું પગથિયું ધારણા છે. ધારણા એટલે કોઈ એક બિંદુ કે સ્વરૂપમાં મનની એકાગ્રતા સાધવી. એ સિદ્ધ થયા પછી જ ધ્યાનના અગમ્ય દ્વારમાં આપણી ચેતનાનો પ્રવેશ થાય છે.

# ૧૧૧

રમણ મહર્ષિ પાસે ઓસબોર્ન નામનો એક અંગ્રેજ સાધક રહેતો હતો. એક વાર તેણે મહર્ષિને પ્રાર્થના કરી મહર્ષિ, મને જ્ઞાન આપો. મહર્ષિએ કહ્યું, એ અશક્ય છે, કોઈ કોઈને જ્ઞાન આપી ન શકે. જીવાત્માએ પોતે જ જ્ઞાન મેળવવાનું છે.

અંગ્રેજે ફરી પૂછયું મારે જ્ઞાન કેવી રીતે મેળવવું?

મહર્ષિએ કહ્યું મનને ધ્યાનમાં જોડીને...

ઓસબોર્નએ આશંકા કરી મન તો વિક્ષેપક છે.

રમણ મહર્ષિએ શાંતિથી તેને સમજાવ્યું જેવી રીતે કાંટો કાંટાને કાઢે તેમ મનને ધ્યાનમાં પરોવવાથી એ અ-મન બનીને આપણને મનની પેલી પાર આવેલા આત્મતત્ત્વ પાસે પ્રાણ દ્વારા લઈ જાય છે. મનની પારની ચૈતન્ય ભૂમિકા ઉપર જતાં આત્મતત્ત્વમાંથી જ્ઞાન સ્વયંભૂ પ્રગટે છે.

આમ જોઈએ તો જ્ઞાન એ આત્માનું સ્ફુરણ છે. Knowledge springs from within. આપણે જેમ જેમ આત્મસત્તા પ્રાપ્ત કરીને પરમાત્માની દૃઢ ઉપાસના સાથે ધ્યાનમાં ઊંડા ઊતરતા જઈએ તેમ તેમ વધુને વધુ જ્ઞાન અંતરમાંથી ઊગતું જ જાય છે.

# ૧૧૨

આજે ડિજિટલ યુગમાં માહિતીઓના (information) જગતમાં તોટો નથી. ગૂગલગુરુ જે પૂછો તે અંગે ઢગલાબદ્ધ માહિતી ક્ષણભરમાં ખડકી દે છે. આજના નવા જનરેશનને એમ લાગે છે કે હવે આપણે કોઈ જ્ઞાનગુરુની જરૂર નથી, કોઈ સંદર્ભ ગ્રંથોની પણ જરૂર નથી, દુનિયાભરની માહિતી હવે આપણી મુઠ્ઠીમાં છે!

માહિતીને જ અત્યારે બધા જ્ઞાન (knowledge) માની બેઠા છે. હકીકતમાં તો માહિતી અને જ્ઞાન વચ્ચે જમીન આસમાન જેટલું અંતર છે. માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર કરવા માટે સૌથી પહેલાં 'હું બધું જ જાણું છું' એવું મિથ્યાભિમાન આપણે છોડવું પડશે.

જગતભરમાં જેટલું જ્ઞાન છે એના ૦.૦૦૦૦૧% જ્ઞાન પણ આપણે ઉપલબ્ધ કર્યું નથી. માટે I know nothing is the first step on the path of knowledge. આવું સમજો ત્યારે જ જ્ઞાનની સાચી પિપાસા (true thirst of knowledge) આપણા અંતરમાં પ્રગટશે.

જ્ઞાન એક એવો પ્રકાશ છે જેનો આવિર્ભાવ થતાં જ

આપણને દરેક તત્ત્વનું, પ્રત્યેક પરિસ્થિતિનું તથા સર્વે શાસ્ત્રોના ગૂઢ રહસ્યોનું યથાર્થ ભાન થાય છે. જ્ઞાન જ આપણને સુખ, શાંતિ, ધીરજ, સંતોષ અને આનંદ આપે છે. અજ્ઞાનતા આપણને ભય, અશાંતિ, અજંપો, અસલામતી અને અહંકાર આપે છે.

# ૧૧૩

આજકાલ અત્ર-તત્ર-સર્વત્ર સામૂહિક ધ્યાનની શિબિરો બહુ ચાલે છે. એમાં પણ હવે તો સંમોહન (hypnotism) દ્વારા trans માં લઈ ગયા પછી positive affirmations (સકારાત્મક નિવેદનો) આપીને.

ધ્યાનનો અનુભવ કરાવવાની એક નવી ટેકનીક આવી છે. એ રીતે મનને ડિપ્રેશનમાંથી બહાર કાઢી શકાય, પરંતુ સંમોહન દ્વારા ધ્યાનની સ્થિતિમાં ક્યારેય જઈ ન શકાય.

ધ્યાન એ કોઈ ક્રિયા નથી, ધ્યાન ચેતનાની એક વિશિષ્ટ સ્થિતિનું નામ છે. Meditation is a specific state of our consciousness ધ્યાનમાં મન વિચારશૂન્ય એટલે કે અ-મનની સ્થિતિમાં આવી જાય છે, ત્યારે પ્રાણ મનના અંકુશમાંથી મુક્ત બનતા તે આપણી ચેતનાને હૃદયાકાશમાં આત્મતત્ત્વ પાસે પહોંચાડે છે, પરિણામે પરમ શાંતિ અને અપરિમિત આનંદનો અનુભવ થાય છે, એ ધ્યાનની પ્રાથમિક ફળશ્રુતિ છે.

પ્રતિલોમ ધ્યાન એ આત્મનિષ્ઠા અને ઉપાસનાની પરિપક્વ અવસ્થામાં પરભાવમાં ઉપલબ્ધ થતી ચેતનાની ઉચ્ચતમ સ્થિતિ છે.

## ૧૧૪

એક વાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ ગયા હતા ત્યારે સભામંડપમાં તેમણે પ્રતિલોમ ધ્યાન અંગે બહુ મહત્ત્વપૂર્ણ વાત કરવા માંડી.

ત્યારે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું સ્વામી, મૂર્તિ સામી વૃત્તિએ (અનુલોમ વૃત્તિએ) તો જોવાય, પણ વૃત્તિને પલટાવીને કેવી રીતે જોવાય? એના માટે તો પ્રાણને પાછું ચાલવું પડે, તે કેમ થાય?

ગોપાળાનંદ સ્વામીએ યોગની પરિભાષામાં સમજાવતા કહ્યું વૃત્તિને મરોડીને હૃદયમાં જોવાનો બે ત્રણ મહિના અભ્યાસ કરે અને મૂર્તિમાં હેત થાય, ત્યારે અનુલોમ વૃત્તિ પ્રતિલોમ થઈને પાછી વળે છે. પરિણામે પ્રાણે સહિત વૃત્તિ પાછી ઠેલાઈ હૃદયાકાશમાં ભેગી થાય ત્યારે વૃત્તિઓ મૂર્તિ આકારે સ્થિર થાય છે.

પછી ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા પ્રતિલોમ ધ્યાન તો બહુ કઠિન ભાસે છે, શાંતિથી થતું અનુલોમ ધ્યાન જ કરવા દો ને...

એ સાંભળીને ગોપાળાનંદ સ્વામી મર્મમાં હસ્યા ને પછી બોલ્યા અનુલોમ ધ્યાનથી જીવમાં જે દોષ છે તે ટળીને

શુદ્ધ થવાતું નથી. માટે કારણ શરીરના રાગ ટાળવા માટે પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરવો અતિ આવશ્યક છે, તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. જો જ્ઞાને વિજ્ઞાને સહિત પ્રતિલોમ ધ્યાન કરવામાં આવે તો ધ્યાન કરનારમાં કોઈ દોષ રહે નહિ.

યોગનો જે સઘન અભ્યાસી હોય તે મન અને પ્રાણના નિરોધ દ્વારા વૃત્તિઓ પર કાબૂ મેળવી તેને જાણપણા સાથે જોડી ઉપરોક્ત પ્રતિલોમ ધ્યાન કરી શકે, એ સિવાય આ રીતે ધ્યાન કરવું સામાન્ય સાધક માટે મુશ્કેલ છે. બાપાશ્રી અને ગુરુદેવ નારાયણભાઈએ પ્રતિલોમ ધ્યાનની જે સરળ રીત સમજાવી છે તે નાના મોટા સર્વે સાધક માટે અત્યંત સુલભ છે માટે એનું અનુસરણ કરવું વધુ યોગ્ય છે.

# ૧૧૫

આધ્યાત્મિક માર્ગે આગળ વધવા ઈચ્છતા સર્વે મુમુક્ષુઓની એક સામાન્ય ફરિયાદ એ હોય છે કે કામ, ક્રોધ, લોભ જેવા અંતઃશત્રુઓ બહુ પીડે છે. એનો શો ઉપાય છે?

સર્વે અંતઃશત્રુઓ આપણા દેહભાવમાં (Body consciousness) રહેલા છે. જો આપણે એવી સમજણ દૃઢ કરીએ કે હું આ શરીર નથી, આ શરીર તો ભાડાના એક ઘર જેવું છે, ગમે ત્યારે તેને ખાલી કરીને જવાનું નક્કી જ છે. વળી મન પણ હું નથી, એ તો મારો એક આજ્ઞાંકિત સેવક છે. હું તો માત્ર શુદ્ધ ચૈતન્ય-આત્મા છું. તો પછી આ બધાં અજ્ઞાનવશ વળગણો શેને આધારે રહેશે?

Do not get identified by what you are not. જે આપણે નથી, એવી બધી જ ઓળખ ખંખેરી નાંખવાથી આ જગતના તમામ દુઃખ, પીડા અને યાતનાઓ ખરી પડે છે. જ્યાં સુધી આપણે પોતાની જાતને ચૈતન્ય સિવાય બીજા કશાકથી પણ ઓળખવાનો કે ઓળખાવાનો પ્રયત્ન કરીશું ત્યાં સુધી જીવનમાં શારીરિક અને માનસિક પીડાઓ તો રહેશે જ!

આપણું અર્ધચેતન મન (sub consciousmind) આપણા દેહભાવનો જ એક ભાગ છે. તે માત્ર પ્રતિલોમ ધ્યાનથી જ છૂટે છે, ત્યાં સુધી વાસના અને અંતઃશત્રુઓ કુંઠિત થાય છે, પરંતુ નિર્મૂળ થતાં નથી.

અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, આસન અને પ્રાણાયામ પછી પાંચમા ક્રમે પ્રત્યાહાર આવે છે. પ્રત્યાહારમાં આપણે આપણી વૃત્તિઓને ઈંદ્રિયોના વિષયોમાંથી પાછી વાળીને અંતઃકરણમાં કેંદ્રિત કરીએ છીએ. ધારણા દ્વારા આપણે આપણી ચેતનાને એક સાથે બે ક્ષેત્રોમાં વહેંચીને સર્વે કાર્ય કરતી વખતે પણ પરમાત્મા સાથે અનુસંધાન જાળવી રાખીએ છીએ, પરિણામે અર્ધજાગ્રત મન સાથે આપણો સંબંધ મિત્ર જેવો થઈ જવાથી તેમાં અનેક જન્મોથી દબાયેલા સંસ્કારો ને આવેગો બહાર નીકળીને અદૃશ્ય થઈ જાય છે. પરિણામે ધ્યાનનો અનુભવ સુલભ બને છે.

# ૧૧૬

સમય અને કાળતત્ત્વ શું છે?

મહાકાળ, ખંડકાળ અને કાળ એ ત્રણેય ભિન્ન છે. મહાકાળ વાસુદેવ બ્રહ્મના નિષ્કામ મુક્ત છે, સાકાર મૂર્તિ છે અને બ્રહ્મપુરમાં વાસુદેવ બ્રહ્મ સમીપે રહે છે. તેમના બે કાર્ય છે.

મૂળપુરુષને મૂળમાયા સાથે જોડાવા પ્રેરિત કરી અનંતકોટિ બ્રહ્માંડોની રચના કરાવવી અને સમય આવ્યે મૂળપુરુષના સમગ્ર કાર્યનો આત્યંતિક પ્રલય કરવો.

મહાકાળ માયાથી પર, અખંડ અને નિરંતર સૃષ્ટિશીલ છે, તો ખંડકાળ અતીત, અનાગત અને વર્તમાન એવા ત્રણ પ્રકારથી વિભક્ત છે જેને આપણે સમયને નામે ઓળખીએ છીએ. જ્યારે કાળની ઉત્પત્તિ-મૂળપુરુષની અન્વયશક્તિ કે જેને વેદોમાં ૐ રશ્મિ કહી છે, તેનું મૂળમાયાના સત્ત્વ અને રજસ એ બે ગુણો સાથે જોડાણ થવાથી થાય છે. કાળ વસ્તુતઃ જડ છે, નિરાકાર છે, પરંતુ તેની પાછળ ઈશ્વરની શક્તિ ૐ રશ્મિ હોવાથી તે ચેતનની જેમ વર્તે છે, પરિણામે વેદોમાં તેને જડચિદાત્મક ક્હ્યો છે.

કાળ શબ્દ कल् ધાતુમાંથી બન્યો છે, તેનો અર્થ થાય

છે-ધારણ કરવાવાળો તથા ગતિ કરાવવાવાળો. ૐ રશ્મિ પરમાત્માના સૂક્ષ્મ સ્પંદનો છે, તેથી કાળ ૐ રશ્મિની પરાવસ્થા છે જે પ્રકૃતિમાં ઉત્પન્ન થઈ ઈશ્વરમાં વ્યાપ્ત રહે છે અને ઈશ્વર દ્વારા કાર્ય કરે છે.

જે રીતે પરમાત્મા પોતાની અન્વયશક્તિ દ્વારા સર્વવ્યાપી છે તે પ્રમાણે કાળ પણ બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપ્ત છે. તેનામાં સત્વગુણ હોવાથી તે પ્રકાશમય છે અને રજોગુણને કારણે તેનામાં ગતિ છે, પરંતુ તેનામાં તમોગુણ ન હોવાથી તે ક્યારેય અટકતો નથી-સતત ગતિમાં જ રહે છે!

# ૧૧૭

પ્રશ્નઃ વચનામૃતમાં જેનો ઉલ્લેખ આવે છે તે દહરવિદ્યા શું છે?

ઉપનિષદની ગૂઢ વિદ્યાઓમાં 'દહરવિદ્યા'નું સ્થાન ઘણું ઊંચુ છે. છાંદોગ્ય, બૃહદારણ્યક, નારાયણ અને કૈવલ્ય ઉપનિષદોમાં આ વિદ્યાનાં રહસ્યો ગૂંથાયેલા છે.

આપણા સૂક્ષ્મ શરીરમાં આપણી ચૈતન્યશક્તિ ઈડા, પિંગલા, સુષુમ્ણા ઈત્યાદિ નાડીઓમાં વહે છે. નાડીઓ દ્વારા તે અનાહત ચક્ર પાસે આવેલા હૃદયમાંથી સહસ્ત્રાર તરફ વહે છે, તેથી શાસ્ત્રોમાં હૃદય માટે 'દહર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

છાંદોગ્ય ઉપનિષદમાં લખ્યું છે-

अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं
वेश्म दहरोऽस्मिन्नराकाशेयः ।

(छांदोग्य उपनिषद ८/१/१)

આપણા સૂક્ષ્મ શરીરમાં જે હૃદય છે તેને અહીં કમળની ઉપમા આપવામાં આવી છે. આ સૂક્ષ્મ (હૃદયરૂપી) કમળમાં પણ એક સૂક્ષ્મ આકાશ છે જેને ઉપનિષદમાં 'દહરાકાશ' કહેવામાં આવ્યું છે. આ દહરાકાશ એ જ ચિદાકાશરૂપી

અક્ષરબ્રહ્મ છે જે આપણા સૌના હૃદયમાં વ્યાપીને રહેલું છે. આ રીતે આપણા ચૈતન્ય સાથે અક્ષરબ્રહ્મનો સંબંધ અનાદિકાળથી છે જ!

કૈવલ્ય ઉપનિષદ કહે છે સર્વે ઇંદ્રિયો હૃદયમાં ખેંચી પ્રત્યાહાર કરવો. હૃદયમાં જ ચિદાકાશ છે. તે અચિંત્ય છે, અવ્યક્ત છે, અનંત છે, તે અમૃત છે અને તે જ અક્ષરધામ છે! ભગવાન સ્વામિનારાયણે ગ. પ્ર. ૪૬મા વચનામૃતમાં કહ્યું છે કે, 'બ્રહ્માંડની ચારે પાસે ચિદાકાશ છે અને બ્રહ્માંડની માંહી પણ છે અને એવો જે સર્વાધાર આકાશ તેને આકારે જેની દૃષ્ટિ વર્તતી હોય તેને દહરવિદ્યા કહીએ.

દહરવિદ્યા અનેક બ્રહ્મવિદ્યાઓ પૈકીની એક મહત્ત્વપૂર્ણ બ્રહ્મવિદ્યા છે. શ્રીહરિએ વચનામૃતમાં દહરવિદ્યાની જે વ્યાખ્યા આપી છે તે અવરભાવની વ્યાખ્યા છે! પરભાવની દહરવિદ્યાની વ્યાખ્યા આપતા બાપાશ્રી કહે છે હૃદયમાં આવેલા આત્માના તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિને ધારવી તે પરભાવની દહરવિદ્યા કહેવાય.

## ૧૧૮

શ્રીજીમહારાજે વચનામૃતમાં સ્વભાવ ટાળવાના અનેક ઉપાય બતાવ્યા છે. જેમ કે, અંતરદૃષ્ટિ, દૃઢ સંકલ્પ, ભગવાન અને સંતના વચનમાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ, કલ્યાણનો ખપ, ભગવાનની માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ, આત્મનિષ્ઠાની દૃઢતા, નિયમ-નિશ્ચય ને પક્ષ વગેરે.

જો કે આ બધામાં, જેને અંતરમાં સમજાઈ જાય કે મારો સ્વભાવ કલ્યાણના માર્ગમાં અવરોધરૂપ છે અને તેને પોતાના સ્વભાવને કારણે થતી ભૂલો માટે સાચા દિલથી પસ્તાવો થાય અને એ ગદ્ગદ હૈયે પ્રભુને પ્રાર્થના કરે, એ ઉપાય સર્વશ્રેષ્ઠ છે.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એમ કહેતા કે સ્વભાવ મૂક્યા વિના કોઈ દહાડો જય થવાની નથી.

# ૧૧૯

ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય આ ચાર સાધનોનું સેવન મુમુક્ષુ આત્યંતિક કલ્યાણ માટે કરે છે, પરંતુ જ્યાં સુધી એ ક્રિયાઓમાં પરમાત્મા પ્રત્યક્ષપણે ભળતા નથી એટલે કે જ્યાં સુધી એ સાધનો પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપને અનુલક્ષીને અને સત્પુરુષના પ્રત્યક્ષ માર્ગદર્શન અનુસાર કરવામાં આવતા નથી ત્યાં સુધી એનું કોઈ ફળ મળતું નથી.

મનમુખી ભક્તિ ગમે તેટલી અને ગમે તેટલા દીર્ઘ સમય સુધી કરવામાં આવે,પરંતુ તેનું ફળ નહિવત્ મળે છે. ઉલટું લાંબાગાળે મુમુક્ષુ એ સાધનો યંત્રવત્ (Mechanically) કરતો થઈ જાય છે. યંત્રવત્ થતી કોઈ પણ ક્રિયા પછી તે ધર્મક્રિયા હોય કે વ્યાવહારિક ક્રિયાઓ હોય, તેમાં ધીમે ધીમે દંભ ઘર કરે છે, પરિણામે એ ક્રિયાઓ પ્રાણ વિનાના પૂતળા જેવી બની જાય છે.

જે ધર્મ પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપને આશરીને તેમની પ્રસન્નતા માટે અનુસરાતો હોય તે પ્રગટ ધર્મ કહેવાય છે, જે જ્ઞાન પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપને જોઈ સમજીને અનુભવાય છે એ જ પ્રગટજ્ઞાન છે અને જે ભક્તિ પરમાત્માના સ્વરૂપને સદા પ્રત્યક્ષ જાણી સમજીને કરવામાં

આવે તે જ પ્રગટ ભક્તિ કહેવાય. એ જ પ્રમાણે જે ઉપાસના પોતાના ઈષ્ટ આરાધ્યને સદાય પોતાની સામે હાજર સમજીને કરવામાં આવે છે તે પ્રગટ ઉપાસના કહેવાય.

પ્રગટ ધર્મ, પ્રગટ જ્ઞાન, પ્રગટ ભક્તિ અને પ્રગટની ઉપાસના વિના આ પહેલા કોઈનોય મોક્ષ થયો નથી, આજે પણ થતો નથી ને ભવિષ્યમાં પણ થશે નહિ એ એક નિર્વિવાદ વાત છે.

# ૧૨૦

વૃત્તિ એટલે એક જ પ્રકારના વિચારોનું વલયં એ ગોળાકાર ચક્રની જેમ તેના ધ્યેય તરફ આગળ વધે છે. વૃત્તિના બે આયામ છે બાહ્યવૃત્તિ અને અંતર્વૃત્તિ. બાહ્યવૃત્તિ એ પ્રવૃત્તિનું મૂળ છે, જ્યારે અંતર્વૃત્તિ એ આત્મજાગૃતિનું કેંદ્ર છે.

શ્રીજીમહારાજે ગ. પ્ર. ૧મા ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેને સૌથી કઠણમાં કઠણ સાધન કહ્યું છે, કારણ કે મન ત્રિગુણાત્મક છે. તે ક્યારેય સત્વગુણમાં વર્તે ત્યારે વૃત્તિ શાંત ને સ્થિર રહેવાથી પ્રભુમય થાય, પણ જ્યારે તે રજો કે તમોગુણમાં વર્તે ત્યારે ભગવાનના સ્વરૂપમાં તે રાખવી અત્યંત કઠણ પડે.

જ્યારે મન શૂન્યભાવ પામીને આત્મામાં લીન થઈ જાય ત્યારે મનની વૃત્તિ આત્માની વૃત્તિ બની જાય, પછી જ તે વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ અનાયાસે રહે છે.

# ૧૨૧

પોતાના ઈષ્ટ આરાધ્ય ભગવાન અને ગુરુ સદેહે હાજર હોય ત્યારે અથવા સદેહે હાજર ન હોય પણ મૂર્તિ કે પ્રતિકરૂપે હાજર હોય ત્યારે એમનામાં જે મુમુક્ષુ પ્રત્યક્ષભાવ સિદ્ધ કરે છે તેને જ જીવનમાં વિજય, શ્રી અને શ્રેય સાંપડે છે, તેને જ ઈષ્ટદેવ અને ગુરુના સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને શક્તિનું સાધર્મ્ય પ્રાપ્ત થાય છે. પરંતુ જે એમનામાં પરોક્ષભાવ પરઠે છે તે જીંદગીભર એમની સાથે જ રહે તો પણ કાંઈ જ પામતો નથી.

જે રીતે આપણો જીવન વ્યવહાર પરોક્ષ પદાર્થોથી ચાલતો નથી, તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની સિદ્ધિ પણ પરોક્ષ પરમાત્મા તથા પરોક્ષ સત્પુરુષ દ્વારા ક્યારેય થતી નથી, પણ પ્રત્યક્ષ પરમાત્મા તેમ જ પ્રત્યક્ષ મુક્તપુરુષ દ્વારા જ થાય છે.

જ્યારે મુમુક્ષુના જીવનમાં આવો પ્રત્યક્ષ દિવ્યભાવ સ્થાયી થાય છે ત્યારે મૂર્તિ મૂર્તિ રહેતી નથી, ત્યારે પરમાત્મા અને મુક્તપુરુષ એની પાસે કાયમ પ્રત્યક્ષ રહે છે અને તેને પોતાનું અપરંપાર સુખ વગર માગ્યું આપે છે.

# ૧૨૨

પ્રશ્નઃ ભગવાન તો માયાથી પર ગુણાતીત અને પરાત્પર છે. એમને માયિક ઇંદ્રિયો અને મન વડે કરવામાં આવેલો મંત્રજાપ શી રીતે પહોંચી શકે?

માયાના ચોવીસ તત્ત્વોમાંથી બનેલા આ મનુષ્યદેહમાં સ્વભાવ, સ્વરૂપ અને ગુણની દૃષ્ટિએ તદ્દન વિલક્ષણ એવો જીવાત્મા રહેલો છે, અને એ જીવમાં અંતર્યામી પરમાત્મા રહેલા છે.

એ જીવ જ્યારે સત્સંગને યોગે મોટા મુક્તના માર્ગદર્શન પ્રમાણે પરમાત્માની માહાત્મ્યજ્ઞાનેયુક્ત ભક્તિ ઉપાસના કરે છે ત્યારે તેના ઇંદ્રિયો, મન વગેરે ભગવાનના પ્રતાપે દિવ્ય થઈ જાય છે.

જેમ હીરો હીરા વડે જ વીંધાય તેમ પરમાત્માની કૃપા દ્વારા નિર્ગુણ બનેલા તેના મન ને ઇંદ્રિય વડે જે મંત્રજાપ કરવામાં આવે છે તે ભગવાનને અવશ્ય પહોંચે છે.

# ૧૨૩

મનની અનુલોમ વૃત્તિને કારણે આપણને જે દૃષ્ટિ મળે છે તેને બાહ્યદૃષ્ટિ કહે છે અને તેને જ અવરભાવ કહે છે, જ્યારે પ્રતિલોમ વૃત્તિને પરિણામે જે સમજણ સાંપડે છે તેને અંતરદૃષ્ટિ કે આત્મદૃષ્ટિ કે પરભાવ કહે છે.

શ્રીજીમહારાજ સા. ૧૦માં વચનામૃતમાં કહે છે કે, ગોલોક, વૈકુંઠ એ સર્વે ભગવાનના ધામ તેને બાહ્યદૃષ્ટિએ જોઈએ તો ઘણા છેટે છે, અને આત્મદૃષ્ટિએ જોઈએ તો અણુમાત્ર છેટે નથી. માટે બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણ સત્ય છે.

પછી એનાથી આગળ વધીને એના સારરૂપે મહારાજ કહે છે જે એમ સમજતો હોય કે મારા ચૈતન્યમાં આ ભગવાન સદાય વિરાજમાન છે તે સંત થકી ભગવાન અને ભગવાનના ધામ અણુમાત્ર છેટે નથી. અને એવા સંતનું દર્શન થાય ત્યારે એમ માનવું કે મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.

# ૧૨૪

શ્રીજીમહારાજનું યથાર્થ માહાત્મ્ય દૃઢ થવાથી પ્રતિમાસ્વરૂપે તેમ જ દિવ્યરૂપે તેમનું પ્રગટપણું વર્તે છે. પરિણામે પોતાની સર્વે ક્રિયાના સાક્ષી મહારાજ છે એવું સમજાતા નાની મોટી સર્વે આજ્ઞાઓનું ખટકાપૂર્વક પાલન થાય છે.

ભગવાન સ્વામિનારાયણ સદાય પરભાવમાં જ છે.

જેમને એમના સ્વરૂપનું પરભાવનું માહાત્મ્ય બરાબર સમજાઈ ગયું હોય તેને અન્ય કોઈ દેવ-અવતારાદિકનું કે પોતાનું કર્તાપણું ન મનાય. તે એક માત્ર શ્રીજીમહારાજને જ કર્તા માને છે.

તેવા ભક્તોને કેવું વર્તે તે વિશે શ્રીહરિજી મહારાજ ગ. પ્ર. ૭૮મા વચનામૃતમાં કહે છે તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી, અને અનંત કોટિ બ્રહ્માંડને વિશે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે, અને તેને વિષે સુખ-દુઃખનો જીવને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમના હાથમાં છે, જેટલું એ ભગવાન કરે તેટલું જ થાય છે.

જેને જેને શ્રીજીમહારાજના સ્વરૂપનું આવું પરભાવનું

માહાત્મ્ય સમજાયું હતું તેવા પાત્રોની શ્રીમુખે ગ. મ. ૫૯મા વચનામૃતમાં અતિ પ્રશંસા કરી છે.

પરભાવના માહાત્મ્યની વાત જ નોખી છે. એ સમજનારને કોઈનો ય ભાર ન રહે ને પરિણામે અંતરમાં અનોખી ખુમારી અહોનિશ વર્ત્યા કરે!

# ૧૨૫

વ્યક્તિએ વ્યક્તિએ અને સમયે સમયે આ લોકમાં જન્મ લેવાના હેતુ પ્રત્યેક જીવ માટે જુદા જુદા હોય છે. કર્મબદ્ધ જીવોમાં જેમના કર્મના ખાતામાં પાપકર્મ વિશેષ હોય તેઓ તેની સજારૂપે જન્મ ધરી દારુણ દુઃખ અને અસહ્ય યાતનાઓ ભોગવી પોતાના કર્મોના હિસાબને સરભર કરવાનો પ્રયત્ન કરે છે.

જ્યારે પુણ્યાત્માઓ પૂર્વે કરેલા પુણ્યકર્મોના પ્રતાપે આ લોકમાં આવી સુખ, સમૃદ્ધિ અને ભોગવિલાસના ભોગવટા સાથે થોડી સાત્ત્વિક પ્રવૃત્તિ દ્વારા પરમાર્થના માર્ગે આગળ વધે છે.

જેમને ભગવાન કે એમના મોટામુક્તોનો પ્રસંગ પહેલીવાર જ થયો હોય એવા નવા આદરવાળા જીવોને માત્ર બીજબળ થવાથી તેમની આધ્યાત્મિક યાત્રા એ પછીના જન્મોમાં વધુ ને વધુ આગળ વધતી રહે છે.

પરંતુ જે જીવો અનાયાસે ભગવાન કે એમના અનાદિમુક્તની કૃપાદૃષ્ટિમાં આવી જાય છે, તેમના અનેક જન્મોના કર્મોના ખાતા ભગવાનની કૃપાના પ્રતાપે ખતમ થઈ જવાથી તેમને પછી કર્મોના ભોગવટા માટે ફરી જન્મ

લેવાનો રહેતો નથી. છતાં પણ જો તેઓ જન્મ લે છે તો એનો હેતુ મોટા મુક્તોનો સમાગમ કરી પોતાની સમજણમાં રહેલી કિંચિત ખામી દૂર કરી અનાદિમુક્તની પંક્તિમાં ભળવાનો હોય છે.

એ જ રીતે પરમ એકાંતિક મુક્તો પણ અક્ષરધામમાંથી સ્વતંત્રપણે અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ફરી આ લોકમાં અવતરતા હોય છે.

# ૧૨૬

આપણું મન ત્રિગુણાત્મક છે, એ ક્યારેક સત્ત્વગુણમાં પ્રવર્તે છે ત્યારે અંતરમાં શાંતિ ને અકારણ આનંદનો અનુભવ થાય છે. તો ક્યારેક રજોગુણમાં વ્યાપે ત્યારે મનની સાથે આપણું શરીર ઓતપ્રોત હોવાથી

મન સક્રિય થાય એની સાથે શરીરના આંતરિક અવયવો પણ સક્રિય થઈ જાય છે.

પરંતુ મનમાં જ્યારે તમોગુણ પ્રવર્તે ત્યારે નિદ્રા, આળસ, પ્રમાદ મનની સાથે શરીરમાં પણ પોતાનો અડ્ડો જમાવે છે. ઉપવાસ કરવાથી શરીરની પાચન પ્રણાલિ શાંત થવાથી મન પણ શાંત થાય છે, પરિણામે મનમાં અનાયાસે સત્વગુણ પ્રવર્તે છે, એ વખતે જો ધ્યાન કરવામાં આવે તો મન નિર્ગુણ બની આત્મતત્ત્વમાં લીન થાય છે. એ જ ઉપવાસનું ફળ છે.

શિક્ષાપત્રી કહે છે કે જો ઉપવાસ દરમ્યાન દિવસની નિદ્રા લેવામાં આવે તો મૈથુનની જેમ મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે. એની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે દિવસની નિદ્રા દ્વારા મનમાં તમોગુણ પ્રવર્તવાથી ઉપવાસને કારણે શુદ્ધ સત્વની જે શાંતિ ને આનંદની અવસ્થા સર્જાઈ

હોય છે તેનો ભંગ થઈ જાય છે, એ જ રીતે મૈથુનને કારણે મન અને શરીર રજોગુણમાં વ્યાપ્ત થવાથી ઉપવાસની અસર અને તેનું ફળ નષ્ટ થાય છે. માટે ઉપવાસ દરમ્યાન ખૂબ સંયમ વર્તવો અત્યંત જરૂરી છે ને પંદર દિવસે એક ઉપવાસ તો અવશ્ય કરવો જોઈએ.

# ૧૨૭

અભાવ, અવગુણ અને દ્રોહનું મનોવિજ્ઞાન સમજવા જેવું છે. દરેક અજ્ઞાની વ્યક્તિને એમ જ લાગે છે કે આ દુનિયામાં મારાથી શ્રેષ્ઠ કોઈ નથી. પછી અન્યને પોતાનાથી વધારે આગળ આવતા કે લોકપ્રિય થતાં જોવે એટલે તેને ઈર્ષ્યા થવા લાગે. પરિણામે એના માટે મનમાં અભાવ જન્મે. પછી તો એના ગુણ પણ એને દોષરૂપ લાગવા માંડે! પરંતુ જો આ તબક્કે જ વાત અટકી જાય તો બહુ મોટું નુકસાન થતું નથી.

પછી તો એના અવગુણની ગાથા એ આખા ગામમાં ગાવા લાગે અને પોતાની ટોળીમાં વધુ ને વધુ મિત્રોને જોડવા લાગે છે. હજી પણ પાછા વળવાનો મોકો રહે છે અગર કોઈ મુક્ત મળી જાય ને એને કૃપા કરીને સાચો રસ્તો બતાવે તો.... નહિતર વિનાશ તો નિશ્ચિત જ છે! માનસિક સ્તરે આટલા પતન પછી એ નકારાત્મક વિચારો વર્તનમાં ઉતરવા તત્પર થાય છે. અન્યને દ્વેષભાવથી પીડવો એને જ દ્રોહ કહે છે.

કોઈ પણ જીવનો દ્રોહ કરવો એ મહા પાપ છે. એમાં પણ જો એ ભગવાનનો ભક્ત હોય તો એ અપરાધને

ભગવાન ક્યારેય માફ કરતા નથી. માટે જેને કલ્યાણની ઈચ્છા હોય તેમણે હંમેશાં આવી નકારાત્મક પ્રવૃત્તિથી સદંતર દૂર રહેવું જોઈએ.

# ૧૨૮

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નારાયણભાઈ એમ કહેતા કે, સંશય કરવાનો સ્વભાવ મુમુક્ષુને મોક્ષમાર્ગેથી વિચલિત કરીને પતનની ઊંડી ગર્તામાં ગરકાવ કરી દે છે. તેથી ગીતામાં કહ્યું છે संशयात्मा विनश्यति । જો કે સ્વભાવ ટાળવો એના જેવો કોઈ મોટો પુરુષાર્થ નથી, પરંતુ જો મોટાપુરુષના કોઈ ચરિત્રમાં કે કથનમાં સંશય થાય તો તત્કાળ તેમને પૂછીને તેનું નિરાકરણ કરી લેવું એજ એનો શ્રેષ્ઠ ઉપાય છે.

ભગવાન અને એમના મુક્તનો યથાર્થ મહિમા સમજાય તો સંશયના સંકટમાંથી બચી જવાય છે. એ સિવાય બીજો ઉપાય છે પ્રાર્થના.

સતત શ્રીજીમહારાજને ગદ્‌ગદ કંઠે અને વ્યથિત હૃદય સાથે પ્રાર્થના કરવામાં આવે તો પ્રભુ કૃપા કરીને એ દૂષિત સ્વભાવને ટાળી નાખે છે.

# ૧૨૯

બાયો ફિઝિસિસ્ટ વિલિયમ બ્રાઉન અને એસ્ટ્રો ફિઝિસિસ્ટ અમાયરા વૉલ નામના બે વૈજ્ઞાનિકોએ તાજેતરમાં જ એક અજીબોગરીબ થિયરી રજૂ કરી છે, જે એવું કહે છે કે આ બ્રહ્માંડ તેની તમામ ગતિવિધિની છાપ સાચવી રાખે છે. ગુરુત્ત્વાકર્ષણના તરંગો સતત સર્વત્ર પસાર થતાં જ હોય છે, તેની છાપ બ્રહ્માંડના મગજમાં 'મેમરી' તરીકે સચવાય છે! Cosmos has its own brain by which it stores every memory. સ્પેસ ટાઈમના એક જટિલ માળખામાં આ માહિતી સ્ટોર થાય છે. વિજ્ઞાનની પરિભાષામાં એમ કહી શકાય કે બ્રહ્માંડ માહિતી સંગ્રહ કરતી એક અતિ વિશાળ 'હાર્ડડિસ્ક' છે!

પરંતુ હજુ એ મેમરીને ઉકેલવાની કોઈ તરકીબ વૈજ્ઞાનિકોના હાથમાં આવી નથી, જ્યારે એ મળી જશે ત્યારે આજથી હજારો વરસો પહેલાં આ બ્રહ્માંડમાં જે કાંઈ બન્યું છે તેની માહિતી આપણને મળી શકશે. જેમ કે રામાયણ અને મહાભારતની કથાને જે લોકો કાલ્પનિક માને છે તેમને તેની સચ્ચાઈના સચોટ પુરાવા મળી જશે. એટલું જ નહિ, આજથી બસો વરસ પહેલાં શ્રી સ્વામિનારાયણે પોતાની

શ્રીમુખવાણી દ્વારા જે વચનામૃત કહ્યાં હતાં તે તેમના જ અવાજમાં આપણને સાંભળવા ને જોવા મળશે! અબજીબાપાશ્રીએ પોતાના મધુર અવાજમાં જે વાતો કરી છે તે પણ તેમના જ અવાજમાં સાંભળવા મળશે! આવી કલ્પના પણ અત્યારે કેટલી રોમાંચક લાગે છે!

# ૧૩૦

કોઈ હરિભક્તે શ્રીજીમહારાજને પૂછ્યું મહારાજ! આપની પાસેથી સત્સંગના વર્તમાન ધારણ કર્યા પછી પણ અમારા જીવનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ કેમ રહ્યાં કરે છે? ત્યારે શ્રીહરિએ તેને સમજાવતા કહ્યું અમે કે અમારા મુક્ત જ્યારે જીવને સત્સંગના વર્તમાન ધારણ કરાવીએ છીએ ત્યારે તેના અનંત જન્મોના સંચિત કર્મો બળીને ભસ્મ થઈ જાય છે, પછી તે હરિભક્ત અમારી શિક્ષાપત્રીની આજ્ઞાઓ પ્રમાણે જીવે તો તેને નવાં ક્રિયામણ કર્મો નથી વળગતા! પરંતુ તેના જે પૂર્વના કર્મો ફળ આપવા પ્રવૃત્ત થયા હોય તે પ્રારબ્ધ કર્મો તો તેને ભોગવવા જ પડે છે.

જો કે એ કર્મોનું ફળ પણ અમે તેમનો આધ્યાત્મિક વિકાસ થાય એ રીતે અમારી ઇચ્છા અનુસાર ભોગવવીએ છીએ. માટે તમારા જીવનમાં જે કાંઈ સુખ-દુઃખ આવે તેને અમારી મરજી માની અમારી પ્રસન્નતાનું સાધન માની સ્વીકારી લેવા. એના માટે કોઈ ફરિયાદ ન કરવી, તેમ જ એનાથી દૂર પણ ન ભાગવું. એને રાજીખુશીથી ભોગવી લેવાથી જ અમારી કૃપા ઝીલવાની પાત્રતા કેળવાય છે.

# ૧૩૧

સાંપ્રત સમયમાં એટલાન્ટિક મહાસાગરમાં એક બરમુડા ત્રિકોણનું (Bermuda Triangle) રહસ્ય બહાર આવ્યું છે, જે મહાસાગરમાં કોઈ બ્લેક હોલ હોવાનો સંકેત આપે છે. આ માર્ગે અત્યાર સુધીમાં જે કોઈ વહાણ કે વિમાન પસાર થયા છે તે એવા તો ગાયબ થઈ ગયા છે કે તેનો હજી સુધી કોઈ પત્તો મળ્યો નથી.

આધ્યાત્મિક જગતમાં પણ આવા નાના મોટા ઘણાં બ્લેક હોલ અસ્તિત્વ ધરાવે છે જેની નજીક જતાં જ એ મુમુક્ષુની સ્થિતિ, સમજણ અને દિવ્યભાવને ભરખી જઈ તેને પતનની દૃઢી ગર્તામાં ગાયબ કરી દે છે.

જે મુમુક્ષુ દેહાત્મબુદ્ધિ સાથે ભગવાનની ભક્તિ કરે છે તેને જો સાચા સદ્ગુરુનું સમયસર માર્ગદર્શન ન મળે તો તે સાધનનો ભાર રાખીને આત્મપ્રશંસામાં રમમાણ થઈ કલ્યાણના માર્ગેથી પડી જાય છે.

શ્રીજીમહારાજ ગ. અં. ૧૨મા વચનામૃતમાં કહે છે જેને ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહિ. અનંત બાળહત્યા, અનંત સ્ત્રીહત્યા, અનંત ગૌહત્યા તેમ

જ અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો તો કોઈ કાળે છુટકો થાય ને શાસ્ત્રમાં તે પાપથી છુટવાનો ઉપાય પણ કહ્યો છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.

મોક્ષમાર્ગમાં આવા ઘણાં બ્લેક હોલ આવતાં હોય છે તેથી તેમાં ડગલે ને પગલે અત્યંત સાવધાની રાખવી જરૂરી છે.

# ૧૩૨

અનાદિમુક્તની સ્થિતિને સિદ્ધ કરવા માટેની યાત્રાનું પહેલું પગથિયું છે પૂર્ણ પુરુષોત્તમનારાયણનો યથાર્થ નિશ્ચય! અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એ જ યથાર્થ નિશ્ચય છે.

નિશ્ચય પછી અનુભવજ્ઞાન તરફનું બીજું પગથિયું છે - ભગવાન અને તેમના અનાદિમુક્તનો મહિમા. માહાત્મ્ય તો નિશ્ચય કરતા પણ વિકટ સોપાન છે. માહાત્મ્યના પ્રમાણ ઉપર જ પ્રાપ્તિની ગુણવત્તાનો આધાર છે. ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજવાથી જ્યારે અંતરમાં અહોભાવનું ઘોડાપુર ઉમટે છે ત્યારે દેહભાવના યોગે નડતો બધો આંતરીક કચરો સાફ થઈ જાય છે.

શ્રીજીમહારાજના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અને તેમનું માહાત્મ્ય જાણ્યા પછી એમના દિવ્ય વ્યતિરેક સ્વરૂપને પામવું એટલે કે મૂર્તિરૂપ થઈ મૂર્તિના રોમરોમમાં રસબસ થઈ મૂર્તિમાંથી નિષ્પન્ન થતાં નિત્ય નવીન આનંદની અનુભૂતિ કરવી એ જ આપણી યાત્રાનું અંતિમ પગથિયું છે.

# ૧૩૩

કારણ સત્સંગનો પાયાનો સિદ્ધાંત છે કે, સત્સંગમાં સદાય દિવ્યભાવ રાખવો. દિવ્યભાવ એટલે સત્સંગમાં જે કોઈ સત્સંગી ભાઈઓ, બહેનો તથા સંતો ને પાર્ષદો આપણા સંપર્કમાં આવે એ સર્વેને અનાદિમુક્ત સમજી તેમનામાં કોઈ અવગુણ ન જોવા, ને નિંદા તો ક્યારેય કોઈની પણ કરવાની નહિ.

એની પાછળનું વૈજ્ઞાનિક કારણ એવું છે કે જ્યારે આપણે કોઈની નિંદા કરીએ છીએ ત્યારે આપણે નિમ્નકક્ષાની શક્તિ પુષ્કળ પ્રમાણમાં ગ્રહણ કરીને આપણા શરીરના સૂક્ષ્મકોષો તથા વિદ્યુતવલયને (bio–electrical vibration) વધુ વેગવાન બનાવીએ છીએ, જેને પરિણામે આપણા શરીરની થાઈરોઈડ જેવી ગ્રંથિઓને પણ ખૂબ નુકશાન થાય છે. એને બદલે બીજાના ગુણ ગ્રહણ કરવાથી ઉપરોકત ગ્રંથિઓ તથા શરીરના સૂક્ષ્મ કોષો વધુ જીવંત, સક્રિય અને શુદ્ધ બને છે.

એ જ રીતે પોતાના ગુન્હા, ભૂલો કે પાપનો એકરાર કરી તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવાથી વ્યક્તિને તેનાં મન ને શરીરમાં વ્યાપેલી નકારાત્મકતાથી સત્વરે મુક્તિ મળે છે.

# ૧૩૪

ઈંગ્લન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન બેંજામિન ડિઝરેલીએ એક વિચારપ્રેરક કથન આપ્યું છે We must learn to unlearn. આ નાનકડા વાક્યમાં અત્યંત ગૂઢજ્ઞાન સમાયેલું છે. કોઈ પણ માર્ગે આગળ વધવા માટે સતત નવું શીખતા રહેવું અતિ આવશ્યક છે, અને સાથે સાથે આગળ શીખેલામાં જે બિનજરૂરી અને આવરણરૂપ લાગે તે ભુલવું પણ એટલું જરૂરી છે.

આપણા જીવનપ્રાણ અબજીબાપાશ્રી એમ કહેતા કે, પોતાને સમજાય નહિ ને બીજાનું મનાય નહિ તે જબરી ઘાટી છે, માટે આગળનું સમજેલું મૂકી દઈને મોટા કહે તેમ માનવું. તર્ક મૂકી દેવા ને જ્ઞાનમાર્ગમાં કોઈ આઘા લઈ જાય તો આઘા ચાલવું, પણ અહ્રે દ્વારિકા માનીને બેસી ના રહેવું.

કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મકલ્યાણના માર્ગે અનેક પડાવ આવે છે, તેમાંના કોઈ પણ પડાવ પર અટકી નથી રહેવાનું. ધ્યેય પ્રાપ્તિ માટે પોતાના comfort zone માંથી બહાર નીકળી સતત આગળ વધતા રહેવું અત્યંત જરૂરી છે.

# ૧૩૫

આજકાલ ગ્લોબલ વોર્મિંગની વાતો બહુ જોરશોરથી થઈ રહી છે. આજકાલ આવું પ્રદૂષણ આધ્યત્મિક જગતમાં પણ પ્રવર્તી રહ્યું છે. આપણા સંપ્રદાયની પરિભાષામાં એને સત્સંગમાં કુસંગ કહેવામાં આવે છે.

શ્રીજીમહારાજ ગ. પ્ર. ૧૭મા વચનામૃતમાં આ અંગે ખુલાસો કરતાં કહે છે આજકાલ વાત કરનારા હિંમત વિનાની વાત કરે છે, તે એમ વાત કરે છે કે ભગવાનનું વચન તેને કોણ યથાર્થ પાળી શકે છે? ને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે? માટે જેટલું પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ ઉદ્ધારણ છે, તે કલ્યાણ કરશે અને વળી એમ વાત કરે છે કે ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી. એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે તેને ધરાય છે. એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્ત ઈત્યાદિક જે ભગવાનની પ્રસન્નતાના સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે (demotivate કરે છે).

શ્રીહરિનો આ ઉપદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે, એટલો જ relevant છે. સત્સંગમાં આવા

demotivating વિચારો દ્વારા ખૂબ પ્રદુષણ ફેલાવવામાં આવી રહ્યું છે, માટે સુજ્ઞ સત્સંગીજનોએ ખૂબ સાવધાન રહેવાની જરૂર છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેંદ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેંદ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેંદ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ

શતાબ્દી મહોત્સવ

100

1922 - 2022

12 થી 16 ફેબ્રુઆરી, 2023

પ્રસિદ્ધિનો રાગ
ભગવાન તરફ લઈ જવા દે નહિ.
એ જન્મ-મરણ કરાવે છે માટે એ કાઢવો.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com